# બીજી થોડીક

—સુરેશ જોષી

ચેતન પ્રકાશન ગૃહ (પ્રાઈવેટ) લિ. વડોદરા

# બીજી થોડીક

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – કથાસાહિત્ય : ટૂંકી વાર્તા

સુરેશ જોષી

બીજી થોડીક Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.


# Contents


| | |
|---|---|
| આવરણ | vi |
| ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ | viii |
| સર્જક-પરિચય | 1 |
| બીજી થોડીક | iii |
| રમણીય રૂપસૃષ્ટિ | iv |
| તને – | v |
| – | vi |
| કુરુક્ષેત્ર | *7* |
| કૂર્માવતાર | 13 |
| વરાહાવતાર | 17 |
| વામનાવતાર | 24 |
| નરવાનરકથા | 28 |
| અજાતકકથા | 34 |
| બે ચુમ્બનો | 39 |

| | |
|---|---|
| લોહનગર | 46 |
| ઢીંગલી, કુસુમ, પદ્મિની, સુએઝ... | 51 |
| રૌરવ | 55 |
| ઉપેક્ષિતા | 60 |
| વસ્ત્રાહરણ | 65 |
| થીગડું | 68 |
| – | 76 |

# આવરણ

## આવરણ



# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનાન્તિકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# બીજી થોડીક

મારી દૃષ્ટિએ વાત કરીએ તો મારા વાર્તાલેખનના અમુક ભાગ કે તબક્કા પડી જાય છે. પહેલાં જો મેં કહ્યું હોત તો કદાચ બીજાને સ્પષ્ટ ન દેખાય પણ આજે દસ વર્ષે – આટલે સુધી આવ્યા પછી – કોઈને આંગળી ચીંધીને બતાવી શકાય કે આ તબક્કામાં હું આ પ્રમાણે પ્રયત્ન કરતો હતો. એક વાર્તામાં નિરૂપણની દૃષ્ટિએ આટલે સુધી આવીને છોડી દીધું. બીજી વાર્તામાં ત્યાંથી આગળ કે સહેજ ફંટાઈને....એ રીતે મારી બાબતમાં ચાલતું હોય છે. આમાં હજી સુધી ‘આ થઈ ચૂક્યું’ ‘આ final થઈ ગયું’ એવું મને સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે લાગતું નથી.

**સુરેશ જોષી**

*

You should only sit down to write when you feel as cold as ice.

– Chekhov

# રમણીય રૂપસૃષ્ટિ

આપણે ત્યાં બીબાંઢાળ બની ગયેલા ઘાટોમાં લગભગ સરકી ગયેલી, અને એ રીતે પોતાનું વ્યક્તિત્વ લગભગ ગુમાવવા આવેલી, હમણાં હમણાં લખાતી મોટા ભાગની વાર્તાઓથી પોતાની નવીન શૈલી, નવીન આયોજનપદ્ધતિ, નવા જ આકાર અને નવીન ઉપમાઅલંકાર-પ્રતીકાદિથી સ્પષ્ટ રીતે જુદી પડી આવતી આ વાર્તાઓ ટૂંકી વાર્તાના સાહિત્યના રૂપરંગમાં રસિક અભ્યાસીને જોઈતું આકર્ષણ પૂરું પાડે તેમ છે; અને એ સાહિત્યના અંતસ્તત્ત્વના મર્મગામી વિવેચકને પણ નિરાશ કરે તેમ નથી.

એટલું જ નહિ પણ ટૂંકી વાર્તામાં જે અનંત શક્યતાઓ સમાયેલી છે તેમાંની થોડી શક્યતાઓ તરફ એ આપણને બળપૂર્વક દોરી લઈ જાય છે, એ એનું વિશિષ્ટ અર્પણ છે.

લેખકનું બહુશ્રુતત્વ, તેમની કવિત્વમય ભાષાશૈલી, ઊંડી નજરે જોવાની અને વસ્તુના ઊંડાણમાંથી તેનો તાગ મેળવવાની તેમની કુદરતી બક્ષિસ વગેરે સમર્થ ગુણો આ પ્રયોગોને માત્ર પ્રયોગો ન રહેવા દેતાં, તેમના સામર્થ્ય દ્વારા અનેક શક્યતાઓભર્યા નવા પ્રસ્થાનના પહેલા પગલાં તરીકે તેમને અત્યંત આકર્ષક બનાવે છે. અને એમાં શ્રી.જોષીનું જ માત્ર નહિ, પણ આપણી ટૂંકી વાર્તાના સાહિત્ય-પ્રકારનું પણ શ્રેય જ સમાયેલું છે.

**'ગૃહપ્રવેશ'ના આમુખમાંથી- ગુલાબદાસ બ્રોકર**

# તને –

આજિ એ હૃદયે સર્વ ભાવનાર નિચે

તોમાર આમાર વાણી એકત્રે મિલિ છે.

But it is my task – I was going to say my mission – to shatter the faith of the one, of the other, and of the third, the faith in affirmation, the faith in negation and the faith in abstention, and to do this out of faith in faith itself. It is my task to fight against all those who resign themselves... It ismy task to make all live in unquite and longing.

**– Unamuno**

The books we need are of the kind that act upon us like a misfortune that make us suffer like the death of someone we love more than ourselves, that make us feel as though we were on the verge of suicide, or lost in a forest remote from all human habitation – a book should serve as the axe for the frozen sea within us.

**– Kafka**

# કુરુક્ષેત્ર

રાતે બે વાગે મેં ઘરમાં પગ મૂક્યો. ઘરની અંદરના અંધારામાં આંખમાં ભરાઈ ગયેલી શેરીના વીજળીના દીવાના પ્રકાશની કણી ખૂંચવા લાગી. ઘરમાં એક ખૂણે ઝીણી કરીને મૂકેલી ફાનસની જ્યોતને મેં જરા મોટી કરી. એના તૂટી ગયેલા કાચમાંથી પવન અંદર દાખલ થતાં એની જ્યોત થરકવા લાગી. એના થરકવાની સાથે બધી વસ્તુઓના પડછાયા પણ હાલવા લાગ્યા; ને મને લાગ્યું કે આખું ઘર તોફાનમાં ફસાયેલા વહાણની જેમ ડોલમડોલ થઈ રહ્યું છે. હું માથા પરની વળગણીને ઝાલી સહેજ ઊભો રહી ગયો. શહેરની શેરીઓમાં ભટકીને શ્વાસ સાથે અંદર લીધેલો અન્ધકાર ધીમે ધીમે ભારે બનીને શરીરમાં ક્યાંક તળિયે બેસવા લાગ્યો. એના ભારથી મારા પગ સહેજ સહેજ લથડ્યા. એકાદ સિગારેટ ફૂંકવાનું મન થયું, પણ એકેય બચી નહોતી. પથારી પાસેના ભરી રાખેલા પાણીના લોટામાંથી પાણી પીધું. પથારીની કોર પર બેસીને મેં આજુબાજુ નજર કરી. આગલા ઓરડાનાં બારણાંની નજીક ડોસા માથે મોંએ ધોતિયું ઓઢીને સૂતા હતા – સીધા સપાટ, જાણે હવે ઠાઠડી પર સુવડાવવાનું બાકી રહ્યું ન હોય! એમની જિંદગીનાં વાંકાંચૂકાં પાંસઠ વરસોને મહામુશ્કેલીએ ચેહનાં લાકડાંની જેમ ખડકીને એની ઉપર એઓ જાણે આરામથી પોઢ્યા હતા. રાંધણીના ભેજની દુર્ગન્ધ વચ્ચે બા અને ભાભી સૂતાં હતાં. આજે મોટાભાઈને ‘નાઇટ’ હતી, એટલે વચલા ઓરડામાં ગૃહસ્થાશ્રમ અમારે ભોગવવાનો હતો. ઊંઘના દુ:શાસને ભાભીનાં વસ્ત્ર અસ્તવ્યસ્ત કરી નાંખ્યાં હતાં. બાના દાંત વગરના મોંની પોલી દાબડી એની બજરની દાબડીની જેમ અધી ખુલ્લી રહી ગઈ હતી. ને પથારીમાં મારી બાજુમાં મારી પત્ની સૂતી હતી – ‘પત્ની’ શબ્દનોય ભાર ન વેઠી શકે એટલી નાની. એને ઓશીકે ‘સોમવારના વ્રતની વારતા’ની

ચોપડી હતી. એનાં મોં અને આંખ અધખુલ્લાં હતાં ને એ સાવ ચત્તી સૂતી હતી. એ મરી જશે ત્યારે એનો ચહેરો એવો જ લાગશે, ને મારે એનાં મોંઆંખ બંધ કરવાં પડશે એવો વિચાર, કોણ જાણે શાથી, મારા મનમાં આવ્યો.

બહારથી જે ઠંડી લાવ્યો હતો તે ધીમે ધીમે આજુબાજુની ગરમીમાં શોષાઈ ગઈ, ને હું ફાનસ ઝીણું કરીને પથારીમાં પડ્યો. પાસે સૂતેલી નારીના અબુધ ચહેરા પરની બાઘાઈ જોઈને મને હસવું આવ્યું. અણજાણપણે એ કેટલા મોટા સાહસનું બીડું ઝડપી ચૂકી હતી! પળેપળે હજાર રીતે હજારો ખણ્ડોમાં છિન્નભિન્ન થઈને રઝળનારા મને એ ફરી એના નાના શા ગર્ભાશયમાં એકત્ર કરીને અવતારવા ઇચ્છતી હતી! કેવી અસાવધ એ સૂતી હતી! સોમવારના વ્રતનો આધાર પામીને એ નિશ્ચિન્ત હતી.

પાટલા ઘોની જીભની જેમ દીવાની ઝાંખી જ્યોત ફરક્યા કરતી હતી. થોડી વાર પછી હિંમત કરીને ઉંદરોએ એમની પ્રવૃત્તિ શરૂ કરી. મેં આંખો બીડી. દિવસ દરમિયાન જોયેલાં અનેક દૃશ્યોના ટુકડા આમથી તેમ, ધરી વગરના ગ્રહની જેમ, અથડાવા લાગ્યા. દિવસ દરમિયાન સાંભળેલા અનેક અવાજો પણ આછા આછા સંભળાવા લાગ્યા. આ બધું મને વળગેલું જ રહે છે, ઊંઘમાંય એ બધું આજુબાજુ ચક્કર માર્યા કરે છે. પણ આજુબાજુ ચાલતી વાતો સાંભળતો હોઉં છું કે એમાં ભાગ લેતો હોઉં છું ત્યારેય મારું એમાં ધ્યાન નથી હોતું, મારું મન એનાથી દૂર નીકળી ચૂક્યું હોય છે. આથી કોઈ વાર જાણીકરીને કૃત્રિમ જુસ્સો લાવીને દલીલોની ઝડી શરૂ કરું છું. સહેજ સહેજમાં મરણિયા બનીને ઝૂઝવાની મને ટેવ પડી ગઈ છે, એક પ્યાલો પાણી પીવું હોય તોય!

ને તેથી જ તો મનુભાઈ માસ્તરની ચન્દ્રકાન્તાને આજે તમાચો મારી દીધો. હું ગોરીનાં ગીત લખું છું. એટલા ખાતર એ મારા પર વારી જાય છે. ફાગણ ને શ્રાવણ, રાધા ને શ્યામ – થોડા શબ્દો આમતેમ ગોઠવું છું. એની આડશે મારી થોડી ભૂખને પણ સંતાડીને ગોઠવી દઉં છું. ચન્દ્રકાન્તા એ ગીત ગાય છે ત્યારે સાંભળવું ગમે છે. પછી, મારી ટેવ મુજબ લાગણીને જરા વધારે પડતી ખેંચું છું. તેર વરસની ચન્દ્રકાન્તાની ચિબુક ઝાલીને કહી નાખંુ છું: ચન્દ્રા, તું આવું મીઠું ગાય તો તારી આગળ ગીતોનો ઢગલો વાળું – પારિજાત જેમ ફૂલોનો ઢગલો વાળે તેમ. ચન્દ્રકાન્તા આ આકસ્મિક પ્રણયોક્તિ સાંભળીને મૂઢ બનીને મારી સામે મોં વકાસીને જોઈ રહે છે. એની સખીઓ

નીચે ફેરફુદરડી ફરે છે, નાચે છે, કૂદે છે, ને ચન્દ્રકાન્તા મૂઢ જેવી અહીં બેસી રહી છે. એ એકાએક મારા ખોળામાં માથું મૂકીને એની આંખોને મારી સામે માંડે છે. કોણ જાણે કેમ, હું ત્રાસી ઊઠું છું. એની આ અકાળ પ્રેમચેષ્ટાથી મને જુગુપ્સાની લાગણી થાય છે. હું વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ ઊભો થઈ જાઉં છું, ચન્દ્રકાન્તા પડી જાય છે, ને પગને બાઝે છે. હું નીચો નમું છું – એના હાથની પકડમાં રહેલી લોલુપતા મને ઉશ્કેરે છે, ને હું એક તમાચો ખેંચી કાઢીને ચાલ્યો આવું છું.

આ ફાનસની આછી જ્યોત આંખનાં બંધ પોપચાં પર નાચ્યા કરે છે, ચન્દ્રકાન્તાના પેલા બે વિહ્વળ હાથની જેમ વળગ્યા કરે છે. મારાથી નથી રહેવાતું. હું એને બુઝાવી દઉં છું. બસ, હવે જો મોઢામાં સિગારેટ હોય તો મજા – એનો પલકારો અંધારામાં જોયા કરવો ગમે. પણ પથારીમાં લંબાવતાં પત્નીનો હાથ મારા પડખા નીચે દબાઈ જાય છે ને મને યાદ આવે છે: કેતકી મહેતા. 'હેવમોર'માં ચાના પ્યાલામાં ચા રેડતી હતી ત્યારે એનો ખુલ્લો પડેલો અધી હાથ કેવો કંપતો હતો! એના પરની આછી રુવાંટી, કોણીથી ઉપરના ભાગની મસૃણ માંસલતા – સહેજ જ શ્રમને કારણે કેવી રતાશ દોડી જતી હતી એના ચહેરા પર! હું ચાની ધારાને જોતો હતો, ફ્લોરેસન્ટ લાઇટના તેજમાં તરબોળ એ હાથને જોતો હતો, ચાની ઊની વરાળ સાથે ભળતી એની રેશમી સાડીમાંથી આવતી સુવાસને માણતો હતો, ને કંઈક બોલ્યે જતો હતો. ફરી એ હાથ એની સાડીમાં લપાઈ ગયો, ને હું અન્યમનસ્ક થઈ ગયો. કોઈ પણ સ્ત્રીને હું આખી જોઈ શકતો જ નથી. એ સ્ત્રીનું વ્યક્તિત્વ અંગના કોઈ એક ભાગમાં આવીને વસે છે એમ હું માનું છું, ને મને એની એવી પરખ છે કે સ્ત્રીને જોતાંની સાથે જ મને એ અંગની પણ ખબર પડી જાય છે. કોઈ પગ હલાવે છે, કોઈ વિના કારણે ફરી ફરીને ડોક વાંકી કરીને પાછળ જુએ છે, કોઈ રહી રહીને વાળમાં આંગળી પરોવે છે, કોઈના હોઠ ફરકે છે, બસ પછી એ સિવાય એ સ્ત્રીમાં હું કશું જોતો નથી. પણ મારી પત્ની ઊંઘમાં એના પતિના સ્પર્શને માણી શકતી નથી; એ નાના, મા વગરના, બાળકની જેમ કંઈક અસ્પષ્ટ બબડે છે, ને ફરી પડખું બદલીને ઘસઘસાટ ઊંઘવા માંડે છે. વરને વશમાં રાખવાની એની અનુભવી બહેનપણીઓએ આપેલી, બધી સલાહ આ ઊંઘને કારણે નકામી જાય છે, ને એ કિશોરવયની સૃષ્ટિનાં સ્વપ્નોમાં વિહાર કરતી પડી રહે છે. અંધારામાં એના શરીરની રેખાઓનો આછો આભાસ જ દેખાય છે; ને આમેય તે અંધારામાં જ મારી કલ્પના વધુ

સતેજ બને છે. રીટાનો છટાથી વાળેલો 'પોની ટેઇલ' અંબોડો, રેખાનો વાર્તાલાપ – વાત કરતાં કરતાં અટકી જઈને આંખ પટપટાવીને ફરી વાતનો દોર સાંધવાની એની રીત, એનો અવાજ – હું એની વાત સાંભળું છું તે એના અવાજને ખાતર, એની વાતમાંથી હું કશો અર્થ કાઢતો નથી. પણ એનો અવાજ – મધુર કહેવાય એવો નથી, છતાં ખૂબ ગમે છે. એ અવાજ એક વાતાવરણ રચે છે. એ અવાજ સાંભળતાં એમ લાગે છે કે જાણે એણે આપણી આજુબાજુ એક અર્ધ-પારદર્શી પરદો પાડી દીધો છે. એ અવાજનો સ્વાદ પણ છે – પીચના જેવો, મીઠાશ ખરી, પણ એમાં માફકસરની કડવાશ પણ ભળેલી. એટલે વધારે ભાવે. હું એ રેખાનો અવાજ, મીનળની સહેજ સહેજમાં વંકાતી ભ્રમર; શીલુની, પવનમાં ડોલતી વૃક્ષની શાખાની જેમ શરીરને વિના કારણે છટાથી હલાવ્યા કરવાની, ટેવ – અંધારામાં આ બધા ટુકડા હું એકઠા કરતો ગયો. એ બધાંમાંથી અન્ધકારના ગર્ભમાં હું એક નવી નારીમૂતિર્ રચવા લાગ્યો. મારી પાસેના નારીદેહની રેખાકૃતિમાં એ બધા ટુકડા ગોઠવીને સાંધવાનું મન થાય છે. બંધ કરેલી આંખોને છંછેડાયેલી ઊંઘ બાળે છે, શિરાઓમાં લોહીના ધબકારા ધીમા પાડે છે; ને મારી પાસેના શરીરમાંના હૃદયના થડકારા સંભળાય છે. હમણાં જ પથ્થર જડેલી પોળના સૂનકારને મારાં પગલાંએ એવા જ થડકારથી ઢંઢોળી મૂક્યો હતો! અવાજ પણ કોઈક વાર ખરો પીછો પકડે છે! છંછેડાયેલી ભમરીની જેમ એ ચારે બાજુ ગણગણ્યા કરે છે.

ઊંઘના ભારથી લદાયેલા મારી પત્નીના દેહને મેં અનુકૂળ રીતે ફેરવ્યો. એનો એક પગ ઊંઘમાં અધીો વાળેલી દશામાં ઊંચો જ રહી ગયો. એ થોડી વાર એ સ્થિતિમાં રહીને મારી તરફ પડવા લાગ્યો, આખરે એક આંચકા સાથે એ મારી ઉપર આવી પડ્યો. મેં મનમાં એકઠા કરી રાખેલા પેલા ટુકડા ફરી તપાસી જોયા – શીલુનો પવનમાં ઝૂલતી વૃક્ષની શાખાની જેમ વિના કારણે ઝૂલતો દેહ – પણ એ પગ દ્વારા એ દેહના પરનો ઊંઘનો ભાર મારા પર ઠલવાવા લાગ્યો. છતાં પરવશ બનીને હું એ વધારે ને વધારે ભારે બનતા જતા પગ નીચે પડી રહ્યો. ત્યાં ડોસા ખોંખારો ખાઈને બેઠા થયા. આગલું બારણું ખોલીને બહાર ગયા, બહારની હવા અંદર આવી, બારણામાંના શેરીના દીવાનો પ્રકાશ પણ લપાતો લપાતો અંદર આવ્યો, ને મેં મારી ઉપરના પગને ખસેડવાની હિંમત કરી નાખી.

ફરી બારણું વસાયું, બહાર નાસી છૂટવા ઇચ્છતી ઘરની બંધિયાર હવા માથું પટકીને અંદર પછડાઈ. ફરી અંદરની ગરમી વધવા લાગી. એ ગરમ હવાની સાથે પાસેના માથામાંની ધૂપેલની વાસ ભળતાં મારો શ્વાસ રુંધાવા લાગ્યો. આમ એકલે હાથે અનેક રિપુઓની સામે ઝૂઝતા પુરાણકાળના મહારથીની જેમ હું પથારીમાં પડ્યો પડ્યો ઝૂઝવા લાગ્યો, ને એ ઝૂઝવાના ઝોકમાં જ મેં પાસે પડેલા પત્નીના દેહને ઢંઢોળ્યો. એ ફરી કશુંક બબડી: હેં હેં, કોણ? મેં ધીમે અવાજે કહ્યું: એ તો હું, ને એ સફાળી બેઠી થઈ ગઈ. મેં પૂછ્યું: શું કરે છે? એણે કહ્યું: તમારે માટે દૂધ ઢાંકી રાખ્યું છે તે લઈ આવું. મેં કહ્યું: રહેવા દે, મારે નથી પીવું. એ કાંઈક બોલતી જતી હતી ત્યાં મેં ઓચિંતાનો એના હાથને આંચકો આપીને એને પાસે ખેંચી લીધી. અંધારામાં મારા મુખ પરનો ત્રાસનો ભાવ તો એને દેખાયો નહીં, એટલે એ ભોળીને મન તો આ પ્રણયક્રીડા જ લાગી. એ મારી પાસે સરીને અસહાય શિશુની જેમ લપાવા લાગી. એના પાસે આવવાની સાથે ઉત્તાપની માત્રા વધતી ચાલી, મારો શ્વાસ રુંધાતો ચાલ્યો. બહારની શેરીમાં દોડી જવાનું મન થયું, પણ હવે પેલા બે હાથ મારી આજુબાજુ વીંટળાઈ વળ્યા હતા – ગામને પાદરે ઝાડની ડાળીએ હીંચકો લેતા, કૂવેથી પાણી ખેંચતા, વાડામાં છાણાં થાપતા એ બે હાથ. ત્યાં પડોશના દામુ ડોસાને ઊધરસનો હુમલો આવ્યો, એમણે કફનો ગળફો કાઢ્યો, કોગળા કર્યા, 'હે પ્રભુ', ચાર વાર બોલ્યા, ને વળી શાન્તિ સ્થપાઈ.

એ અન્ધકાર ને એ નિસ્તબ્ધતા – એને તળિયે ધબકતા બે જીવ. અમે બંને કંઈક સરજવા મથતા હતા. તૂટેલાફૂટેલા સંસારના ટુકડામાંથી હું કાંઈક સાંધીસુધી રચવા મથતો હતો. પણ સૃષ્ટિ અન્ધકારના ગર્ભમાં રચાય છે. માતાના ગર્ભાશયના અન્ધકારમાં શિશુ પોષાય છે. મારી પાસે એટલો અન્ધકાર નહોતો. એથી તો હું રખડી રખડીને અન્ધકારને તાગતો હતો ને મારી પાસેની આ નારી – મારા છિન્નભિન્ન અંશોમાંથી અર્ક સારવી લઈને ગર્ભમાં એનો ઘાટ કંડારવા મથતી હતી. માતાના ગર્ભાશયમાં અન્ધકારની ખોટ નથી, જન્મોજન્મથી એ ચાલ્યો આવે છે. હું ધૂંધવાયો. એવા ધારદાર ટુકડાઓ એને આપું કે જે ગર્ભના અન્ધકારમાંય ન સંધાય, એના શરીરની શિરાશિરાને છિન્નભિન્ન કરે – એવા ઝનૂનથી મેં મારા શરીરને એની તરફ હડસેલ્યું – આ ઘરનું મૌન, આ ઘરનો સન્તાપ, આ ઘરમાં ટુકડાની જેમ વેરાયેલા જીવ – એ બધાંની યાદ સાથે મેં મારા શરીરને એને સોંપ્યું. બા પાણી પીવા ઊભાં થયાં. મારી પત્નીના બે હાથ મારે બરડે

જળોની જેમ ચોંટી પડ્યા. અમારી બેની વચ્ચે દબાઈકચડાઈને ગરમી વધારે અસહ્ય બની. એ ગરમી શરીરમાં બધે રેલાવા લાગી – લાવાની જેમ. આંખો વધુ બળવા લાગી. ચોમાસામાં નીકળી આવતા હજાર પગવાળા જીવડાની જેમ મારું શરીર હજાર હજાર પગે ચાલવા માંડ્યું. એકાએક જાણે કોઈએ ઊંઘના ધસ્યા આવતા પૂર સામે બાંધેલો બંધ તોડી નાંખ્યો, હું ફસડાઈને ઢળી પડ્યો.

એ તન્દ્રાવસ્થામાં મારા મન સામે એક ચિત્ર ખડું થઈ ગયું. વિશાળ રણક્ષેત્ર પર પડેલાં શરીરોના ઢગલા વચ્ચે હું પડ્યો છું. હું આખો નથી. એક હાથ અહીં છે, બીજો ક્યાંક દૂર, માથું ક્યાંક દૂર ગબડી ગયું છે. ત્યાં મશાલ સળગાવીને મારી પત્ની મને શોધતી શોધતી મારી પાસે આવી ચઢે છે. એ મારાં અંગો ભેગાં કરે છે. એની સેંથીએ સિંદૂર છે, એના હાથે કંકુ. એ પોતાને હાથે ચિતા પ્રકટાવે છે ને મને ખોળામાં લઈને એમાં પ્રવેશે છે. દઝાડતી ઝાળ અમને લપેટી લે છે, હું દાઝ્યા જ કરું છું. આખરે ન સહેવાવાથી આંખો ખોલી નાખું છું. બહાર તડકો છે, એના થોડા તીક્ષ્ણ ટુકડા મારી આંખ પર વિખરાયા છે. હું બેઠો થાઉં છું. આંખ હજુ બળે છે. ઊભો થઈને રસોડામાં જાઉં છું: મારે માટે ઢાંકી રાખેલી ચા ગરમ કરીને બા મને આપે છે. એમાં ધુમાડાનો સ્વાદ છે. અમૃતની જેમ એને પીતો હું બેઠો રહું છું ને વાડામાં ચૂલામાંની રાખના ઢગલા પર વિખરાયેલા તડકાના રઝળતા ટુકડાને જોઉં છું ને એકાએક કવિતાની પંક્તિ સ્ફુરે છે: કુરુક્ષેત્ર પર ઓગણીસમા દિવસનું પ્રભાત ઊગ્યું છે. સૌભાગ્યવતીના ખણ્ડિત કંકણના જેવો પ્રકાશ વેરાયો છે, સહમરણની વધૂના હાથમાંથી ખરતા કંકુની જેમ એ પૂર્વ ક્ષિતિજની હથેળીમાંથી ખર્યે જાય છે.... બહાર અભ્યાસ કરવા બેઠેલા નાના ભાઈના આંક બોલવાના અવાજ સાથે મારી કાવ્યની પંક્તિઓ ગૂંચવાઈ જાય છે, હું લંગડા બાળકને દોરતો હોઉં તેમ આજુબાજુના વધતા જતા અવાજ વચ્ચે થઈને મારી નાનકડી ચાલવા ન શીખેલી કવિતાને બહાર લઈ જાઉં છું. બહારના પ્રખર તડકામાં એની આંખ ખૂલતી નથી. બીડેલી આંખવાળી એ કવિતાને ચિત્તમાં ક્યાંક સંગોપીને ફરી રાત્રિના સૂમસામ અન્ધકારની રાહ જોઉં છું. એ અન્ધકારમાં મારી કવિતા આંખો ખોલશે એના ઉત્સાહથી દિવસના બીજા છેડા સુધી પહોંચી જવાની હું હામ ભીડું છું.

# કૂર્માવતાર

લાભશંકરની આંખો ખૂલી ગઈ, ને એમણે જોયું તો આંખો ખોલતાં દરરોજ સવારે સામેની બારી પર જે તડકો પડેલો હંમેશાં દેખાતો તે દેખાયો નહીં. એમની આજુબાજુ કેવળ ઘેરી ભૂરાશવાળો અવકાશ જ દેખાયો. થોડી વાર એઓ આ ઘેરી ભૂરાશમાં પડી રહ્યા. પછી એમને એકાએક વિચાર આવ્યો: ક્યાંય કશો અવાજ કેમ સંભળાતો નથી? ને એમણે કાન સરવા કર્યાં. પણ ક્યાંય સહેજ સરખો અવાજ નહોતો. નહીં તો ચીબરી ને તમરાંનો અવાજ તો સંભળાતો જ. પછી એમને થયું: લાવ, મારા હૃદયના ધબકારા સંભળાય છે કે નહીં તે જોઉં. પણ એમને કશું સંભળાયું નહીં. તો શું મારા કાન કામ નથી કરતા? કે પછી મારું હૃદય ધબકતું બંધ થઈ ગયું છે? હૃદય બંધ... એઓ એકદમ ચોંક્યા. પછી વળી વિચાર આવ્યો: ના, એ તો કેમ બને? મને હમણાં જ ભયની લાગણી તો થઈ. તો થયું છે શું? ને ફરી એમણે આજુબાજુ નજર કરી તો એનો એ ભૂરો અવકાશ દેખાયો. પણ આ વખતે એમને પ્રશ્ન થયો. હું આ ઘેરા ભૂરા રંગને જોઉં છું ખરો? કે પછી આ ઘેરો ભૂરો રંગ તે દૃષ્ટિનો અભાવ જ છે? આ પ્રશ્ને એમને બહુ વ્યગ્ર કરી મૂક્યા. પછી એમને થયું: લાવ, હર્ષદને જગાડું. ને એઓ બૂમ પાડવા ગયા. એમને લાગ્યું કે એઓ 'હર્ષદ' એમ બોલ્યા પણ ખરા, પણ કશો અવાજ સંભળાયો નહીં. માત્ર પેલા ભૂરા અવકાશમાં થોડા પરપોટા થયા. પરપોટા? તો હું ક્યાંક તળિયે જઈને તો બેઠો નથી? શાને તળિયે? ને રખેને ડૂબી જવાશે એ બીકે એમણે તરવાનો પ્રયત્ન કર્યો. ત્યાં વળી આશ્ચર્ય થયું: એમને લાગ્યું કે એમને અંગો જ નથી! તો પછી... ને એઓ આગળ જઈ ન શક્યા. તો શું આ... આ... મૃત્યુ હશે? મૃત્યુ? પછી થયું: પણ મને વિચારો તો આવે છે. તો શું વિચારો મૃત્યુ પછીય અટકતા નહીં હોય? ના, ના, મૃત્યુ શાનું? ને એમણે

વિચારોની મદદથી જ જીવતા થવાનો પ્રયત્ન કર્યો: ચાલો, પહેલાં શાનો વિચાર કરું? આ પ્રશ્ન જ અવકાશમાં તાકેલા તીરની જેમ પેલી ઘેરી ભૂરાશમાં ઘૂમરી ખાઈ રહ્યો. પછી થયું: લાવ ને, હું મારો જ વિચાર કરું, હું – હું લાભશંકર, કપાળમાં ત્રિપુણ્ડ, માથે તાલ, પગમાં પાવડી, ધોતિયાની ઓટીમાં તપખીરની દાબડી... બધું સંભારી સંભારીને એમણે એકઠું કરવા માંડ્યું. પણ એકને પકડીને લાવે, ને બીજું પકડીને એની જોડે સાંધવા જાય ત્યાં પેલો ઘેરો ભૂરો અવકાશ એને ગળી જાય. આમ લાભશંકરે પોતાને એકઠા કરવાનો બહુ પ્રયત્ન કર્યો, પણ પ્રયત્નને અન્તે એમને લાગ્યું કે એઓ વધારે ને વધારે ખોવાતા ગયા. તપખીરની દાબડી દેખાય, તરત ઊઘડી જાય, તેની અંદર બીજી દાબડી દેખાય, ને ઊઘડી જાય, તેની અંદર ત્રીજી દાબડી, ... એમ ચાલ્યા જ કરે. ત્રિપુણ્ડનું પણ એવું જ. પણ હજુ નિરાશ થવા જેવું નહોતું, કારણ કે એમને વિચારો આવતા હતા, ને એ વિચારો પોતાના હતા, પોતાને વિશે હતા એવું ભાન હજુ ટકી રહ્યું હતું. પણ એ ભાનના પર વધારે ભાર મૂકતાં કદાચ એય તૂટી પડે તો? હવે પ્રશ્નોના જવાબ જડતા નહોતા, પ્રશ્નોના છેડા જ કેવળ ઘેરી ભૂરાશને વીંટળાતા જતા હતા. વળી એઓ વિચારે ચઢ્યા: પેલો કુશળરામ, પેલી સવિતા, પેલો નન્દશંકર... જેટલાં નામો એમને યાદ આવે તેટલાં યાદ કરતા ગયા. પણ એનું શું? કુશળરામ... બસ, એ કુશળરામની સાથે કશું જોડી શકાતું નથી. કુશળરામ એકલા છે, સવિતા એકલી છે, નન્દશંકર એકલા છે. એમને એક વિચિત્ર લાગણી થઈ: એક સાથે જાણે વિભક્તિના બધા પ્રત્યયોનો લોપ થયો. કોઈને કોઈ જોડે સમ્બન્ધ નથી, કોઈ કોઈમાં નથી, કોઈ કશું કરતું નથી, કોઈ કોઈને સમ્બોધતું નથી. કોઈ કોઈને કશું આપતું નથી. કુશળરામ...કુશળરામ પેલા ઘેરા ભૂરા અવકાશમાં ઘૂમે છે, ઘૂમવાની ગતિ વધતી જાય છે એટલે ધીમે ધીમે ચહેરો ભુંસાવા લાગે છે. પછી માત્ર એક પરપોટો જ રહી જાય છે. આમ કુશળરામ, સવિતા, નન્દશંકર – બધા પરપોટા થયા ને શમી ગયા. વળી લાભશંકર પાછા હઠ્યા. એમને થયું: મને ભય થાય છે, તો હર્ષ થાય છે? દ્વેષ થાય છે? રાગ થાય છે? ને એમણે યાદ કરવા માંડ્યું. તિરસ્કાર... પણ એ ધ્વનિ વિનાનો શબ્દ જ રહ્યો. એને કશું આલમ્બન મળ્યું નહીં – એ અવકાશમાં વીંઝાઈને ઘેરી ભૂરાશમાં લોપ પામ્યો. ને એકાએક લાભશંકરને થયું: આમ તો બધું મારામાંથી નીકળીને આ અવકાશમાં ખોવાઈ જાય છે. હું ખાલી થતો જાઉં છું .... ને એમણે જોડ્યું: 'હું' મટતો જાઉં છું. આ 'હું' ને ટકાવી રાખવાની ઇચ્છા છે ત્યાં સુધી ભયની લાગણી રહેશે; કદાચ ભયની લાગણી જ છેવટ સુધી સાથ આપશે!

'છેવટ' આગળ એઓ ફરી અટક્યા. 'છેવટ' ક્યાં? છેવટ તો આ 'હું' માં જ છે, એની બહાર ગયા કે ખલાસ... પછી કશાંનું છેવટ નહીં ને એમને ફરી ભયની લાગણી થઈ. પછી એમને એકાએક સૂઝ્યું: 'હું' છું એની પ્રતીતિ માટે ભયની લાગણી થવી જોઈએ, એ ભયની લાગણી ઉદ્‌ભવે તે માટે 'હું'ને જોખમમાં મૂકવો જોઈએ; એટલે કે 'હું' ને ખોવાની પરિસ્થિતિ ઉદ્‌ભવવી જોઈએ. એવી દરેક પરિસ્થિતિમાં 'હું' ભાંગતો જ જશે, ભાંગતો જ જશે, ને આખરે? આખર જ રહેશે નહીં! કેવળ ભયથી જેનો પિણ્ડ બંધાયો છે એવો આ 'હું' સર્વથી અસમ્બદ્ધ સ્વયંકેન્દ્રિત ભૂરા અવકાશમાં તરી રહ્યો – ધીમે ધીમે ભાંગતો, ઘસાતો એ તરી રહ્યો.

લાભશંકરની પડોશના ઘરમાં સાસુવહુનો ઝઘડો જામ્યો. અપશબ્દોની વૃષ્ટિ વરસી. આખરે વરે વહુને ટીપી નાખી. વહુનો કર્કશ ચિત્કાર વાંકીચૂંકી ગલીને ખાંચે ખાંચે અથડાતો ટીચાતો બધે ફરી વળ્યો. પાસેના જાહેર નળ આગળ એવી જ બીજી જાદવાસ્થળી જામી, ઘડા ફૂટ્યા ને માથાં ફૂટ્યાં; લાભશંકરનાં વહુ પાર્વતી ડોશીને વાયુના ઓડકાર શરૂ થયા; સવારના સાત થતાં જ હર્ષદે સિલોન રેડિયો શરૂ કર્યો. આ બધા અવાજો ભેગા થઈને પેલા ઘેરા ભૂરા અવકાશને ભેદવા લાગ્યા. પાર્વતી ડોશીએ રસોડામાં બેઠા બેઠા બૂમ પાડી: હર્ષદ, તારા બાપાને જગાડ તો, જો તો કેમ ઊઠ્યા નથી? લાભશંકરે જોયું તો પેલો ભૂરો અવકાશ મોટા કાચબાના જેવો દેખાયો. એણે સંકોચી લીધેલાં બધાં અંગો એ બહાર કાઢવા લાગ્યો ... રસોડાનો ધુમાડો લાભશંકરને ગૂંગળાવવા લાગ્યો. હજુ આંખ ખોલવાની એમની હિંમત ચાલતી નહોતી. એમણે કાન સરવા કર્યાં, ને પોતાના હૃદયના ધબકારા સાંભળ્યા. પછી ધીમે રહીને આંખો ખોલી. બારીનો આખો કાચ તડકો પડતાં જાણે સળગી ઊઠ્યો હતો. લાભશંકર બેઠા થયા, ધોતિયાની ઓટીમાંથી તપખીરની દાબડી કાઢી, તપખીરનો એક સડાકો લીધો, પગમાં પાવડી પહેરીને ઊભા થયા. ઓટલા પર ખૂણામાં બેસી રહેલા કૂતરાને લાકડીથી માર્યું, કૂતરું કરુણ ફરિયાદ કરતું ચાલી ગયું. લાભશંકર અંદર આવ્યા. રસોડામાં જઈને બેઠા, દાંતે તપખીર ઘસવા લાગ્યા, પછી કોગળા કર્યા, હાથ ધોયા. પછી ચા પીધી. વાસી ચા પીવા આપી તેથી પાર્વતી ડોશી પર તડૂક્યા. વળી પાવડી પટાક પટાક કરતા ઓટલે આવી બેઠા. પાનની ચમચી કાઢી. સામેના ઓટલેથી કુશળરામે એમને બોલાવ્યા. પાન ગાલના ગલોફામાં બરાબર ગોઠવીને હાથમાં તમાકુ ને ચૂનો ભેળવી એઓ સામે ઓટલે

ગયા. સિફતથી ચૂનોતમાકુ મોઢામાં ગોઠવ્યાં ને કુશળરામ સાથે ગપાટે ચઢ્યા. ત્યાં એમનો હાથ અચાનક પગની ઘુંટી આગળના ખરજવા આગળ ગયો. ચળ આવતી નહોતી તોય એને સહેજ ખણ્યું. ભારે મજા પડી: ગપાટા પણ ઠીક જામ્યા. ચળ વધતી ગઈ, ને લાભશંકર ખરજવું ખણ્યે ગયા.

# વરાહાવતાર

મારી તો જરાય ઇચ્છા નહોતી. પાંચ માણસ વચ્ચે બેસીને, જુદી જુદી પ્રકૃતિના માણસોને એક સાથે ખુશ કરીને, વાહવાહ મેળવી શકાય એવી રીતે વાત કરવાની કળા મને સિદ્ધ થઈ નથી. કોઈ વાર કલાકના કલાક કશું બોલ્યા વગર બેસી રહેવાનું જ મને ગમે છે. માણસ નામના પ્રાણીમાં મને રસ છે ખરો, પણ હું એને જરા છેટેથી જોવાનું જ પસંદ કરું છું. ખેર, કહું છું ને કે અતુલના આગ્રહ આગળ મારું કશું ચાલ્યું નહીં, ને આખરે સાંજને વખતે, અધૂરી વાંચેલી નવલકથાનાં નાયકનાયિકાને એકલાં મૂકીને, મારે ભદ્ર સમાજની એક મહેફિલમાં સામેલ થવું પડ્યું.

અમારો અતુલ એક અજબ આદમી છે! એની સાથે તમે કશેક જવા નીકળ્યા હો તો એને રસ્તામાં એટલાં બધાં પરિચિતો મળે કે તમારું ગન્તવ્ય સ્થાન દરેક ડગલે નજીક આવવાને બદલે દૂર ને દૂર જતું લાગે! રમતના ખેલાડીઓ, કલાકારો, ધનિકો – આ બધા વર્ગમાં એ એક સરખી આસાનીથી વિહરી શકે એવો બહુચર આદમી છે. એટલે એણે મને એક ટેબલ આગળ લઈ જઈને બેસાડ્યો. આજુબાજુના અપરિચિતો સાથેનો ઔપચારિક પરિચયવિધિ પતાવ્યો ન પતાવ્યો ને તરત જ એ ક્યાંનો ક્યાં અદશ્ય થઈ ગયો.

એમ તો સાંજ રળિયામણી હતી, હવા ખુશનુમા હતી. પણ એને ભોગવવાને કોઈ બીજી જગ્યાએ જવું જોઈએ એમ મને લાગ્યું. ‘અહીં ક્યાં આવી પડ્યો?’ એવો પ્રશ્ન એક મિનિટમાં હજાર વાર મેં મારા મનને પૂછ્યો. એ પ્રશ્નનો ભાવ મારા ચહેરા પર ફૂટી

નીકળ્યો હોવો જોઈએ, કારણ કે મારી સામે બેઠેલા ગૃહસ્થને મારી દયા આવી ને એમણે મારી સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો:

'મિ. મજમુદાર, તમે અહીં શાનો 'બિઝનેસ' કરો છો?' એમના આ પ્રશ્ને મને વધુ તીવ્રતાથી ભાન કરાવ્યું કે હું એમની પંક્તિનો નહોતો.

મેં જાણેઅજાણતાં કશો ગુનો થઈ ગયો હોય તેમ સંકોચપૂર્વક જવાબ આપ્યો: 'જી, હું અહીં કોલેજમાં જ અધ્યાપક છું.'

એઓ સહેજ નિરાશ થયા હોય એમ લાગ્યું. પણ વળી મારા પર દયા લાવીને બોલ્યા: મારી રીટા કોલેજમાં જ ભણે છે, એણે કેમ તમારી વાત મને કરી નહીં હોય!'

એ રીટાનું ધ્યાન ખેંચવા જેવું મારામાં કશું ભાગ્યે જ હશે! ચશ્માના જાડા કાચ પાછળની ઝીણી આંખો, ધીમેધીમે વદાય લઈ રહેલા માથા પરના વાળ, ચાકથી ખરડાયેલા હાથ, લઘરવઘર વેશ, ને હાથમાં બહુ બહુ તો બેચાર ચોપડીઓ – આ દશ્ય રીટાને ભાગ્યે જ મનોહર લાગે. કૃત્રિમ ઉત્સુકતા લાવીને મેં પૂછ્યું: 'કોણ? રીટા ગિરધરદાસ?'

એમણે અત્યન્ત સન્તોષપૂર્વક કહ્યું: 'હા' ને પછી એ વિશે હું કાંઈક વધુ પ્રશંસાત્મક કહું તેની આશાએ એઓ મારા તરફ જોઈ રહ્યા. ત્યારે મને એમને માટે કરુણાની લાગણી થઈ. હજુ તો ગયે અઠવાડિયે જ કોલેજના કમ્પાઉન્ડમાં બેદરકારીથી 'જીપ' હાંકવાને કારણે એણે એક વિદ્યાર્થીને ઇજા કરી હતી ને તે અંગે વિદ્યાર્થીઓનાં બે ટોળાં વચ્ચે એક નાનું શું રમખાણ મચી ગયું હતું તે મને યાદ આવ્યું. તોફાને ચઢેલાં એ ટોળાંથી થોડે દૂર, આંખ પર ગોગલ્સ ચઢાવીને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની અદાથી, અત્યન્ત ગૌરવથી, પોતાને ખાતર આથડી પડેલા જુવાનોની સંખ્યા એ કદાચ ઊભી ઊભી ગણતી હતી. રીટાનું એ ચિત્ર મને યાદ આવ્યું. પણ હું બોલ્યો. 'તમારી રીટા તો કોલેજમાં ખૂબ જાણીતી છે. ગયે વખતે દિલ્હીના યુથ ફેસ્ટિવલમાં ગ્રુપ સોન્ગમાં અમને ઈનામ મળ્યું તે રીટાને જ પ્રતાપે.'

શેઠ ખુશ થયા. એમણે ઉમેર્યું: 'ઇનામ તો મળે જ ને સાહેબ, અમે ઘેર સંગીતના માસ્તર રાખ્યા છે. વળી ડાન્સના માસ્તર તો જુદા.'

હું બોલ્યો: 'ધનિક તો ઘણા હોય છે, પણ લલિત કલાની કદર આપ જેવા કોઈક જ કરે છે.'

એમણે તરત કહ્યું: ' શું કરીએ ભાઈ, આજકાલ તો અમારી સોસાયટીમાં આ વસ્તુ જરૂરી બની ગઈ છે. મૂરતિયાઓ સૌથી પહેલું એ જ પૂછવાના કે ડાન્સ આવડે છે, ગાઈ જાણે છે?'

મને 'લલિત કળા'ની દયા આવી. શેઠની પ્રશંસાને માટે મેં ઉચ્ચારેલું વાક્ય મારા મોઢામાં કડવો સ્વાદ મૂકી ગયું. હું અકળાયો. આ પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી કેમ છૂટવું તેના વિચારમાં હું થોડી વાર કશું બોલ્યા વિના બાઘાની જેમ બેસી રહ્યો. હું મનમાં વધુ ને વધુ ધં◌ૂધવાતો ગયો. ત્યાં અતુલે દૂરથી બૂમ પાડી: 'સુહાસ, ઓ સુહાસ, અરે જરા આમ આવ તો.' મેં છુટકારાનો દમ ખેંચ્યો. 'માફ કરજો, હું જરા –' કહીને હું ઊઠ્યો, ને અતુલ તરફ વળ્યો. જઈને જોઉં છું તો પરિસ્થિતિ વધુ વિકટ હતી. પણ હું એટલો તો એની નજીક પહોંચી ગયો હતો કે ડગલું પાછું ભરી શકાય એમ નહોતું. ચાર યુવતીઓની વચ્ચે અતુલે મને ખડો કરી દીધો ને કહ્યું:

'હું તમને જેની વાત કરતો હતો તે મારાં મિત્ર, સુહાસ મજમુદાર, વાર્તા લખે છે, કવિતા લખે છે, બધું એક નંબરનું હં.'

મેં નજર ઊંચી કરવાની હિંમત નહીં કરી. અતુલે મને બે ખભા પકડીને બેસાડી દીધો, ને એની ટેવ મુજબ 'માફ કરજો, મિસ દફતરી, હું સહેજ રંજનાની તપાસ કરી આવું.' કહીને એ અમારી વચ્ચેથી છટકી ગયો. હું મૂંઝવણભરી સ્થિતિમાં થોડી વાર કશું બોલ્યા વિના બેસી રહ્યો. એટલામાં એમાંની એક યુવતી બોલી: ' સુહાસભાઈ, તમે વાર્તા કેવી રીતે લખો છો? તમને વાર્તાના વિષય કેવી રીતે મળે છે? તમે એક્કી બેઠકે વાર્તા લખી નાંખો છો કે પછી જેમ જેમ સૂઝતું જાય તેમ લખતા જાવ છો?' સદ્‌ભાગ્યે એ આટલેથી અટકી, નહીં તો 'તમે વાર્તા સવારે લખો છો કે રાતે? તમારે મતે તમારી સૌથી સારી વાર્તા કઈ? ભવિષ્યમાં તમે શું લખવા ધારો છો?' વગેરે પ્રશ્નોની ઝડી વરસી હોત. મેં અત્યન્ત નમ્રતાપૂર્વક કહ્યું: 'વાર્તા તો વરસના વચલે દહાડે કોઈક વાર લખું છું. અતુલ તો અમથો જ…'

ત્યાં મારી પાસે બેઠેલી સહેજ સ્થૂળ શરીરવાળી, ત્રીસ ને પાંત્રીસ વચ્ચેની વયની પ્રૌઢ કુમારી બોલી ઊઠી: 'ચાલો, આપણે એમનાં કોટનાં ખિસ્સાંની ઝડતી લઈ એ. એમાંથી જરૂર એકાદ વાર્તા, ને વાર્તા નહીં તો કવિતા તો નીકળશે જ.' હું કશું કહું તેની પરવા કર્યા વિના એણે મારા પર સીધો હુમલો કર્યો. ગજવામાંથી ધોબીનાં કપડાંની રસીદ, કેમિસ્ટને ત્યાંથી શ્રીમતીને માટે લાવવાની દવાની યાદી ને વીજળીનું બીલ – આ સિવાય બીજું કશું નીકળ્યું નહીં. પણ આથી એમનો ઉત્સાહ મોળો પડ્યો નહીં. એમાંની એકે કહ્યું. 'આ સ્મિતાબહેન પણ વાર્તા લખે છે. પણ બહુ શરમાળ છે.' મેં સ્મિતા તરફ નજર કરી. આશરે ત્રીસેક વરસની એ કુમારિકા મારા તરફ વિસ્ફારિત નેત્રે મીટ માંડી રહી હતી. એ બોલી: ' સુહાસભાઈ, કોઈ વાર તમે મારે ઘરે આવોને, અલકાપુરીમાં અતુલભાઈના ઘરથી ત્રીજો અમારો બંગલો છે – પુષ્પવાટિકા. હું મારી વાર્તાઓ વાંચી સંભળાવીશ. તમે મને દોરવણી આપશો ને?'

મેં વળી નમ્રતાપૂર્વક કહ્યું: ' અરે, હું તે શી દોરવણી આપવાનો હતો!...' એ ચાર પ્રૌઢ કુમારિકાઓની ક્ષુધાવિહ્વળ આંખોથી શી રીતે બચવું તેના વિચારમાં હતો ત્યાં ભગવાન મારી વહારે ધાયા. એકાએક એક ચાળીસ પિસ્તાળીસની વયના ગૃહસ્થ અમારી વચ્ચે આવી ચઢ્યા. એમણે એકને ગાલમાં ટપલી મારી, બીજીનો કાન આમળ્યો, ત્રીજીની વેણીની લટ ખેંચી ને કશા જ ઉપચાર વિના એઓ અમારી વચ્ચે ગોઠવાઈ ગયા. ચહેરા પર પોન્ડ્ઝ ક્રીમની ચમક, વાળમાં યાર્ડલીનું બ્રિલિયન્ટાઇન, બે હોઠ વચ્ચે જમણે ખૂણે અદાથી ગોઠવેલી પાઇપ ને આંખમાં ચમકારો, વાત કરવાની અદ્‌ભુત છટા – હું ને મારી વાર્તાઓ એક પલકારમાં ક્યાં ને ક્યાં ફેંકાઈ ગયાં. ત્યાં સાક્ષાત્‌ નિરર્થકતા બનીને હું બીજી પાંચ મિનિટ મહા મુશ્કેલીએ બેસી રહ્યો. મેં 'માફ કરજો' કહ્યું તે પણ કોઈએ પૂરું સાંભળ્યું નહીં, ને એમની અત્યન્ત પ્રકટ ઉપેક્ષા વચ્ચેથી હું દૂર નીકળી ગયો.

આ બધાંમાંથી છટકી જવાનો રસ્તો શોધતો હું ઊભો હતો ત્યાં એક ગૃહસ્થે મને બોલાવ્યો: 'મિસ્ટર, કોને શોધો છો? આવો ને અહીં .' છટકવાનો રસ્તો બંધ થઈ ગયો. હું દાંત કચકચાવતો એ ગૃહસ્થ તરફ વળ્યો. એમણે વાત શરૂ કરી. એઓ ત્રણ વાર જાપાન, બે વાર અમેરિકા ને, ચાર વાર યુરોપ ફરી આવ્યા હતા. જાપાનની ગેયશાઓ, હોન્ગકોન્ગના 'સ્ટ્રીપટીઝ,' પારિસની 'નાઇટલાઇફ', ઇટાલીની સુન્દરીઓ – આ બધાં

વિશે એમની પાસે અખૂટ માહિતી હતી. હિન્દુસ્તાનની આબોહવામાં એઓ ગૂંગળાતા હતા. એમની નજર સાન્તાક્રૂઝના હવાઇમથક તરફ જ મંડાયેલી રહેતી. આંખનાં સૂઝેલાં પોપચાં, હાથની જાડી આંગળીઓ, હાથની 'આલ્કોહોલિક ટ્રેમર' – આ બધું હું જોઈ રહ્યો. ને એઓ બોલ્યાઃ ' અહીં તે સાલી કાંઈ 'લાઇફ' છે! દેશ આઝાદ થયો. શું ધૂળ આઝાદી મળી! જવા દો ને મારા સાહેબ, વાતમાં શું માલ છે!' એમનો આ બળાપો બહુ લાંબો ચાલ્યો હોત. પણ મારે સદ્‌ભાગ્યે એક એન્ગ્લો-ઇન્ડિયન યુવતી ત્યાં આવી ચઢી. મારા તરફ જોઈને એ બોલીઃ 'એક્સક્યુઝ મી' – ને પછી તરત પેલા સદ્‌ગૃહસ્થ સામે જોઈને આંખો નચાવતી એ અંગે◌્રજીમાં બોલ્યે જ ગઈ. એ બધાના પરિણામે તે દિવસની સાંજે એ ગૃહસ્થના ખિસ્સામાંથી આસરે સોએક રૂપિયાનો ભાર ઓછો જરૂર થવાનો એમ મને લાગ્યું.

ત્યાં એક પચાસેક વરસનાં સન્નારીને લઈને અતુલ મારી પાસે આવી પહોંચ્યોઃ 'સુહાસ, આ સગુણાબહેન કામદાર. નામ તો તેં સાંભળ્યું જ હશે. સોશિયલ વર્કર છે.'

મેં વિનયપૂર્વક નમસ્કાર કર્યાં.

વળી હું બેઠો. દિલ્હી અને વડોદરા વચ્ચે એમને દોડાદોડ કર્યા જ કરવી પડે છે. કદાચ અમેરિકા જવાનું પણ થાય. હિન્દુસ્તાનની અને ખાસ કરીને ગુજરાતી સ્ત્રીઓ વિશે એમને ઝાઝી આશા નથી. એમની દીકરી અમેરિકા ભણે છે, ને દીકરો જર્મનીમાં છે. વખત મળતો નથી, પણ અતુલના ખાસ આગ્રહને લીધે અહીં આવવું પડ્યું છે વગેરે વગેરે. હું કશાક ભાર નીચે કચડાતો ગયો. મને ખૂબ કંટાળો આવવા લાગ્યો. મેં મનને રમાડવાને અનેક પ્રયત્નો કર્યા. દૂર સ્ત્રીઓના વૃન્દ તરફ નજર કરી. અનેકરંગી વેશભૂષા પર નમવા આવેલા સૂર્યની આભા જે જાદુ ફેંકતી હતી તે જોયું, પણ એય ઘડી પછી જોવું ગમ્યું નહીં. બધી સ્ત્રીઓ એક સરખી લાગવા માંડી – એ જ પફ્‌પાવડરના લપેડા, લિપસ્ટીકની લાલી, શરીરનાં અંગોને ખૂબીથી ખુલ્લા રાખવાની હરીફાઈ, આભાસી ચાતુરી ને ભારોભાર કૃત્રિમતા – ઉપરની કહેવાતી સંસ્કારિતાનો વરખ ઉખેડો એટલી જ વાર, અંદર તો કારમી ભૂખની લપકારા મારતી જીભ! હું ગૂંગળાવા લાગ્યો. શબ્દોની પાછળનું પોલાણ, બધાથી જુદા તરી આવવાના મરણિયા પ્રયાસો, એ પ્રયાસમાં જ પ્રકટ થતી દરિદ્રતા, એક ભ્રાન્તિને છોડીને બીજી ભ્રાન્તિને ગળે વળગવાની

અનિવાર્યતા – હું ખૂબ અકળાયો. ક્યાંક કશુંક આ સૌમાંથી મુક્ત કરે એવું છે ખરું! મારી નજર સામેના બધા ચહેરા ભુંસાઈ ગયા. કશાક યાન્ત્રિક બળને વશ થઈને કઠપૂતળીની જેમ બોલતાં હસતાં ઢીંગલાંઓની દુનિયામાં હું ભૂલો પડ્યો હોઉં એમ મને લાગ્યું. હું વધારે ને વધારે અકળાતો ગયો. આઇસક્રીમ જેમ તેમ ગળે ઉતાર્યો. સામે બેઠેલી સ્ત્રી જે રીતે આઇસક્રીમ મોઢામાં ઠાંસતી હતી તે જોઈને મને ઊલટી થઈ જાય એવું થયું. મેં નજર ફેરવી લીધી... મારી ચારે બાજુ મૃગજળનો સાગર ઊછળ્યો. એમાં બધાં ઢીંગલાં ડૂબવા લાગ્યાં.

ત્યાં એકાએક ચમત્કાર થયો. એ ચમત્કાર જો ન થયો હોત તો મારો શી રીતે આ પરિસ્થિતિમાંથી ઉદ્ધાર થયો હોત તે કહી શકાય એમ નથી. આ ઢીંગલાઓની દુનિયામાંથી શી રીતે છટકવું, આ મૃગજળના સાગરને તળિયે જતાં શી રીતે અટકવું તેનો વિચાર કરતો હતો ત્યાં એકાએક દર્દ ઊપડ્યું. ક્યાંથી ઊપડ્યું તે પહેલાં તો સમજાયું નહીં. પણ સહજ રીતે જ જીભ દાંત તરફ વળી ને દુ:ખતા દાંતની ભાળ લાગી. અર્ધી ક્ષણમાં તો એ ખૂબ ઉત્કટ બની ગયું. એના ધબકારા જાણે સંભળાવા લાગ્યા. જમણી આંખમાંથી પાણી પડવા માંડ્યું, આ દુખાવો એ એવી તો સાચી ને નક્કર હકીકત હતી કે આજુબાજુની મૃગજળની માયા પળ વારમાં સંકેલાઈ ગઈ. હું દર્દના ધબકારા ગણવા માંડ્યો. મારી એકેએક ક્ષણ મહત્ત્વની બની ગઈ, અત્યાર સુધીની નિરર્થકતા પળ વારમાં ચાલી ગઈ. દર્દની વાસ્તવિકતાના સ્પર્શે બધું જ સાર્થક થઈ ઊઠ્યું, હું એ દર્દને એક વિશાળ વિસ્તારરૂપે જોવા લાગ્યો. એમાંનો એકએક ધબકારો તોફાની સમુદ્રનાં ઊંચાં મોજાંની જેમ મને ઉછાળીને ફેંકતો હતો, હું પછડાતો હતો ને વળી ઝીંકાતો હતો. પળે પળે ઊંચે શ્વાસે જીવતો હતો – જીવતો હતો કહું છું, પણ એ તો મારી ભાષાની નિર્બળતાને કારણે, એ દુ:ખતા દાંત વચ્ચે ઠંડો આઇસ્ક્રીમ ઘડીભર મૂકી જોયો. થોડી વાર નવા જ પ્રકારની શીતળતાનો અનુભવ થયો. પછી બમણા વેગથી દર્દે ઉછાળો માર્યો. દર્દનો એ ઉછાળો હું આંખ સામે સાકાર કરીને જોઈ રહ્યો. મારી આખી ચેતના દર્દના ઉત્થાન અને પતનની વચ્ચે સમાઈ ગઈ. એક પ્રચણ્ડ વાસ્તવિકતાની સામે મને કોઈએ એકાએક ખડો કરી દીધો. નસેનસમાં કોઈના રાજસમારોહે થયેલા આગમનના પડછંદા ગાજવા લાગ્યા. અતુલ ક્યારે આવ્યો, અમે ક્યારે એ પાર્ટીમાંથી બહાર નીકળ્યા, મારો કોણે હાથ પકડ્યો, હું શું બોલ્યો – એ કશું જ મારા ખ્યાલમાં રહ્યું નહીં. જે ઉત્કટતાનું

સેવન કરતો હતો તેણે આ બધી વીગતોને અત્યન્ત તુચ્છ બનાવી દીધી હતી. ને આમ હું મૃગજળના સાગરમાં ડૂબી જતાં ઊગરી ગયો. ભગવાને રસાતળ જતી પૃથ્વીને વરાહનો અવતાર લઈ દંતશૂળથી ઊંચકી લીધી હતી. મારા દાંતે મને મૃગજળના અતાગ ઊંડાણમાં ગરકી જતાં બચાવી લીધો. કોઈ વાર દાંત જેવી વસ્તુ પણ આપણને કેવી કામ આવી જાય છે તેની આપણને ખબર સરખી હોય છે?

# વામનાવતાર

જમી પરવારીને કાશ્મીરા માંડ આડે પડખે થઈ હશે ત્યાં નીચેથી વિઠુએ બૂમ પાડી: 'બાઈ, શેઠની કાયતરી પાઠવલા આહે!' કાશ્મીરા બબડી: એય એવા છે, જરાય જંપવા દેતા નથી! પછી આળસ મરડીને એ ઊઠીને છજામાં આવી ને નીચે જોયું તો હાથગાડીમાંથી મજૂરો કશુંક નીચે ઉતારી રહ્યા હતા ને એને યાદ આવ્યું: આજે જ ઓફિસે જતાં ધનવન્તે એને કહ્યું હતું: 'આજે હું મુંબઇ જઈને એક ફોટો મોકલાવીશ. તને એ ખૂબ જ ગમશે.' આ તે ફોટો હશે? આવડો મોટો? નૈનિતાલ ગયાં હતાં ત્યારના ફોટામાંનો એક – જેમાં આંખ પર તડકો આવવાથી કાશ્મીરાની આંખ વિચિત્ર રીતે બીડાઈ ગઈ હતી, ને જેની નીચે ધનવન્તે લખ્યું હતું: 'મારી પાળેલી બિલાડી' – ધનવન્તે ખાસ એન્લાર્જ કરાવ્યો હતો. કાશ્મીરાને થયું કે આ તે જ ફોટો હશે. એ અહીં દીવાનખાનામાં ટીંગાડીને જે આવે જાય તેની આગળ એ મારી મશ્કરી ઉડાવ્યા કરશે! કાશ્મીરાએ કૃત્રિમ રોષમાં ગાલ ફુલાવ્યા, પણ એ રોષને તળિયેથી તરત જ સ્મિતનું ઝરણ ફૂટ્યું ને હોઠ પરથી છલકાઈને ગાલ પર એની રતાશ પાથરતું ફેલાઈ ગયું. વિઠુને એણે કૃત્રિમ બેદરકારીથી કહ્યું: ' વિઠુ, હું જરા કાન્તાબેનને ત્યાં જઈ આવું.'

વિઠુએ જરા આશ્ચર્ય પામીને પૂછ્યું: ' હ્યાલા કુઠે ઠેવાયચા?' કાશ્મીરાએ ઊતરતાં કહી નાખ્યું: 'દીવાનખાનાની દીવાલ પર ક્યાંક જગા કરીને ટાંગી દેજે ને!' ને એ ફોટા તરફ નજર સરખી કર્યા વિના ચાલી ગઈ.

વિઠુએ પોતાની બુદ્ધિ ચલાવીને દીવાલ પર જગા પસંદ કરી. દીવાનખાનામાં પગ મૂકતાંની સાથે જ એ ફોટા પર નજર પડે ને એના મોટા કદને કારણે એ ફોટો જ

બીજી બધી છબિને ઢાંકી દઈને આંખનો કબજો લઈ બેસે એવી એ જગા હતી. ફોટો ટીંગાઈ ગયા પછી એને દૂરથી થોડી વાર સુધી વિઠુએ જોયા કર્યાર્ઁ, ને એ પોતાની પસંદગી પર ખુશ થયો. પણ કાશ્મીરાને આ ખુશખબર એ ઉત્સાહથી આપવા ગયો ત્યારે કાશ્મીરાના મોઢા પરનો ભાવ જોઈને એ સાવ ડઘાઈ ગયો.

કાશ્મીરા દીવાનખાનાના ઉંબર પર પગ મૂકવા જતી હતી ત્યાં એકાએક ક્યાંકથી વીંછીએ નીકળીને ચટકો ભર્યો હોય તેમ એ ઊભી જ રહી ગઈ. આ જોઈને વિઠુને હોઠે આવેલા શબ્દો વણઉચ્ચારાયેલા જ રહી ગયા. કાશ્મીરા સામેના ફોટા પરથી નજર ખસેડી શકી નહીં ને ગારુડીએ મંત્રેલા સાપની જેમ એમની એમ ઊભી જ રહી ગઈ. એ સ્થિતિમાંથી પોતાની જાતને સંભાળી લઈને જ્યારે એણે દીવાનખાનામાં પગ મૂક્યો ત્યારે એ જાણે કોઈકની રજા લીધા વિના ચોરીછૂપીથી પારકાના ઘરમાં પ્રવેશતી ન હોય એવું લાગ્યું. એના મનમાંનો કચવાટ વિઠુ ઉપર રોષ કાઢીને એ ઠાલવવા ગઈ. પણ પેલા ફોટામાંની બે આંખોના અદૃશ્ય અણસારે એને એમ કરતાં વારી હોય તેમ એ 'વિઠુ' એટલું બોલીનેજ રહી ગઈ. ને એ 'વિઠુ' શબ્દ પણ જાણે નોકરને ઉદ્દેશીને નહીં, પણ પોતે જેની પાસે કૃપાની યાચના કરતી હોય તેવા કોઈને ઉદ્દેશીને બોલતી હોય એવું લાગ્યું. પોતાના અવાજની અંદર રહેલી આ દીનતા જોઈને એ પોતે જ અચરજ પામી. આવી સ્થિતિમાં એ ફરી દીવાનખાના વચ્ચે એમ ને એમ ઊભી રહી ગઈ. કોઈક અજાણ્યા ઘરમાં એ અનપેક્ષિત અનાહૂત આવી પડી હોય, ને એની આકસ્મિક ઉપસ્થિતિને એ ઘરનાં માણસો આશ્ચર્યથી જોઈ રહ્યાં હોય તેમ દીવાનખાનાની બધી વસ્તુઓ એની સામે મોં ફાડીને જોઈ ન રહી હોય એવું એને લાગ્યું; ને ફરી એની નજર પેલા ફોટા પર પડી. ઉપેક્ષિત પ્રત્યે જે દયાભર્યું સ્મિત દર્શાવવામાં આવે છે તેવું સ્મિત એ હોઠ પર હતું. ને એણે જોયું તો ચારે બાજુની બધી જ વસ્તુઓના ચહેરા પર એવું જ સ્મિત હતું. કાશ્મીરાને ત્યાંથી નાસી છૂટવાનું મન થયું. પણ કોઈએ જાણે એકાએક એની સંકલ્પશક્તિનો વળ સાવ ઉતારી નાખ્યો હોય તેવું એને લાગ્યું. આજુબાજુની બધી વસ્તુઓ એની પીઠ પાછળ ઘુસપુસ કરતી હોય એવું કાશ્મીરાને લાગ્યું. ફોટામાંની પેલી બે આંખોએ જાણે એક સંકેત કર્યો ને એ કોઈની દોરવાયેલી ચાલવા લાગી. ફોટાની નીચે આવીને એ ઊભી રહી ગઈ. ફોટાની આટલી નજીક આવીને એણે હિંમત કરીને સ્થિર દૃષ્ટિએ એને જોવાનો પ્રયત્ન કર્યો, પણ પેલી બે આંખોના પ્રતાપથી એની આંખો

ઝંખવાઈ ગઈ. એણે ફોટા પરથી નજર ખસેડીને આજુબાજુની પરિચિત વસ્તુ પર નજર કરી. અર્ધા કલાક પહેલાં જ એ જે સોફા પર આડી પડી હતી તેને એણે પરિચિતતાનું આલમ્બન લઈને જોવાનો પ્રયત્ન કર્યો. ને ત્યારે એને લાગ્યું કે આ બધી જ વસ્તુઓ પેલી ફોટામાંની બે આંખોના અણસારાની આજ્ઞાને અધીન થઈને વર્તતી હતી; એ દરેક વસ્તુની મુદ્રા બદલાઈ ગઈ હતી. પેલો ફોટો હવે ફોટો ન રહ્યો. આ ઓરડાની હવાના કણેકણમાં, અસબાબમાં, બધે એ સૂક્ષ્મરૂપે વ્યાપી જવા લાગ્યો. ચારે બાજુથી એના વિસ્તરતા જતા અસ્તિત્વમાં એ ભીંસાવા લાગી. ભીંસાઈને એ નાની ને નાની થતી ગઈ. પાસે પડેલી ટિપાઇના પડછાયાથી પણ નાની! ને એ ગભરાઈ ઊઠી. આ ગભરાટને કારણે જ એ છેલ્લો એક પ્રયત્ન કરી જોવાને તત્પર બની. ત્યાં પાછળથી કામ કરનાર બાઈ ભીખી અને વિઠુ વચ્ચેની વાતચીત એને કાને પડી: ‘ઠસ્સો તો એનો જ!’

‘શેઠ પણ એનો પડ્યો બોલ ઝીલતા.’

‘આ ઘરની ત્યારે જાહોજલાલી જ જુદી હતી!’

આ બધા શબ્દોના ઓરડાને ચારે ખૂણે પડઘા પડવા લાગ્યા. એ બધા પડઘાઓના સંમિશ્ર અવાજની વચ્ચે પોતે અટવાઈ જતી હોય એવું કાશ્મીરાને લાગ્યું. એણે હિંમત એકઠી કરી ને ટિપાઇ પરની પાનદાની લેવા ગઈ. પોતાના ધ્રૂજતા હાથના કમ્પને લીધે કે પછી પાનદાનીએ જ તિરસ્કારથી મોં ફેરવી લેવાનો પ્રયત્ન કર્યો હોય તે કારણે – કોણ જાણે શાથી, પણ એ પાનદાની ઠન્ દઈને અવાજ કરતી નીચે પડી, ને એ અવાજની સાથે આખા ઓરડાની વસ્તુઓનું અટ્ટહાસ્ય ભેળાઈ ગયું. કાશ્મીરાને લાગ્યું કે ધીમે ધીમે આ બધી વસ્તુઓ વધારે ને વધારે જીવતી થતી જાય છે ને પોતાનામાંથી ધીમે ધીમે જીવન ઓસરતું જાય છે. પેલી આંખો એના સ્પર્શના પ્રભાવે હવે થોડી જ વારમાં એને પથ્થરમાં તો નહીં પલટાવી દે ને! આ ખ્યાલથી કાશ્મીરા છળી મરી ને ચીસ પાડવા ગઈ, પણ એના હોઠ ખુલ્લા રહી ગયા. પેલી આંખોના શાપને પરિણામે જાણે એની વાણી તો શિલા થઈ જ ગઈ છે એવું એને લાગ્યું. ધ્રૂજતે દેહે, દયામણી મીટ માંડીને, એ પેલા ફોટામાંની બે આંખોને જાણે મૌનથી વિનવી રહી.

ત્યાં એકાએક એના ગર્ભમાં રહેલો જીવ ફરક્યો. એના સહેજ સરખા સળવળાટથી

દર્દનો એક આંચકો એની શિરાઓમાં થઈને પસાર થઈ ગયો. ને એકાએક એને લાગ્યું કે પેલી બે આંખોના શાપની સામે ટક્કર ઝીલવાને જ પેલો જીવ જાણે ફરકે છે, ફરકીને હજારો ધનુષોના ટંકાર એ કરે છે, આથી એના શરીરમાંની નસેનસ ધનુષની તંગ પણછના જેવી બની ગઈ. એના શરીરમાં એક નવી જ અક્કડાઈ આવી. બેવડ વળી ગયેલા મેરુદણ્ડને એણે સીધો કર્યો, ઝૂકી પડેલા મસ્તકને ઊંચું કર્યું, ને ત્યાં ફરી ગર્ભમાંનો જીવ ફરક્યો. ને એને એકાએક આખી વાત નવે રૂપે સમજાઈ. ગર્ભમાંનો એ વામન જીવ પોતાનાં પગલાં નીચે પોતાના વિરોધીને દાબી દેવા તત્પર થયો છે. એણે બે પગલાં તો ભરી લીધાં છે; ને ત્રીજા પગલાના સંચારની રાહ જોતી એ કાન સરવા રાખીને બેઠી હતી ત્યાં ‘કોલબેલ’ રણકી ઊઠ્યો. એના રણકારથી જાણે પરિચિતતાએ ફરી આ ઓરડામાં પદાર્પણ કર્યું. એણે ઊઠીને બારણું ખોલ્યું. ધનવન્તે એને છાતીસરસી ચાંપી લીધી. ધનવન્તના બે બાહુના દાબમાં દબાઈને એ સાવ નહિવત્ થઈ ગઈ. એના કાનની પાસે ધડકતા ધનવન્તના હૃદયના ધબકારામાં એ જાણે ધબકાર બનીને શમી ગઈ ને ત્યાં ગર્ભમાંનો જીવ ફરી સળવળ્યો. ત્રિવિક્રમનું એ ત્રીજું પગલું હતું. એની નીચે બહુ ઊંડે ઊંડે પાતાળમાં ચંપાઈ ગયું ને એણે ગર્વભેર મુખ ઊંચું કર્યું – એની ઉપર ધનંજયની હસતી આંખોના સ્નિગ્ધ છાયા હતી ને એણે ધનવન્તને અણસારાથી દીવાનખાનાના ફોટા તરફ જોવાને સૂચવ્યું. ધનવન્ત એ તરફ જોઈને બોલી ઊઠ્યો: ‘અરે, રેણુની છબી અહીં મોકલાવી? એ તો એના બાપુને ત્યાં મોકલવાની હતી! ને મારી ‘પાળેલી બિલાડી’ એમને ત્યાં ગઈ? એ લોકો એ જોઈને આપણને કેવાં ઘેલાં ગણશે?’

કાશ્મીરા હસીને બોલી: ‘આપણે છીએ જ ઘેલાં ને!’

ધનવન્તે કહ્યું: ‘તો રેણુની છબી મોકલાવી દઈએ ને?’

કાશ્મીરાએ કહ્યું: ‘ના, ના, આ ઘર એનું પણ હતું જ ને?’

ધનંજયે ફરી એને ગાઢ આશ્લેષમાં દાબી દઈને કહ્યું: ‘મારી પાળેલી બિલાડી!’

# નરવાનરકથા

'વેલકમ સ્ટોર'માં દાખલ થઈને એણે ચારે બાજુએ આકર્ષક રીતે ગોઠવેલી વસ્તુઓ તરફ નજર નાંખી. એક બાજુ 'ક્વીન્ક'ની શાહીથી જ પોતે પોતાના પ્રિયતમને પત્ર લખે છે એમ એક નમણી યુવતી જાહેરાત કરતી હતી તો બીજી બાજુ જિંદગીનું ઉત્તમ સુખ તે અમુક પ્રકારની સિગારેટ પીવામાં જ છે એમ એક યુવાન સ્મિતપૂર્વક સૂચવી રહ્યો હતો. એ આ જોઈને મનમાં ને મનમાં બબડ્યો: આ લોકોને મન જિંદગી એટલે શું? અમુક સિગારેટ, અમુક ચોકલેટ કે અમુક સાબુ! આખી દુકાનમાંથી આવતી એક મિશ્ર ગન્ધ આ જંદિગીના પ્રતીકરૂપ એને લાગી. એ દુકાનના અંદરના ભાગ તરફ વળ્યો. ત્યાં એક કાઉન્ટર આગળ એને અનેક પ્રકારનાં ટોનિકોનાં નામો સાંભળ્યાં, એ કાઉન્ટર કેમ જાણે કલ્પવૃક્ષ ન હોય! ઊંઘ જોઈએ તો ઊંઘ, લોહી જોઈએ તો લોહી, એ કલ્પવૃક્ષની છાયા એના પર પડે તે પહેલાં એ દૂર સરી ગયો. ત્યાં એક બાજુના કબાટમાં એણે મોટા લાલ અક્ષરે લખાયેલો શબ્દ વાંચ્યો 'Poison' – ને એ કબાટની પાસે જઈને ઊભો રહ્યો. એમાંથી એક શીશી એણે બહાર કઢાવી ને કેવળ કુતૂહલથી એના ખોખા ઉપરનું દવાનું વર્ણન વાંચવા માંડ્યું. એ દવાની 'ફોર્મ્યુલા'માંના પચ્ચીસ છવ્વીસ અક્ષરવાળા શબ્દને એણે બરાબર ગોઠવીને વાંચ્યો. એના અર્થ વિશે તો કાંઈ પ્રકાશ ન પડ્યો, પણ એ શબ્દની લંબાઈનો એના પર પ્રભાવ પડ્યો ખરો. એનો એક એક અક્ષર કાતિલ ઝેર છુપાવીને જાણે બેઠો ન હોય પણ આ ઝેર જ જીવનને ટકાવવાની, લંબાવવાની રામબાણ દવા છે! બલિહારી છે મનુષ્ય જાતિની – દેવો અમૃત પી ગયા તો એણે ઝેરમાંથી સંજીવની શક્તિ ઉપજાવી. એ કબાટમાંના વિષસમુદાયને મુગ્ધ બનીને જોતો ઊભો જ રહી ગયો. ત્યાં પાસે જ એક પૂઠા પરના ચિત્ર પર એની નજર ગઈ.

એમાં સામાન્યથી સો ગણા કદની માખીને ખંજરથી વીંધાતી બતાવી હતી. એ જોઈને વળી એ હસ્યો ને મનમાં બબડ્યો: જીવવાને માટે માણસને કેટલું બધું મારવું પડે છે. કેટલીક વાર તો માણસ પોતે પોતાને મારીનેય જીવવા મથે છે!

ત્યાં એને કાને શબ્દ પડ્યા: 'દુખાવો તરત નરમ પડી જશે ખરો?'

'અરે હા, મારા સાહેબ, એક મિનિટમાં તો તમે બધું દુ:ખ ભૂલીને હસતા થઈ જશો.'

ને એણે કુતૂહલથી એ તરફ નજર કરી. એ દુ:ખી માણસ દુ:ખના ગૌરવને લીધે કંઈકેય જોવા લાગતો હતો, એ જો હસે તો કેવો ભયંકર કદરૂપો લાગે! આ વિચારે એને વળી હસવું આવ્યું.

ત્યાં એકાએક કશીક તીવ્ર વાસે એને ઘેરી લીધો. એણે જોયું તો એક પ્રૌઢ વયની સ્ત્રી પાસેના આયનામાં જોઈને હોઠે લિપસ્ટીક લગાડી રહી હતી. એના ચાલી ગયેલા યૌવનને સ્થાને પ્રસાધનોની મદદથી એ જે ભ્રાન્તિને મરણિયો પ્રયત્ન કરીને ખડી કરવા માગતી હતી તેથી એ કેટલી તો જુગુપ્સાજનક બની જતી હતી! ને એની સામે ખડકાયેલા 'પોન્ડ્ઝ ક્રીમ,' 'એ નાઇટ ઇન પેરીસ', 'યાર્ડલી'ના ઢગલાને એ જોઈ રહ્યો. એ ખડકલાની નીચે નૈસર્ગિક સૌન્દર્યની કબર ચણાઈ ગઈ હતી. એ કબરમાંથી જ ઊભા થયેલા કોઈ પ્રેતાત્માના જેવી પેલી સ્ત્રી એની સામે ઊભી હતી. એ સ્ત્રીની પાસે જઈને એને સાનમાં લાવવાની ઇચ્છા થઈ, પણ પાવડરના લપેડાથી અતિ ગૌર બનેલા એના મુખની ફાટેલી દૂધના જેવી ચામડીને જોઈને એને ઊબકો આવ્યો, ને એ ફરી ઝેરવાળી દવાઓના કબાટ આગળ ઊભો રહ્યો. દવાઓનાં નામો વાંચવાની એને મજા પડી. એ આખી નવી જ સૃષ્ટિ હતી. એ શીશીના રંગ, એના પરના લેબલ પરનું લખાણ, રોગોનાં નામ, એ દવાઓની 'ફોર્મ્યુલા', એની અંદરના 'ટીસ્યુપેપર' પર છાપેલું દવાનો પરિચય આપતું લખાણ – એની પાછળ જિંદગીને ટકાવી રાખવા મથતી માનવજાતિના કરુણ ચહેરાનું એને દર્શન થયું. એટલામાં રસ્તા પર અને સ્ટોરમાં કોલાહલ મચી ગયો. 'આગ લાગી કે શું?' એમ એણે બાજુમાં ઊભેલા ગૃહસ્થને પૂછ્યું. પેલા સજ્જન જરા રસિક આદમી હતા. એમણે હસીને જવાબ આપ્યો: 'હા, આગ જ લાગી છે, પણ તે રૂપની આગ.' ને એમણે દુકાનનાં પગથિયાં ચઢતી સિનેમાનટીના તરફ આંખના

અણસારાથી ધ્યાન ખેંચ્યું. એ આંખના અણસારામાં રહેલી અશ્લીલતાથી એ અકળાયો. એણે નટી તરફ નજર કરી. એ પોતાના કૂતરાને માટેના ખોરાકનો ડબ્બો ખરીદી રહી હતી. એનો કૂતરો રસ્તા પર ઊભેલી મોટરમાંથી મોઢામાંથી જીભ કાઢીને એની શેઠાણીને સન્તોષપૂર્વક જોઈ રહ્યો હતો. આજુબાજુના જનસમુદાયને ઉપેક્ષાથી હડસેલીને એ મોટરમાં જઈને બેઠી ને કૂતરાને વહાલથી ખોળે લીધો. બે ચાર મવાલીઓએ સીટી મારી. દુકાનમાં માણસોએ ફરી સ્વસ્થતા પ્રાપ્ત કરી ને કામકાજ ફરી શરૂ થયું.

એની બાજુમાં જ એક સ્ત્રી એકાએક બોલી ઊઠી: 'કેવી સરસ માછલીઓ છે, નહીં?'

'એનો રંગ કેવો સોનેરી છે!'

'એમ થાય છે કે જાણે એને આમ તરતી જોયા જ કરીએ.'

એ યુવતી ખરેખર મુગ્ધ દૃષ્ટિએ માછલીઓને જોતી જ ઊભી રહી ગઈ. એની સાથેનો પુરુષ અધીરો બન્યો, એણે પેલી સ્ત્રીને ત્યાંથી લગભગ ખેંચી કાઢી. દુકાનનાં પગથિયાં ઊતરતાં ઊતરતાં પણ પેલી સ્ત્રીએ એક વાર એ સોનેરી માછલીઓ તરફ નજર નાંખી લીધી. આ જોઈને એ હસ્યો ને બબડ્યો: 'સોનેરી માછલી!'

ઝેરને વધારે લેવામાં આવે તો શી અસર થાય, કેટલી માત્રામાં ઝેર લેવાય તો એ પ્રાણઘાતક બને, સૌથી વધુ ઓછું કષ્ટકારક ઝેર કયું, આ વિશે એની પાસે શાસ્ત્રીય માહિતી હતી. અત્યન્ત રસપૂર્વક એણે બધી વીગતો એકઠી કરી હતી. એણે જે ઝેરને પસંદ કર્યું હતું તે આ કબાટમાં છે કે નહીં તે એ શોધતો હતો. એણે આખરી પત્ર કે આપઘાતનું એકરારનામું કે એવું કશું લખી રાખ્યું નહોતું. મર્યા બાદ શરીરને 'પોસ્ટમોર્ટમ'માં ચૂંથશે એ ખ્યાલ એને જરા અકળાવતો હતો. એ જે પથારીમાં આખરી નિદ્રા લેવાનો હતો તે એણે જાતે બહુ કાળજીપૂર્વક બિછાવી હતી. એની એક્કેય ડાઘ વગરની ધોળી ચાદર, શરીરને સર્વથા અનુકૂળ થઈને વર્તનારાં ગાદલાં, પોચા ઓશીકાં, પાસેના ટેબલ પર રેડિયો, પાસે ચાની કીટલી, થોડાં અર્થશાસ્ત્રનાં પુસ્તકો– બધું એ ગોઠવીને આવ્યો હતો. સાંજ હજુ પડી નહોતી. સૂર્યના ગયા પછી બધું પતાવવું એવું એણે ધાર્યું હતું.

ઓફિસો છૂટવાને લીધે શહેરમાંથી પાછા ફરતા નોકરિયાતો ને વેપારીઓની ભીડ રસ્તા પર જામી હતી; કોઈ હોંશીલો પત્ની માટે વેણી લઈ જતો હતો તો કોઈ 'ફ્રૂટ સોલ્ટ'ની તપાસમાં હતો. ઘડીભર એ રસ્તા પરની ભીડને જોઈ રહ્યો. એની પાસેના 'શો કેઇસ' પર એક માઇક્રોસ્કોપ ગોઠવ્યું હતું. એની નીચે કાચની પટ્ટી પર પાણીનાં ટીપાં હતાં. એણે માઇક્રોસ્કોપમાંથી એ ટીપાંઓ જોયાં, ને એને જે દેખાયું તેથી એ વળી વિચારે ચઢી ગયો. માઇક્રોસ્કોપની નીચેના પાણીના ટીપામાં એકની પાછળ એક એમ અસંખ્ય અણુઓની મૂક વણઝારને અણથંભી ચાલી જતી એણે જોઈ, ને ફરી એ સામેના રસ્તા પરથી ચાલી જતી વણઝારને જોઈ રહ્યો.

ત્યાં એક ગર્ભવતી સ્ત્રીએ દુકાનમાં પ્રવેશ કર્યો. એ ભારે કષ્ટે ચાલતી હતી, એના મોઢા પર સોજો ચઢ્યો હોય તેવું લાગતું હતું. એની આંખની આજુબાજુ કાળાશ છવાઈ ગઈ હતી. એણે સ્વેટર ગૂંથવાનું ઊન માંગ્યું. એની પસંદગી એણે કાળજીપૂર્વક કરી. ગર્ભમાં ઘડાતા બાળકને માટે, એ જન્મે તે પહેલાં રક્ષણ આપે એવું હૂંફાળું વસ્ત્ર પણ તૈયાર થઈ જશે! ગર્ભાશયનું આચ્છાદન છોડે કે બીજું આચ્છાદન તૈયાર જ. સ્ત્રીનું સૌથી મોટું અર્પણ તે આચ્છાદન છે, ને એ આચ્છાદન કેટલું માયાવી હોય છે! – એણે આગળ કંતાયે જતા વિચારોના દોરને એકદમ કાપી નાખ્યો.

સાંજ પડી ચૂકી હતી. હવે એણે કામ સંકેલી લેવું જોઈએ. આથી એણે ચાર પાંચ દવાનાં નામ આપ્યાં, ને એ દવાઓ આવે તેની રાહ જોતો ઊભો. ત્યાં રમકડાંના વિભાગનું બારણું ખૂલ્યું, એને સહેજ કુતૂહલ થયું. અંદર દાખલ થતાં એક માદીકરાની સાથે એ પણ રમકડાંની દુનિયામાં ગયો. એની ચારે બાજુ રમકડાં જ રમકડાં હતાં – એક તરફ ઢીંગલીઓની હાર હતી. એ ઢીંગલીઓની આંખોમાં કદી ન લોપાય તેવું આશ્ચર્ય હતું, ને હોઠ પર હાસ્ય હતું. એને જોતાં એમ લાગતું હતું કે જાણે એ હમણાં જ બોલી ઊઠશે: જુઓ, કેવું અદ્‌ભુત! આ ઢીંગલીઓમાં એને બહુ રસ પડ્યો. એક ઢીંગલીનું મોઢું જોઈને તો એ થંભી જ ગયો. એની જોડે એક બે ગપ્પાં માર્યા વિના આગળ જ નહીં જવાય એવું એને લાગ્યું. ને એ કેવી લાગતી હતી! હમણાં પૂછોને કે 'કેમ શી ખબર?' બસ એટલી જ વાર, જુઓ પછી કેવી અલકમલકની વાતો હાંકે છે તે! એ ઢીંગલીને ભારે રસપૂર્વક

ધારી ધારીને જોઈ રહ્યો. નહીં બોલવા છતાંય જાણે એની જોડે ઘણી વાતો કરી લીધી. આ વાતો ચાલુ જ હતી ત્યાં દુકાનદારનો અવાજ સંભળાયો:

'જુઓ, બાબાભાઈને શું જોઈએ? આ 'સ્પીટફાયર' બોમ્બર છે, આ જેટ છે, આ ટેન્ક છે, આ તોપ છે, આ રોકેટ છે... યાદીમાં લગભગ બધી જ સંહારક સામગ્રીનો સમાવેશ થઈ ગયો. પેલો નાનો શિશુ એ બધું જોઈ રહ્યો. એ બાળકે 'સ્પીટફાયર' બોમ્બર હાથમાં લીધું એટલે દુકાનદારે એને ચાવી આપી, ને તણખા ઓકતું એ વિમાન આંટા લેવા લાગ્યું. આ જોઈને બાળક હસીને તાળી પાડવા લાગ્યું. પછી આવ્યો ટેન્કનો વારો, પછી મનવાર પણ આવી, બાળક હસ્યે જ ગયું.

ત્યાં બાળકની નજર વાંદરાના રમકડા પર પડી. એ એકદમ એ રમકડા તરફ દોડી ગયું. દુકાનદારે એ રમકડું હાથમાં લઈને એની ખૂબી બતાવી. ચાવી આપો એટલે વાંદરબહાદુર સડસડાટ સીડી ચઢી જાય પણ ચાવી ખલાસ થતાં સડસડાટ નીચે આવી પડે. પણ ખૂબી એ કે ઉપર ચઢતાં કે નીચે આવતાં એમની મુખમુદ્રા એક સરખી જ રહે. એમના મુખ પર એકાએક છેતરાઈ ગયા જેવું બની જાય ત્યારે પોતાની બાઘાઈ ખુલ્લી પડી જતાં જે જાતનું હાસ્ય ઉદ્ભવે તે પ્રકારનું હાસ્ય હતું. વાંદરાની ઉન્નતિઅધોગતિના પલટા જોઈને બાળક રાજી થઈને નાચવા લાગ્યું. એણે માને એની કાલીકાલી ભાષામાં કહી દીધું: મા, મને આ વાંદરો અપાવ.

આજુબાજુની ઢીંગલીઓ જાણે આ સાંભળીને ખુશ થઈને હસવા લાગી. એમાંની પરીઓ પાંખ પસારીને ઊડવા લાગી. એમાંનાં પંખીઓનો કણ્ઠ ખુલ્યો, ને એમના કિલકિલાટથી એ ઓરડો જાણે છલકાઈ ઊઠ્યો. રમકડાંની સૃષ્ટિની બહાર જતા એ વાંદરાભાઈને વદાય આપતાં જાણે હર્ષની ભરતી આવી – કેમ જાણે માણસોની દુનિયા પર રમકડાંની દુનિયાનો એ વિજય ન હોય! – ને એણે ફરી રમકડાંની સૃષ્ટિ પર નજર ફેરવી, પેલી વાચાળ હસમુખી ઢીંગલી, આ તટસ્થ ફિલસૂફ વાંદરાભાઈ, આ તરફ ગમ્ભીર મોં કરીને બેઠેલા ઘુવડભાઈ – ને એણે રસ્તા પર નજર કરી. ત્યાં પણ એ જ સૃષ્ટિનું પ્રતિબિમ્બ દેખાયું. એ દરમિયાન ઝેરી દવાના કાઉન્ટર પરના માણસે એનું ધ્યાન ખેંચ્યું: 'શેઠ, તમારી દવાઓ આવી ગઈ છે.'

એણે કહ્યું: 'એ દવાઓ રહેવા દો. મને આ વાંદરાવાળું રમકડું બાંધી આપો.' ને એ પેલા બાળકની જોડે રમકડું લઈને રસ્તાની ભીડ વચ્ચે ચાલ્યો ગયો.

# અજાતકકથા

## પ્રસ્તાવના

ભગવાને મને બોલાવીને કહ્યું: 'હવે તારે ફરી જનમ લેવાનો વખત થયો છે. તારાં પુણ્યોનો હિસાબ જોતાં તને તારું જન્મસ્થાન તથા જનેતા-જનક પસંદ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, માટે તું નારદમુનિ સાથે પૃથ્વી પર જઈને જન્મસ્થાન તથા માતાપિતાની પસંદગી કરી આવ કે જેથી બનતી ત્વરાએ તારા જન્મની વ્યવસ્થા કરી શકાય.'

હું ને નારદમુનિ પૃથ્વી ઉપર આવતા હતા, તે દરમિયાન અન્તરીક્ષમાં ઘણા આત્માઓનો અમને ભેટો થયો. નારદમુનિએ એમને કુતૂહલથી પૂછ્યું હે આત્માઓ, શાથી જે આટલી મોટી સંખ્યામાં તમે પૃથ્વી છોડીને આવી રહ્યા છો?

એ આત્માઓ પૈકીના એકે જવાબ દીધો: હમણાં પૃથ્વી ઉપર મહાયુદ્ધ ચાલી રહ્યું છે. એમાં લાખ્ખોની સંખ્યામાં સંહાર થયો હોવાથી અમે અમારું કર્મફળ ભોગવવા જઈ રહ્યા છીએ.

પૃથ્વી પર પગ મૂકતાં જ મેં એક અદ્‌ભુત દશ્ય જોયું. કરોળિયાની જાળમાં માખી પકડાઈ હતી, ને તે કરોળિયાને કહી રહી હતી: ભાઈ, તારો પાડ માનું છું, હવે તું મારો અન્ત આણ, પણ કરોળિયો સાવ ઉદાસીન હતો. એ સહેજે સળવળ્યો નહીં. જ્યાં હતો ત્યાંથી જ સૂતાં સૂતાં એણે કહ્યું: તને મારીને ખાવાનો મારામાં ઉત્સાહ નથી. તારા પર દયા

લાવીને તને જો ખાઉં તો મારામાં વળી શક્તિ આવે, હું વળી જાળું બાંધું ને વળી માખી પકડાય ... એનો અન્ત ક્યાં આવે?

આ સાંભળીને મેં નારદમુનિને કહ્યું: ચાલો આપણે પાછા વળીએ.

એમણે આશ્ચર્ય પામીને પૂછ્યું: કેમ વારુ? હજુ તો તેં કશું જોયું નથી.

મેં કહ્યું: મેં જેટલું જોયું તેટલું પૂરતું છે, મારે હવે વધુ કશું જોવું નથી. નારદમુનિએ કહ્યું. નારાયણ નારાયણ! જેવી તારી ઇચ્છા.

ને અમે પાછા ફર્યાં. મને ભગવાન આગળ હાજર કરવામાં આવ્યો. ભગવાને મને પૂછ્યું: કેમ, શો વિચાર કર્યો?

મેં કહ્યું: જો આપ રજા આપતા હો તો હું મારો આ જનમ જતો કરવા તૈયાર છું.

ભગવાને કહ્યું: મારા નિયમમાં વ્યતિક્રમ ન થાય. જનમ તો લેવો જ પડે.

મેં કહ્યું: તો ભલે, હું આપની આજ્ઞા માથે ચઢાવીશ. પણ જન્મવાની પરિસ્થિતિમાંથી હું મારી યુક્તિથી છટકી જાઉં તો આપ એને અપરાધ ન ગણશો એટલી જ મારી વિનંતી છે.

ભગવાને કહ્યું: વારુ, તથાસ્તુ.

## કથા

મારા ગર્ભાધાનના મુહૂર્તની રાતે એક ઘટના મને બહુ અનુકૂળ થઈ પડી. વિજયા શેઠાણી તથા મનોહરદાસ શેઠને તે દિવસે ઝઘડો થયો હતો. તે રાતે શેઠ શયનગૃહમાં પ્રવેશ્યા ત્યારે શેઠાણી પલંગને ખૂણે મોઢું ચઢાવીને બેઠાં હતાં. આથી મેં નિરાંત અનુભવી.

શેઠાણીની આ સ્થિતિ જોઈને શેઠ વધારે ધૂંધવાયા. પગ પછાડતા એ પલંગ તરફ ગયા, ને રોષના ફૂંફાડા સાથે બોલ્યાઃ પણ છે શું?મોઢું ખોલીને કાંઈ બોલીશ કે નહીં?

શેઠાણી માથું ધુણાવીને બોલ્યાંઃ ઊંહું.

શેઠ વધારે ચિઢાયાઃ તો તું બેસી રહે મોઢું ચઢાવીને, હું તો આ ચાલ્યો.

શેઠાણીએ ત્રાંસી આંખે જોઈ લીધું. શેઠ ઊભા હતા ત્યાંથી એક ડગલું ચસ્યા નો'તા, એટલે એણે મોં વધારે ફુલાવીને કહ્યુંઃ જાવને, જવું હોય તો, અબઘડી ચાલ્યા જાવ.

શેઠે ગરજીને કહ્યુંઃ એમ, તારે જોવું છે, તો લે, આ ચાલ્યો.

આમ કહીને શેઠે એક ડગલું ઉપાડ્યું ન ઉપાડ્યું ત્યાં શેઠાણી બોલી ઊઠ્યાંઃ જો ઉમ્બરની બહાર પગ મૂક્યો છે તો મારા ગળાના સમ. ને શેઠ પાછા ફર્યા. પછી ફરી બોલ્યાઃ તો તું કાંઈ બોલ તો ખરી, હું તે કાંઈ ભગવાન છું, કે વગર કહ્યે તારી વાતની મને ખબર પડી જાય!

શેઠાણી લાડ કરતાં બોલ્યાંઃ તમને અમારી વાત સાંભળવાની ફુરસદ જ ક્યાં છે? રાતના નવ નવ ને દસ દસ વાગ્યા સુધી પેઢી પર બેસી રહો છો. જમી પરવારીને આવીને જોઈએ તો પથારીમાં ઘસઘસાટ ઘોરતા જ હોય! પછી મનમાં થાય કે આખા દિવસના થાક્યાપાક્યાને કોણ હેરાન કરે.

વાતાવરણ ફેરવાતું જતું હતું. ધીમે ધીમે પરિસ્થિતિ મને પ્રતિકૂળ થતી જતી હતી. કાંઈક ઉપાય શોધવો પડશે એમ મને લાગ્યું. મેં જે બનતું હતું તે જોતાં જોતાં તરકીબ શોધવા માંડી.

શેઠ શેઠાણીની પાસે જઈને બેઠાઃ ઓહો, એમાં આટલી ગુસ્સે થઈ ગઈ? તું ઊંઘમાંથી જગાડે તો હું કાંઈ તને વઢું નહીં.

શેઠાણી શેઠની વધુ પાસે સર્યાં ને બોલ્યાંઃ એ તો હવે જોયું જશે. શેઠે શેઠાણીના મુખને પોતાની પાસે ખેંચ્યું, શેઠાણી શરમાઈ ગયાં હોય તેમ થોડો કૃત્રિમ વિરોધ કર્યો. એથી શેઠ

વધુ ઉત્તેજાયા ને શેઠાણીના ખભા પકડીને એમને હલાવી નાખ્યાં. આથી શેઠાણી ખુશ થઈ ને બોલ્યાં: છોડો હવે, તમને તો આવું જ સૂઝે છે.

મારો ગભરાટ વધતો ગયો. મેં મારું ભાવી કલ્પી જોયું. હું પણ આ ઘરમાં જનમ લઈને પેઢીએ બેસતો થાઉં, આંતરડાની બિમારી ભોગવું ને સામે જ આવી જ એકાદ વધુ પડતી પુષ્ટ ને ભૂખાળવી શેઠાણીનો ધણી બનું... આ કલ્પનાથી મારો ગભરાટ વધી ગયો. હવે તો કાંઈક ઉપાય શોધવો જ પડશે. પલંગની પાસેની દીવાલના ગોખલામાં ઠાકોરજીને વેશે ભગવાન બેઠા બેઠા હસી રહ્યા હતા.

શેઠશેઠાણીની પ્રણયક્રીડા આગળ ચાલી, મારે શું કરવું? શેઠાણી હવે સાવ અનુકૂળ બની ગયાં હતાં. શેઠ ઊઠ્યા ને દીવો ઠારી આવ્યા. શેઠાણીના હાથ એમને વીંટળાઈ વળ્યા. મારું હૃદય ફફડવા માંડ્યું. અંધારામાં મેં ચારે બાજુ નજર કરી. કશું મારી મદદે આવે એવું લાગ્યું નહીં. શેઠાણીના શરીર પર ઉંદર દોડાવું તો? શેઠને ઠોકર વગાડું તો? પણ એથી કાંઈ બહુ મોટો અન્તરાય નહીં ઊભો થાય. વખત વહેતો જતો હતો. હું આ પૃથ્વી પર ફરી જન્મવાની પરિસ્થિતિની બહુ નજીક ધકેલાઈ રહ્યો હતો, ત્યાં એકાએક મારી નજર ટેલિફોન પર પડી, ને મેં એકાએક એની ઘંટડી રણકાવી. એની ધારી અસર થઈ. શેઠે શેઠાણીના બાહુપાશમાંથી છટકવાને પ્રયત્ન કર્યો. શેઠાણીએ શેઠને વધારે જોરથી વળગી પડીને કહ્યું: જો તમે ઊઠશો તો હું તમારી જોડે બોલીશ નહીં.

શેઠે કહ્યું: ગાંડી થા મા, કાંઈ અગત્યનું કામ હશે. એક મિનિટમાં શું ખાટુંમોળું થઈ જવાનું હતું?

ને શેઠ શેઠાણીના બાહુપાશમાંથી મુક્ત થયા. ફોનનું રિસિવર કાને માંડ્યું: ‘એલાવ, હું આજે રાતે તો નહીં... ના ના... વધારે ઊંડા ઊતરવામાં માલ નથી... આજે તો નહીં જ... શુક્રવારે?જોઈશું... વારુ ... કાલે.’ શેઠે રિસિવર મૂક્યું, ત્યારે એમના મુખ પર પ્રસન્નતાનું હાસ્ય હતું. શેઠાણી ફરી ધૂંધવાયાં. જેવા શેઠ પલંગ પર ગયા કે તરત પૂછ્યું: કોણ હતું એ?

શેઠે કહ્યું: કોઈ નહીં, એ તો અમથું...

શેઠાણી એકદમ છંછેડાઈ પડીને બોલ્યાં: અમથુંબમથું કાંઈ નહીં, બોલો, આજે રાતે ક્યાં જવાના હતા? એ ઊંડે ઊતરવાની વાત શી હતી?

શેઠ ગુસ્સે થયા: એ બધાની તારે શી પંચાત? અમારે ધંધા અંગે ગમે ત્યાં જવું પડે...

શેઠાણી વચ્ચેથી જ તૂટી પડ્યાં: જોયો તમારો ધંધો! એવા તે શા તમારા ધંધા છે કે રાતે...

શેઠ એમને વચ્ચેથી અટકાવીને ત્રાટક્યા: બસ, બસ, જીભડી બહુ ના ચલાવ.

પરિસ્થિતિ પાછી મારે માટે સુધરી ગઈ. હજી વાત આટલેથી અટકે એમ નહોતી.

શેઠાણી બોલ્યાં: હું તો બોલીશ, ઘાંટા પાડી પાડીને બોલીશ ને આખી શેરીને ગજાવી મૂકીશ.

એટલે શેઠ પલંગ પરથી અર્ધા ઊભા થઈ ગયા ને બોલ્યા: એમ જોવું છે તારે?

શેઠાણીએ ડર્યા વિના જવાબ આપ્યો: એમ ધમકી શાની આપો છો? શું કરી લેવાના છો? કરો જોઉં. હૈયાફાટ ક્રન્દન હમણાં ઓરડાને ગજાવી મૂકશે એમ લાગતું હતું. પણ એકાએક બધું શાન્ત જોઈને મને વહેમ ગયો. મેં જોયું તો પરિસ્થિતિએ અણધારો પલટો લીધો હતો. હવે મારે ઊગરવાનો કશો ઉપાય નહોતો. ગોખલામાં ભગવાન બેઠા બેઠા બધું જોતા હસી રહ્યા હતા. મેં રોષમાં એમને ગબડાવી પાડયા. ઠાકોરજીની છબિ ફરસબંદી પર પડીને ભાંગી ગઈ.

શેઠાણી સફાળાં બેઠાં થઈ ગયાં ને બોલ્યાં: હાય રે! કેવું અપશુકન! આજે નહીં... શેઠ પણ હાથ જોડી આંખ બંધ કરી જેશ્રીકૃષ્ણ જેશ્રીકૃષ્ણનો જાપ જપવા લાગ્યા. ને આમ હું તે રાતે તો અજાતક રહ્યો.

# બે ચુમ્બનો

અંજુ ચકલીને ઉડાડીઉડાડીને થાકી, કેમે કરી એ ઓરડાની બહાર નીકળતી નહોતી. બારીના 'શટર' જોડે અથડાઈને પાછી પંખાની પાંખ ઉપર આવીને બેસી જતી હતી. કદાચ સાંજ પડી ગઈ હોવાથી એને હવે સૂઝતું નહોતું. પણ એ જો આખી રાત આ ઓરડામાં રહે તો પોતાને ઊંઘ નહીં આવે એવા ખ્યાલે અંજુ રાત પડી જાય તે પહેલાં એને બહાર કાઢવાનો પ્રયત્ન કરતી હતી. પણ એમ કરતાં વળી એને દયાની લાગણી પણ થઈ આવતી: છો ને બિચારી અહીં બેસી રહેતી, માળો ભૂલી ગઈ હશે ત્યારે જ ને!

પાસેના દીવાનખાનામાં શ્રીપતરાય જરાક અસ્વસ્થ થઈને આંટા મારતા હતા. કોલેજમાં રજાઓ પડી ગઈ હતી, ને આજે સવારથી કાંઈ એવો પવન નીકળ્યો હતો! એથી જાણે બધું જ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. કશીક અકારણ અધીરાઈ, વિહ્વળતા એમના લોહીમાં સળવળી ઊઠી હતી. એમણે જરા સ્વસ્થ થઈને કશાકમાં ચિત્તને પરોવવાના બહુ પ્રયત્ન કર્યા. અર્ધા કલાકમાં દશેક સિગારેટ અર્ધી પીધી ન પીધી ને ફેંકી દીધી. વૂડહાઉસની નવલકથા લીધી, ચારપાંચ પાનાં ઉથલાવ્યાં ને એય મૂકી દીધી. રેડિયો શરૂ કર્યો. પણ સિતાર પર જોગિયાના સૂર સાંભળતા વળી અસ્થિર થઈ ઊઠ્યા. આખરે પાળેલી બિલાડી કેટીને ખોળામાં લીધી, એને થોડાં લાડ લડાવ્યાં, પણ બિલાડીને કોણ જાણે શો તુક્કો આવ્યો તે એ એકાએક કૂદીને વરંડામાં દોડી ગઈ. આથી, બીજું કશું ન સૂઝતાં શ્રીપતરાય દીવાનખાનામાં આંટા મારવા લાગ્યા.

શ્રીપતરાયનાં પત્ની ને અંજુનાં મા મંજુબેન એકાગ્ર બનીને, બારી આગળનો લેમ્પ સળગાવી, કશુંક ભરવાગૂંથવામાં પરોવાયાં હતાં. એમની આંગળીઓ ભારે ચપળતાથી

ફરી રહી હતી. એમની આંખો આંગળીની દરેક હિલચાલને અનુસરતી હતી. એકાદ ખોટો આંટો લેતાં એમની ભ્રમર વંકાઈ જતી ને ભરેલું ઉકેલી નાખીને એઓ ફરીથી કૃતનિશ્ચયી બનીને ભરવાના કાર્યમાં પરોવાઈ જતાં હતાં. એમની આ સ્વસ્થતા ને એકાગ્રતાથી શ્રીપતરાય વધુ અસ્વસ્થ બની જતા હતા.

અંજુ આખરે થાકીને બારી આગળની આરામખુરશી પર બેસી પડી. શ્રમને લીધે એના ગાલ પર રતાશ દોડી આવી હતી. એ સાડીના છેડાથી પવન ખાવા લાગી. બહાર હીંચકા આગળના મોગરાને અસંખ્ય કળીઓ બેઠી હતી. આ બાજુ લીમડાની મંજરી મહેકી ઊઠી હતી, પાસેના શિરીષવૃક્ષ પરથી શિરીષનાં ફૂલોની ક્ષીણ વાસ આવતી હતી, અંજુ પોતાના હૃદયના ધબકારાને સાંભળતી બેઠી હતી ત્યાં પંખા પર બેઠેલી ચકલીએ બહાર નીકળવાને ફરી એક પ્રયત્ન કરી જોયો. એની આંધળી ગતિનો બહાવરો ફડફડાટ અંજુ સાંભળતી બેસી રહી.

શ્રીપતરાયે પોતાની ખુરશી બારીના લેમ્પની પાસે ખસેડી. વીજળીના દીવાના તેજમાં દેખાતી એમની પત્નીની મુખાકૃતિને એઓ જોઈ રહ્યા. મંજુનો દેહ ભરાવદાર હતો. પ્રૌઢ વયમાં પણ એ ચહેરો નમણો લાગતો હતો. અલબત્ત, યૌવન સમયની તન્વી મંજુના પર જાણે માંસ અને ચામડીનું એક બીજું પડ ચઢાવ્યું હોય એમ લાગતું હતું. પણ એની દૃષ્ટિ હવે સ્થિર બની ગઈ હતી; એની ચાલમાં લાલિત્યને સ્થાને ગૌરવ આવી ગયું હતું. એના અવાજમાં વાર્ધક્યમાં આવનારી પરુષતાનો પહેલો સ્પર્શ હવે વરતાવા લાગ્યો હતો. શ્રીપતરાય આ બધું વીગતે જોતા હતા – ત્યાં મંજુના હાથમાંનો દોરો તૂટી ગયો. જીભથી દોરાના છેડાને સહેજ ભીનો કરી એને વળ ચઢાવીને એ સોયમાં પરોવવા જતી હતી. શ્રીપતરાયને આ ક્રિયા ખૂબ આકર્ષક લાગી, ને તરત એમના સ્મૃતિપટ પર એક ચિત્ર અંકાઈ ગયું. લગ્ન પહેલાં મંજુને ઘરે એઓ એમના મિત્ર સાથે ગયા હતા ત્યારે મંજુ આમ જ વાડીના હીંચકા પર બેઠી વેણી ગૂંથવાને સોયમાં દોરો પરોવી રહી હતી. પછી તો ફૂલો ગૂંથાતાં ગયાં ને ...

શ્રીપતરાયનો હાથ મંજુ તરફ લંબાયો, બંને વચ્ચેના અવકાશમાં એ થોડી વાર દ્વિધાગ્રસ્ત દશામાં અટકીને લબડતો રહી ગયો, એની આંગળીનાં ટેરવાં ધ્રૂજવા લાગ્યાં, એને કાંડે પરસેવાની સેર ફૂટી; ને શ્રીપતરાયે પોતાના હાથને પાછો ખેંચી લીધો. મંજુનું

તો એ તરફ જરાય ધ્યાન સરખું નહોતું. એની આંગળીઓ ફરી એટલી જ ચપળતાથી ફરવા લાગી. ને એની આંખો એ આંગળીની ગતિને અનુસરવા લાગી. શ્રીપતરાયે એક નિ:શ્વાસ નાંખ્યો ને મંજુ તરફ જોયું. મંજુ એવી ને એવી અવિચળ હતી. એઓ ફરી ખુરશી પરથી ઊઠ્યા ને ટિપાઇ પરના ડિકેન્ટરમાંથી ગ્લાસમાં ઠંડું પાણી રેડ્યું, પછી જાણે ખૂબ સ્વાદપૂર્વક એને પીવા લાગ્યા.

ચકલીએ બેસવાની જગ્યા બદલી. કદાચ પંખો હવે એને અંધારામાં સૂઝ્યો નહીં એટલે એ કબાટ પર બેસી ગઈ. અંજુ ખુરશીમાં બેઠી બેઠી બારી બહાર પ્રસરતા અન્ધકારને જોઈ રહી. એને પહેલાં તો એમ હતું કે જરા શણગાર કરવો. આનન્દ આજે પહેલી જ વાર એને ઘરે આવવાનો હતો – ને તેય પપ્પા ને મમ્મીની સંમતિથી. પણ પછી એને થયું: એ પ્રસંગને એ રીતે અસાધારણ બનાવવાનો પ્રયત્ન કરીશ તો બધું જ અસાધારણ બને એવી અપેક્ષા રહેશે. એવું શા માટે? સાધારણમાંથી જ એકાએક કશુંક અસાધારણ ડોકિયું કરીને ચમકાવી દે તેમાં જ મજા. આવા ખ્યાલે એ સ્વાભાવિકતાનો ડોળ કરતી ખુરશી પર બેઠી બેઠી પોતાના અસ્થિર ને વિહ્વળ હૃદયના ધબકારા સાંભળી રહી હતી.

બિલાડી પાછી અંદર આવી ને શ્રીપતરાયની ખાલી ખુરશી ઉપર જઈને બેસી ગઈ. બે પગ વચ્ચે આરામથી માથું ગોઠવીને એ જાણે ઊંઘવા લાગી. શ્રીપતરાય મંજુની પીઠ આગળ આવીને ઊભા રહ્યા ને એના ખભાના સુડોળ માંસલ ઢોળાવને જોઈ રહ્યા. એની ગરદન ઉપરનો પેલો તલ હજુ એમનો એમ હતો. એમના ઉષ્ણ ઉચ્છ્વાસના સ્પર્શથી મંજુએ સહેજ ગરદન વાંકી કરી. એમ કરવાથી પડેલી ગડીમાં પેલો તલ ખોવાઈ ગયો, ને ગરદન સીધી થતાં પાછો પોતાને અસલ સ્થાને સ્થિર થઈને બેઠો. શ્રીપતરાય ફરી પોતાની ખુરશી આગળ ગયા, બિલાડીને ઊંચકી, પોતે ખુરશી પર બેઠા ને મંજુના ખભા તરફ જોતાંજોતાં બિલાડીના બરડાને પંપાળવા લાગ્યા. બિલાડી કૃતજ્ઞતાપૂર્વક શ્રીપતરાય સામે જોઈ રહી.

અંજુએ ધીમે રાગે એક ગીત ગૂંજવા માંડ્યું. એ ગીતને શબ્દો નહોતા. કેવળ સૂર હતા. એની આંગળીઓ ખુરશીના હાથ પર એ સૂરને તાલ આપવા લાગી. એ સૂરમાં ચાંદની રાતે પોયણી પવનની આછી લહરથી સહેજ ડોલે તેવું આન્દોલન હતું; પ્રણયના

આવેગના ભારથી પ્રિયતમા પ્રિયતમને ખભે માથું ઢાળે ત્યારે ગ્રીવાને જે નયનસુખ બંકિમતા પ્રાપ્ત થાય તેવી બંકિમતા હતી; દૂરદૂરના તારાના તેજપલકાર જેવી એની ચંચળ દ્યુતિ હતી. અંજુ સૂરની તરલ કેડીએ થઈને અણજાણપણે પ્રણયના ઝંઝાવાતની દિશામાં જઈ રહી હતી.

શ્રીપતરાયે મંજુને એકાએક પૂછ્યું: મંજુ, યાદ છે તને, આપણે પહેલી વાર ક્યારે મળ્યાં હતાં તે? થોડી વાર સુધી મંજુના જવાબની એમણે રાહ જોઈ. મંજુ સહેજ સળવળી ને પૂર્વવત્ કામમાં પરોવાઈ ગઈ. આથી શ્રીપતરાયે જ પોતાના પ્રશ્નનો જવાબ આપ્યો: આપણે એલિફન્ટા મછવામાં જવા નીકળ્યાં હતાં. તું તારી મંડળીમાં હતી, હું મારી મંડળીમાં – અકસ્માત જ ભેગાં થઈ ગયાં હતાં. તું કેવી રમતિયાળ હતી, ચંચળ હતી! મછવાની એક ધારે બેસીને ઝૂકી ઝૂકીને પાણીમાં હાથ ઝબકોળી અંદર બેઠેલાંનાં પર પાણી ઉડાડતી હતી. ત્યાં એકાએક તું વધારે ઝૂકી ગઈ ને પાણીમાં સરી જતી હતી ત્યાં મેં તને પકડી લીધી. તને ખેંચી લેવાને પકડેલો તારો હાથ મારા હાથમાં રહી જ ગયો. આજુબાજુનાં બધાંની નજર આપણા પર મંડાઈ છે એનું ભાન થયું ત્યારે જ તેં હાથ ખેંચી લીધો. યાદ છે, આપણું એ પ્રથમ પાણિગ્રહણ?

મંજુ સહેજ હસી. એની આંખ આગળ એ દૃશ્ય ખડું થયું. ત્યારે એ બહુ તોફાની હતી. એને બધું બરાબર યાદ છે: એ કાંઈ પડી તો નહોતી જવાની: જો ત્યારે એનો હાથ પકડાયેલો ન હોત તો એણે તમાચો જ ખેંચી કાઢ્યો હોત! આથી 'પાણિગ્રહણ' શબ્દ સાંભળીને એ હસી. બિલાડી શ્રીપતરાયના ખોળામાંથી કૂદીને મંજુની પાસે આવી, એના પગ સાથે પોતાનું શરીર ઘસવા લાગી. મંજુએ એને પગ વડે દૂર હડસેલી મૂકી. બિલાડી વિરોધદર્શક અવાજ કરતી બારીની પાળ પર ચઢીને બેસી ગઈ.

અંજુનું ગીત ક્યારે હવામાં ખોવાઈ ગયું તેની એને પોતાને પણ ખબર ન પડી. એણે ઊઠીને ટેબલ પરની ચોપડીઓ સરખી ગોઠવવા માંડી. પોતાનો ભરતનાટ્યમ્‌ની મુદ્રામાં પાડેલો ફોટો ક્યાં સંતાડવો તેની જગ્યા એ શોધવા લાગી. શોધતાં શોધતાં એ કબાટ પાસે ગઈ. ત્યાં ઉપર બેઠેલી ચકલીની નિદ્રાગ્રસ્ત છતાં ખુલ્લી આંખો તરફ એની નજર ગઈ. ચકલીની સ્વસ્થતામાં ભંગ ન પડે એટલા માટે એ ચોરપગલે ચાલીને ટેબલ પાસે જતી હતી ત્યાં આનન્દનો ટહુકો સંભળાયો: અંજુ! એ ટહુકાર આખી ઓરડીમાં

મીઠાશની લ્હાણ કરતો ફરી વળ્યો. એ મીઠાશમાં તરબોળ બનીને એણે આનન્દ સામે જોયું, ને ઘડિયાળમાં સાતના ટકોરા પડ્યા.

મંજુની આંગળીઓ એ જ ગતિએ ફરી રહી હતી. એ નાનકડી આંગળીઓની કૃતનિશ્ચયતા શ્રીપતરાય જોઈ રહ્યા. એ આંગળીઓ ફરતી અટકી પડે તો કેમ જાણે આખું ઘર કડડભૂસ તૂટી પડવાનું ન હોય! આવી કશીક ભીતિ એ આંગળીમાં ગતિનો સંચાર કરતી હોય એવું શ્રીપતરાયને લાગ્યું. એ આંગળીઓના પર એમને એકાએક દયાની લાગણી થઈ આવી. આ ગતિના અન્ધ આવર્તમાંથી એનો ઉદ્ધાર કરવાની પુરુષસહજ વૃત્તિથી એઓ આગળ વધ્યા ને મંજુનો હાથ પકડવા ગયા ત્યાં અંજુએ દીવાનખાનામાં પ્રવેશ કરતાં કહ્યું: મા, આ આનન્દ!

એ 'આનન્દ' શબ્દમાં અંજુના હૃદયની વિહ્વળતા, મધુરતા, પ્રણયની પ્રથમાવસ્થાનાં આશંકા અને ભીતિ બધું છલકાઈ ઊઠ્યું. ક્યાં સુધી એ ઓરડાના વાતાવરણમાં એ 'આનન્દ' શબ્દ તરતો જ રહ્યો, એનો રણકાર શમ્યો જ નહીં.

શ્રીપતરાયે ફરી પીછેહઠ કરી ને પોતાને સ્થાને બેસી ગયા. મંજુની આંગળીઓ ફરતી જ રહી. એની આંખો પણ ઊંચી ન થઈ. માએ આંખો ઊંચી કરીને આનન્દ સામે જોયું નહીં તેથી અંજુ સહેજ નાખુશ થઈ. એણે આનન્દ સામે જોયું, આનન્દ મંજુની આંગળીઓની ગતિ જોઈ રહ્યો હતો. અંજુએ પણ એ આંગળીઓ જોઈ – ને તરત એની આંખ સામે પેલી નિદ્રાગ્રસ્ત પણ ભયત્રસ્ત ચકલીની ફફડતી પાંખો ખડી થઈ ગઈ.

મંજુ બેચાર જરૂરી શબ્દો બોલી, શ્રીપતરાયે થોડી વાત કરી. પછી ચા આવી, એટલે બધાં ઊઠીને ગોળ ટેબલ આગળ ગયાં. મંજુએ ગૂંથવાનું કામ બાજુએ મૂક્યું ને આળસ મરડીને એ ઊભી થઈ. એ પણ બધાંની સાથે આવીને બેઠી. આનન્દના પરથી ખસીને અંજુની નજર ફરી માની આંગળી પર ગઈ – હજુ એમાં પેલો સળવળાટ ને ફફડાટ હતો, ગરોળીની કપાઈને છૂટી પડી ગયેલી પૂંછડીમાં હોય છે તેવો.

આનન્દના પગ આગળ કેટી આવીને બેસી ગઈ. એણે 'મ્યાઉં' કરીને પોતાના તરફ ધ્યાન ખેંચ્યું, એટલે આનન્દે એના તરફ નજર કરી, ને જોયું તો ટેબલ નીચે

શ્રીપતરાયનો પગ મંજુબહેનના પગને થોડી થોડી વારે દાબી રહ્યો હતો, ને મંજુબહેનનો પગ એને સહેજ તોછડાઈથી હડસેલી રહ્યો હતો. આનન્દ આ જોતો હતો. ત્યાં ચા રેડતાં અંજુનો હાથ એને સ્પર્શી ગયો. એ સ્પર્શથી ચકિત થતાં અંજુનો હાથ સહેજ હાલી ગયો ને આથી થોડી ચા આનન્દના પર ઢોળાઈ. આ જોઈને મંજુબેન બોલ્યાં: અંજુ! એ સમ્બોધનમાં રહેલી ધારદાર તીક્ષ્ણતા આનન્દને પણ ડરાવી ગઈ.

શ્રીપતરાય ઊભા થયા, પાઇપ લઈને એમાં તમાકુ ઠાંસ્યો ને પછી થોડી વાર એ પાઇપને સળગાવ્યા વગર જ મોંઢામાં ગોઠવી રાખી, પછી એને સળગાવી. તમાકુના ધુમાડાનું આછું આચ્છાદન આખા ટેબલ પર ફરી વળ્યું. ચા પીવાનો વિધિ પૂરો થયો. મંજુબહેન જરા બોલ્યાં અંજુ, આનન્દને વાડીમાં ફેરવી લાવ.

આનન્દ અને અંજુ વાડીની ખુલ્લી હવામાં આવીને પ્રફુલ્લિત થયાં. મોગરાના મઘમઘાટે તેમને અકળાવી મૂક્યાં. વાતચીતને માટે બંને શબ્દોની શોધમાં નીકળ્યાં, પણ અર્ધેથી જ એ પ્રયત્ન છોડી દીધો. સાહેલીના લતાકુંજ નીચે ચાંદનીમિશ્રિત સુવાસમાં તરતાં તરતાં થોડો વખત સુધી એમણે અક્રમ જલ્પના ચલાવી, પણ કશાક અગમ્ય ભાવની ભરતીમાં એ અસમ્બદ્ધ વાતોનો રેતાળ કાંઠો ઢંકાઈ ગયો – ભરતીના છલકાવાનો અવાજ જ કેવળ હૃદયધબકારમાં સંભળાતો રહ્યો.

મંજુએ ફરી ગૂંથવાનું કામ હાથમાં લીધું નહીં. એણે સોફા પર બેસીને પાસેના ટેબલ પર ગોઠવેલા લાકડાના ઊંટને હાથમાં લીધું ને એના પર ચઢેલી ધૂળ ફૂંક મારીને સાફ કરવા લાગી. એના ફૂંક મારવાને ફુલાવેલા ગાલ શ્રીપતરાય જોઈ રહ્યા. પછી એઓ ચોરપગલે મંજુના સોફા તરફ આગળ વધ્યા...

બિલાડી અંજુના ખાલી ઓરડામાં ગઈ, એને કશીક ગન્ધ આવી. એના સ્નાયુઓ એકાએક સન્નદ્ધ બની ગયા, ને એણે આખા ઓરડામાં પોતાની નજર ફેરવી, ત્યાં કબાટ પર બેઠેલી ચકલી તરફ એની નજર ગઈ, ને એ ચોરપગલે કબાટ તરફ આગળ વધી...

અંજુ અંગૂઠા પર ઊંચી થઈ ને સહેજ ઊંચેનાં ફૂલોના ગુચ્છાને તોડવા મથતી હતી. એની આ અંગભંગીની મોહકતા આનન્દને પરવશ કરી રહી હતી. આનન્દ અંજુ ન જાણે તેમ

ચોરપગલે એની આગળ આવીને ઊભો રહ્યો, એની પાસે, અત્યન્ત પાસે અંજુનો ગાલ આવી ગયો, ને એણે અંજુને કર્ણમૂળ આગળ ચૂમી લીધી. અંજુ બહાવરી બનીને ઊભી જ રહી ગઈ…

શ્રીપતરાય સોફાની પીઠ સુધી મંજુનું ધ્યાન ખેંચ્યા વગર પહોંચી ગયા. મંજુના માથા પરનો કેશભાર, એની ગૌર ગ્રીવા ને પેલો ખભાનો માંસલ ઢોળાવ – એમનાથી ન રહેવાયું. એઓ એક આંચકાની સાથે ઝૂક્યા ને એ ખભાને એમણે મરણિયા બનીને ચૂમી લીધો. મંજુથી ચીસ પડાઈ ગઈ: ઓ મા!

આ ચીસ સાંભળીને આનન્દ અને અંજુ દીવાનખાનામાં દોડી આવ્યાં ને જોયું તો બિલાડી ચકલીને મોઢામાં ઘાલીને ક્યાં જઈને બેસવું તેની શોધમાં આંટા મારતી હતી, શ્રીપતરાય કેલેન્ડરનું પાનું ફાડતા હતા.

# લોહનગર

રાજા ઉગ્રસેન દરબાર ભરીને બેઠા છે. પરિસ્થિતિ ભારે વિકટ છે. મહામાત્ય બાહુબલિ પણ ભારે વ્યગ્ર છે. ત્યાં પ્રતિહારીએ સમાચાર આપ્યાઃ સુવર્ણપુરી ને માયાવતીના રાજદૂતો આવ્યા છે. આ સમાચારથી સભા સ્તબ્ધ બની ગઈ. રાજા ઉગ્રસેનને ફાળ પડી. છતાં રાજાને છાજે એવા રૂઆબથી એણે આદેશ દીધો. એમને અહીં હાજર કરો. સભા પૂતળાની જેમ બેસી રહી. રાજદૂતોએ આવીને રાજાને અભિવાદન કર્યું અને સોને ભરેલા રાતા વસ્ત્રમાં વીંટાળેલો પત્ર રાજાને આપ્યો. પત્ર વાંચતાં રાજાનો હાથ કંપવા લાગ્યો. સભાજનોનાં હૈયાં થરથર ધ્રૂજવા લાગ્યાં. પત્ર બાજુએ મૂકીને રાજાએ દૂતોને કહ્યું: કાલે સાંજ સુધીમાં તમને અમારો જવાબ મળી જશે. ત્યાં સુધી તમે અમારા અતિથિ છો. મન્ત્રીજી, એમને ચન્દનવાટિકામાં ઉતારો આપો.

રાજદૂતો વિદાય થયા. રાજાએ સભાને ઉદ્દેશીને કહ્યું: મહામાત્ય તથા સામન્તગણ, સુવર્ણપુરી અને માયાવતીનાં રાજ્યોએ આપણી સામે સંપ કર્યો છે, ને ખંડણીની માગણી કરી છે. એ રાજ્યોની વધતી જતી વસતિને માટે જો આપણે પૂર્વાંચલનો થોડો ભાગ કાઢી આપીએ, તો એ રાજ્યો આપણી સાથે મૈત્રીનો સમ્બન્ધ ટકાવી રાખશે અને જો ઉત્તર તરફ કુન્દવાસીઓ આપણા ઉપર આક્રમણ કરે તો તેની સામે યુદ્ધ કરી આપણું સંરક્ષણ કરશે. બોલો, આપણે શો જવાબ આપવો છે?

સભામાં ફરી નિસ્તબ્ધતા છવાઈ ગઈ. થોડી વાર પછી યુવાન સામન્ત રુદ્રદત્ત ફૂંફાડો મારીને ઊભો થઈ ગયો. એણે કહ્યું: એ આપણને હરગીઝ મંજૂર નથી. એ દેશોની વસતિ

વધતી હોય તો ત્યાંના નાગરિકો અહીં આવીને વસે. પણ એમના પર આધિપત્ય તો આપણું જ રહે.

એની સામે પ્રૌઢ સામન્ત ધૈર્યદત્તે કહ્યું: એ ભાવના તો સારી છે. પણ આપણી ઉપર આક્રમણ થાય તો આપણે બચાવ શી રીતે કરીશું? થોડા ભૂમિખણ્ડને માટે આપણે શોણિત વહેવડાવીશું?

રુદ્રદત્તે તરત ગરજી ઊઠીને કહ્યું: આપણી ભૂમિ વીર સૈનિકના શોણિતના સીંચનથી જ ઉર્વરા બને છે. આવી કાયરની વાણી આપણે મુખે ન શોભે.

રાજા ઉગ્રસેને કહ્યું: તો સામન્ત રુદ્રદત્ત આક્રમણનો સામનો કરવાની જવાબદારી લે છે? સામન્ત રુદ્રદત્તે ઊભા થઈ, અદબથી ઝૂકીને કહ્યું: હા, મહારાજ.

રાજા ઉગ્રસેને પ્રતિહારીને બોલાવીને આદેશ દીધો: સુવર્ણપુરી અને માયાવતીના રાજદૂતોને હાજર કરો.

આશ્ચર્ય પામેલા રાજદૂતો સભામાં હાજર થયા. રાજાએ એમને ઉદ્દેશીને કહ્યું: અમારા આધિપત્યનું અમે ગમે તે ભોગે રક્ષણ કરવા ઇચ્છીએ છીએ. તમારા દેશના નાગરિકો અમારે ત્યાં આવીને અમારા નાગરિક થઈને વસી શકે છે. એમની આબાદી તે અમારી આબાદી છે. પણ અમારી ભૂમિ ઉપર અન્ય દેશનાં સૈન્ય કે રાજ્યશાસનને અમે આવકારતા નથી. આ અમારો જવાબ છે.

માયાવતીના રાજદૂતે કહ્યું: જો આ તમારો આખરી જવાબ હોય તો આવતી કાલે મધરાતને સમયે અમારાં સૈન્યો તમારા નગરના પ્રવેશદ્વાર આગળ આવી પહોંચશે. ત્યારે અમારું સ્વાગત કરવા તૈયાર રહેજો.

સુવર્ણપુરીના રાજદૂતે કહ્યું: અમારો દેશ જરા દૂર છે, એટલે અમે ત્રીજા દિવસે પ્હો ફાટતાં આવી પહોંચીશું.

રાજદૂતો વિદાય થયા.

રાજાએ રુદ્રદત્તને કહ્યું: નગરના સંરક્ષણ માટે તમે શી યોજના વિચારી છે?

રુદ્રદત્તે કહ્યું: મહારાજ, એને માટે રાજ્યનાં આબાલવૃદ્ધે કામે લાગી જવું પડશે. મહારાજ જાણે છે કે આપણા રાજ્યમાં લોહપાષાણનો ચણેલો કોટ ભેદવો ભારે મુશ્કેલ છે. લોહપાષાણની મોટી દીવાલ હું નગરની આજુબાજુ ચણાવવાની વ્યવસ્થા કરું છું પણ એ દીવાલથી જ આપણું કામ સરે એમ નથી. ઉપરથી આખા નગરને ઢાંકી દે એવું વિશાળ લોહમય આચ્છાદન તૈયાર કરાવવાનું મેં વિચાર્યું છે.

બેચાર વૃદ્ધ સભાજનો બોલી ઊઠ્યા: આ તે કાંઈ એક દિવસમાં બને એવી વાત છે?

રુદ્રદત્તે સ્થિર અવાજે કહ્યું: એકેએક નગરવાસીએ એમાં સાથ દેવો પડશે. બાળક, નારી, યુવાન, વૃદ્ધ, રાજા, સામન્ત, પ્રધાન, વૈશ્ય, ક્ષત્રિય, શૂદ્ર – પ્રાણીઓને પણ કામે લગાડીશું.

વળી ધૈર્યદત્તે વિરોધનો સૂર કાઢતાં કહ્યું: મહારાજ, આપણે હાથે આપણી ચારે બાજુ દીવાલ ચણીને આપણે કારાગારમાં પુરાઈશું?

રુદ્રદત્તે એની સામે ગરજીને કહ્યું: પરદેશીઓના આક્રમણનો સામનો કરવો હોય તો મારા આદેશને અનુસરવું પડશે.

રાજાજ્ઞા થઈ: નગરના સંરક્ષણનું કામ સામન્ત રુદ્રદત્તને હું સોંપું છું. સંરક્ષણ માટે એને જે પગલાં જરૂરી લાગે તે એ ભરશે. એ કાર્યમાં કોઈ પણ રીતે દખલ કરનારને દેહાન્તદણ્ડની શિક્ષા થશે.

તે જ દિવસની બળબળતી બપોરથી કામ શરૂ થયું. મોટી મોટી શિલાઓ નીચે માણસો ઢંકાઈ ગયા. માતાનાં હાલરડાં બંધ થયાં, બાળકોનું હસવું બંધ થયું. કેવળ ઓજારોનો અવાજ કાને સંભળાવા લાગ્યો. આથમતા સૂરજનેય કોઈ જોઈ શક્યું નહીં. દીવાલ ચણતાં કેટલા ભેગા ચણાઈ ગયા તેનો કોઈ હિસાબ કરવા નવરું નહોતું. સાંજ પડી: પંખીઓ બધાં બહાર રહી ગયાં. બહારનું ચણતર કરનારા બહાર રહી ગયા, માતા ને પુત્રનો વિયોગ થયો, પ્રિયતમ ને પ્રિયતમાનો વિયોગ થયો, પ્રણયના અર્ધા ઉચ્ચારાયેલા

શબ્દો એક બાજુ રહી જઈને હવામાં ભટકવા લાગ્યા. રાત પડી; અમાસની રાતથીયે ગાઢો અન્ધકાર નગરને ઘેરી વળ્યો. ઉપરનું આકાશ પણ ઢંકાવા લાગ્યું ને મધરાત થતાંમાં તો આકાશનો પૂરેપૂરો લોપ થયો; તારાની લઘુ તેજદષ્ટિથી પણ નગરજનો વંચિત થયા. બીજો દિવસ એ નગરમાં ઊગ્યો જ નહિ; કારણ કે સૂર્ય કયા આકાશમાં ઊગે? પંખીઓ ક્યાં ગીત ગાય? માતાનું હાલરડું નહીં, બાળકનાં હાસ્ય નહીં, પ્રેમીઓના પ્રણયાલાપ નહીં, ગાયોનું ભાંભરવું નહીં, વૃક્ષોનો પર્ણમર્મર નહીં, વાયુનો સંચાર નહીં – અંદર એકલી નરી સુરક્ષિતતા. પણ એ સુરક્ષિતતા સાવ આંધળી હતી, સાવ મૂંગી હતી, સાવ બહેરી હતી.

મધ્યાહ્નનો પ્રખર સૂર્ય પૃથ્વી ઉપર તપવા લાગ્યો. એના પ્રકાશમાં નગર ઉપરનું લોહનું આચ્છાદન તગતગી ઊઠ્યું – જાણે પૃથ્વીના અંગ પર પડેલું ઘારું. આજુબાજુની હવા નગરની દીવાલ સાથે માથું પછાડીને નિસાસા નાખવા લાગી, પંખીઓ દયામણી મીટ માંડીને એ આંધળી દીવાલને જોઈ રહ્યાં, રસ્તાની રજ ઊડી ઊડીને પાછી આવી. દિવસ નમ્યો, સાંજ થઈ, રાત પડી, ચન્દ્ર ઊગ્યો. એ ચન્દ્રના પ્રકાશમાં કોઈ વિશાળકાય પિશાચના મસ્તકની જેમ એ બંધ નગર બિહામણું લાગવા માંડ્યું. માયાવતીનું સૈન્ય આવ્યું, ઘોડાઓ ચમક્યા, હાથીઓ ગાંડા થયા, માણસો આ ભયંકર દશ્ય જોઈને મૂઢ થઈ ગયા. આખું સૈન્ય હતું ન હતું થઈ ગયું. વહેલી સવારે સુવર્ણપુરીનું સૈન્ય આવ્યું. માયાવતીના સૈન્યની થયેલી અવદશાના અવશેષો જોઈને એ અર્ધેથી જ થંભી ગયું. પણ બંધ નગરને અથડાઈને આવતી હવાના નિસાસા માણસોને સંભળાયા; ધરતીના કણેકણમાંથી મૂક રુદન એકાએક ચારેબાજુ છલકાઈ ઊઠ્યું. સૂર્યચન્દ્ર ને તારાના તેજના સ્પર્શ વિનાની, પંખીના ટહુકારા વિનાની, બાળકોના હાસ્ય વિનાની, પવનના સંચાર વિનાની એ ધરતીના રુદનથી હવા થરથરી ઊઠી. સૈન્ય આખું અજાણ્યા ભયથી સ્તબ્ધ થઈ ગયું, ત્યાં ને ત્યાં જ જડાઈ ગયું.

હજુ તમે રાજા ઉગ્રસેનની એ રાજધાની આગળથી પસાર થાઓ તો તમને ધરતીનું એ રુદન સંભળાશે, આજુબાજુ કેટલાય જોજનના વિસ્તારમાં હવે વનસ્પતિ નથી. કેવળ રેતીનો અખૂટ વિસ્તાર છે. કહે છે કે એ નગર અર્ધું રેતીમાં દટાઈ ગયું છે. પણ રાતે ત્યાંથી કોઈ કાફલો હજુ પસાર થઈ શક્યો નથી. એ નગરની અંદર પુરાઈ રહેલી

પેલી આંધળી, બહેરી ને મૂંગી સુરક્ષિતતા બધાંને ડરાવે છે. ધરતીનું મૂક રુદન હૃદયને હચમચાવી નાંખે છે. જ્યારે એના પર રણ પૂરેપૂરું ફરી વળશે, ને રેતીના થર નીચે એ દટાઈ જશે ત્યારે સુરક્ષિતતાનો મોક્ષ થશે. ત્યારે ફરી આ ધરતી પર મનુષ્યની પગલી પડશે, એ પગલીની હૂંફ પામીને વનસ્પતિનો અંકુર ફૂટશે, એ વનસ્પતિની ડાળે ડાળે ફરી પંખી ટહુકશે. પછી પાણીની સરવાણી ફૂટશે. એક છાપરું થશે, બીજું છાપરું થશે, મનુષ્યનો કણ્ઠ સંભળાશે, ચાંદનીનાં અમૃત રેલાશે, પ્રેમીઓની ગુપ્ત પ્રણયગોષ્ઠીથી પવનને રોમાંચ થશે, સૂરજદાદા આવીને બાળકના દન્તહીન હાસ્યની રતાશમાં તરબોળ થશે.

પણ આજે તો ત્યાં નિસ્તબ્ધતા છે. એ નિસ્તબ્ધતા કદિક કદિક આપણા હૃદયમાં પડઘા પાડે છે ત્યારે ભર્યા ભર્યા આપણા સંસાર વચ્ચે આપણે ચોંકી ઊઠીએ છીએ. ત્યારે બહાર દૃષ્ટિ કરીને આકાશને જોઈને નિશ્ચિન્ત થઈએ છીએ, બાળકને ખોળે લઈએ છીએ ને એને હસાવીને પેલી નિસ્તબ્ધતાને હઠાવીએ છીએ.

# ઢીંગલી, કુસુમ, પદ્મિની, સુએઝ...

(ચિ.તોત્ઝુકાની પ્રથમ વર્ષગાંઠની સ્મૃતિમાં)

કુસુમ ભારે જિદ્દી છે. અમારી કુસુમ સ્તો! સવારનો જ કજિયો માંડીને બેઠી છેઃ ચાલો, બહાર ફરવા જઈએ. હું કહું છુંઃ બહેન, આજે રવિવાર નથી, રવિવારે સવારે આપણે જઈશું. તો કહે છેઃ રવિવાર નથી તો ક્યાં ગયો છે? કરી દો એને હમણાં ને હમણાં હાજર. એનો ઠસ્સો જોઈને મને હસવું આવે છે. હું કહું છુંઃ ભલે! હું ઊઠીને બીજા ઓરડામાં જાઉં છું ને મોટે સાદે બોલું છુંઃ રવિવાર, અલ્યા, રવિવાર, કેમ સાંભળતો નથી, પછી હું જ સહેજ અવાજને ઘોઘરો કરીને બોલું છુંઃ શું છે? હું મારા અસલ અવાજે ફરી બોલું છુંઃ કુસુમબાલાનો હુકમ છે, હમણાં ને હમણાં હાજર થઈ જા. વળી હું જ એનો જવાબ આપું છુંઃ હમણાં તો મારાથી ન અવાય. મને ભગવાને દરિયામાં ઊંડે ઊંડે એક નાની છીપલીમાં પૂરી રાખ્યો છે. ફરી આગલા ઓરડામાં જઈને કુસુમને કહું છુંઃ રવિવાર તો દરિયાદાદાના પેટાળમાં નાની શી છીપલીની કેદમાં છે. કુસુમ મૂંઝાય છે; તો શું કરીએ? પણ તરત જ એની આંખમાં નવી કલ્પનાનો ચમકારો દેખાય છે, ને હું હાથમાં લીધેલું ‘ટાઇમ્સ’ નીચે મૂકી દઉં છું. કુસુમ કહે છેઃ દરિયામાં તો પરવાળાનો બેટ છે, ને એ બેટમાં એક જળપરી છે. એ મારી બહેનપણી છે. પણ એ મને રાતે સપનામાં જ મળે છે. હું આ તક ઝડપી લઈને કહું છુંઃ તો આજે રાતે યાદ રાખીને જલપરીને કહેજે કે રવિવારને કેદમાંથી છોડાવે. કુસુમ સહેજ વિચારમાં પડી જાય છે. હું ફરી હિંમત કરીને ‘ટાઇમ્સ’ હાથમાં લઉં છું. પહેલા પાના પર જ મોટામોટા અક્ષરે બ્રિટન તથા ફ્રાન્સે ઇજિપ્ત પર કરેલા આક્રમણના સમાચાર છે. યુદ્ધમાં થયેલી ખુવારીના આંકડા પર મારી

નજર હતી ત્યાં કુસુમ બોલી ઊઠે છે, પપ્પા, ચાલો ને બહાર જઈએ. હું વળી કહું છું: કુસુમ, આજે રવિવાર નથી. કુસુમ પૂછે છે: તો આજે શું છે? હું કહું છું: આજે ગુરુવાર છે. કુસુમ મોઢું બગાડીને કહે છે: પપ્પા, મને ગુરુવારનું મોઢું ગમતું નથી. હું ત્રાંસી આંખે ખુવારીના આંકડા વાંચતો જાઉં છું, ઠંડી થવા આવેલી ચાનો ઘૂંટડો પીઉં છું ને વાતને ચાલુ રાખવા ખાતર કહું છું: કેમ વારુ? ગુરુવારે તારું શું બગાડ્યું? કુસુમ કહે છે: એ જ ગુરુવારે તમે મને બાલવાડીમાં પૂરી આવ્યા હતા, ખરું ને? એ ગુરુવારનું તો હું નાક જ ચીબું કરી નાખીશ. હું કહું છું: વારુ, ગુરુવાર તારા હાથમાં આવે તો મને કહેજે, હું તને મદદ કરીશ. વળી કુસુમ વિચારે ચઢે છે. હું ‘ટાઇમ્સ’માં આગળ વધું છું. ‘ગંગા નદીમાં ડૂબી ગયેલી હોડી, પચાસ બાળકો ને સ્ત્રીઓ ડૂબી ગયાં... હું ચાનો બીજો ઘૂંટડો ગળું છું. ત્યાં કુસુમ ફરી પાસે આવીને કહે છે: પપ્પા, ચાલો ને બહાર ફરવા જઈએ. મને હવે કશો ઉપાય સૂઝતો નથી. હું કહું છું. કુસુમ, તું બીકણ છે કે બહાદુર? કુસુમ છાતી ફુલાવીને કહે છે: બહાદુર! હું કહું છું: તો બહાદુર છોકરી તો એકલી ફરવા જાય, ડરે નહીં. કુસુમ બોલી: વારુ, તો હું જાઉં છું. એ તો ખરેખર પગથિયાં ઊતરવા લાગી. બહાર રસ્તા પર તો ટ્રક, બસ, ટેક્સી – હું બૂમ પાડી ઊઠ્યો: કુસુમ, પણ તું ક્યાં જશે એ તો કહે. કુસુમ કહે: એ તો મારી ઢીંગલી જાણે. મેં કહ્યું: તો તું તારી ઢીંગલીને પૂછીને મને કહે તો ખરી. કુસુમ કહે: વારુ, હું પૂછીને કહું છું હં. ને કુસુમ દોડી ઢીંગલી પાસે. મેં ‘ટાઇમ્સ’ આગળ વાંચ્યું. અમેરિકાએ કરેલો હાઇડ્રોજન બોમ્બનો વધુ એક ધડાકો... એની સંહારશક્તિ વિશે અમેરિકાની સરકારને થયેલો સન્તોષ ... ત્યાં કુસુમ પડી ગયેલે મોઢે મારી પાસે આવી. મેં પૂછ્યું: બેટા કુસુમ, શું થયું? એની આંખમાં ડબડબિયાં આવી ગયાં. ને ભરાયેલા અવાજે બોલવા લાગી: પપ્પા પપ્પા ... પણ આગળ બોલી શકી નહીં, મેં એને પાસે લીધી, ખોળામાં બેસાડી, થાબડીને પછી કહ્યું: શું છે બેટા? કુસુમ માત્ર એટલું જ બોલી: પપ્પા, ઢીંગલી ... હું સમજી ગયો. મને યાદ આવ્યું. કાલે કુસુમની માએ ગુસ્સે થઈને કુસુમની તૂટીફૂટી ઢીંગલીને ઘરની બહાર ફગાવી દીધી હતી. મેં કહ્યું: હં બેટા, હું તો તને કહેવાનું જ ભૂલી ગયો. કુસુમે ઉત્સુક થઈને પૂછ્યું: શું પપ્પા? મેં કહ્યું: તું કાલે મા સાથે ફરીને મોડી આવી ત્યારે હું ને ઢીંગલી ઘરમાં એકલાં હતાં, અમને બન્નેને તારા વગર જરાય ગમે નહીં. કુસુમ જરા મલકાઈને બોલી: હેં પપ્પા, હું જાઉં તો તમને નહીં ગમે? મેં કહ્યું: ના. આથી સન્તોષ પામીને કુસુમ મારી વધુ નજીક દબાઈ. એના નાનકડા દેહના એ દાબથી મને આશ્વાસન ન આપતી હોય! કુસુમે પૂછ્યું: પછી? મેં કહ્યું: પછી

ઢીંગલી તો બોલે નહીં ને ચાલે નહીં, સૂનમૂન ખૂણામાં બેસી રહી. હું એને ખૂબ સમજાવું, પટાવું, ફોસલાવું, પણ માને તો ને! એટલે કુસુમ કહે: હા રે, એવી તો જિદ્દી છે ને! એના હોઠ રોષમાં ફૂલ્યા. પછી ઘડીકમાં રોષ ચાલ્યો ગયો ને એણે પૂછ્યું: પછી? મેં કહ્યું: પછી તો ઢીંગલીથી ન રહેવાયું એટલે એ તો મંડી ચાલવા. કુસુમે પૂછ્યું: ક્યાં? મેં કહ્યું: મેંય એને એમ જ પૂછ્યું. કુસુમ કહે: એણે શો જવાબ દીધો? મેં કહ્યું: એ તો કહે કે હું તો જ્યાંથી આવી હતી ત્યાં ચાલી જાઉં છું. બસ, એટલું કહ્યું ને એ તો ચાલી ગઈ. હું તો તને કહેવાનું ભૂલી ગયો! કુસુમે વ્યગ્ર બનીને ડોક ઊંચી કરીને મારી સામે એની આંખો માંડીને કહ્યું: તો પપ્પા, ચાલો ને આપણે એને બોલાવી લાવીએ, મેં કહ્યું: પણ એ ક્યાંથી આવી હતી તેની તને ખબર છે?કુસુમે કહ્યું: એ તો પપ્પા, તમે જાણો છો. તમે જ તે દિવસે એને લઈ આવ્યા હતા ને? હવે મારાથી ના શી રીતે પડાય? કુસુમને કશાક કામમાં રોકવા માટે મને તરકીબ સૂઝી. મેં કહ્યું: એ તો આ છાપામાં સંતાઈ બેઠી છે. એટલે કુસુમે 'ટાઇમ્સ' મારા હાથમાંથી ઝૂંટવી લીધું. ને એનાં પાને પાનાં ખંખેરવા લાગી. મેં કહ્યું: એમ નહીં. એટલે કુસુમે પૂછ્યું: તો? મેં કહ્યું: હું તને કહું તેમ કર. એટલે કુસુમ ખોળામાંથી ઊતરીને ઊભી થઈ ગઈ. મેં કહ્યું: આ કબાટ પર છાપાંની થપ્પી મૂકી છે તે તને પાડી આપું છું. તેની તું કાતર વડે કાપી કાપીને નાની કાપલી કર. પછી એને પાણીમાં નાખતી જા. ખૂબ કાપલી ભેગી થાય એટલે પાણીમાંની કાપલીને મા રોટલીનો લોટ બાંધે છે તેમ ગૂંદી નાખ. પછી આપણે એનું માથું બનાવીશું. હાથ બનાવીશું, પછી એને કપડાં પહેરાવીશું... કુસુમ તો ખુશ થઈ ગઈ. મેં જૂનાં છાપાંઓની થપ્પી પાડી આપી. કુસુમે તો કાતર ફેરવવા માંડી. એ કાતર મધ્યપૂર્વના દેશો પર ફરી, કાંઈ કેટલાય રાજદ્વારી પુરુષોનો એ કાતરે શિરચ્છેદ કર્યો, નાણાંપ્રધાનના અંદાજપત્રમાંના આંકડા પર પણ એ કાતરે કાપ મૂક્યો – એ બે નાના નાના હાથ અનેક ઐતિહાસિક ઘટનાઓ પર કાતર ફેરવતા ગયા, ને કાતર ફેરવતાં ફેરવતાં જાદુથી એમાંથી તૈયાર થનાર ઢીંગલીની કલ્પનાથી કુસુમની આંખો ચમકવા લાગી. આખરે એ અત્યન્ત ઉત્તેજિત થઈને બોલી: પપ્પા, એ ઢીંગલીનું નામ શું પાડીશું? હું કુસુમને ગમે એવું નામ શોધવા મંડ્યો, ત્યાં એ જ બોલી ઊઠી: પપ્પા, કહું? પદ્મિની! હું બોલી ઊઠ્યો: પદ્મિની? કુસુમે પૂછ્યું: કેમ? મારી બાળવાડીમાં પદ્મિની કરીને એક મારી બહેનપણી છે. એ મને બહુ ગમે છે. મેં કહ્યું: કુસુમ, એવી જ એક બીજી પદ્મિની હતી. બહુ સુંદર, પરી જેવી. રાજાની રાણી હતી. પણ રાજાના પર બીજા રાજાએ હુમલો કર્યો. કિલ્લાને ઘેરો ઘાલ્યો, આખરે પદ્મિની બિચારી બળી મરી. કુસુમ બોલી ઊઠી: કેમ પપ્પા?

મેં કહ્યું: દુશ્મનોના હાથમાં જવા કરતાં બળી મરવું સારું. કુસુમ મૂંઝાઈ. એણે પૂછ્યું: પપ્પા, દુશ્મન કોણ? દુશ્મન આપણને શું કરે? દુશ્મન બહુ ખરાબ હોય? હું મૂંઝાયો. મારાથી કશું બોલાયું નહીં એટલે એ બોલી: પપ્પા, તમે દુશ્મનથી બીઓ છો? બોલો ને, કેમ બોલતા નથી? પપ્પા, પપ્પા, દુશ્મન ક્યાં રહે? એનું ઘર કયાં? કુસુમ અજાણ્યા ભયના સંચારથી થરથરવા લાગી. મેં એને પાસે ખેંચી લીધી ને કહ્યું: કુસુમ તું બીકણ છે કે બહાદુર? કુસુમે તરત કહ્યું: બહાદુર. એટલે મેં કહ્યું: જે બહાદુર હોય તેને દુશ્મન કશું કરે નહીં. પછી એણે મને પૂછ્યું: પપ્પા, તમે બહાદુર નથી? તમે દુશ્મનથી બીઓ છો? પપ્પા, તમારો દુશ્મન ક્યાં છે? મેં કહ્યું: મારો દુશ્મન તો ઊભી પંૂછડીએ ભાગી ગયો છે. એ મારી પાસે આવે છે કે તરત હું તને બૂમ પાડું છું: કુસુમ! ને તારું નામ સાંભળતાંની સાથે જ એ ભાગી જાય છે. એટલે કુસુમ જરા મલકાઈ. પછી કહેવા લાગી: પપ્પા, મારે તમારા દુશ્મનને જોવો છે. એક દિવસ હું સંતાઈને એને જોઈ લઈશ. મેં કહ્યું: વારુ. ને કુસુમ ફરી છાપાં કાતરતી ગઈ ને પાણીમાં નાખતી ગઈ: ઇરાનમાં થયેલો ધરતીકમ્પ, બ્રહ્મપુત્રાનાં પૂર, અમેરિકાએ પાકિસ્તાનને કરેલી નાણાંમદદના આંકડા – બધું કતરાતું ગયું. પછી એ પાછી બોલી: તો પપ્પા, એનું કાંઈ નામ જ ન પાડીએ, ખરું ને? મેં કહ્યું: હા. કુસુમ કામમાં પડી, ઢીંગલી બનતી ગઈ, હું ‘ટાઇમ્સ’ વાંચતો ગયો, દુનિયા આગળ વધતી ગઈ, ક્યાંક સૈનિકો ઘવાયા. ભૂખમરાથી મરણ થયાં. ક્યાંક બંધ બંધાયા. બધાંમાંથી કુસુમની ઢીંગલીનાં અંગ ઘડાવા લાગ્યાં, કુસુમના નાના નાના હાથ એ ઘડવા ગયા, હું કલમ ઉપાડીને ઓફિસની ફાઇલમાં સહી કરતો ગયો. ચીબા નાકવાળો ગુરુવાર આગળ વધ્યો, નવી ઢીંગલીના અવતારથી એ ધન્ય ન થયો હોત તો કદાચ એનું નાક સાવ જ ન રહ્યું હોત એવો વિચાર આવતાં હું હસ્યો. એ જોઈને કુસુમે પૂછ્યું: પપ્પા, તમે કેમ હસ્યા? મેં કહ્યું: તું હસી એટલે. કુસુમ બોલી: જાવ જાવ, હું ક્યારે હસી છું? મેં કહ્યું: જો, આ હસતી નથી તો શું? ને કૃત્રિમ રોષથી બંધ કરેલા હોઠની પાળને તોડીને કુસુમનું હાસ્ય ખળખળ કરતું વહી ગયું. મેં કુસુમને ઊંચકીને કહ્યું: ઢીંગલી જડી ગઈ. એણે પૂછ્યું: ક્યાં છે? મેં એના ગાલમાં ચૂંટી ખણીને કહ્યું: આ રહી!

# રૌરવ

પત્નીએ કઠેરા પર ઝૂકીને કહ્યું: 'વહેલા...' પણ 'આવજો' શબ્દ એ બોલે તે પહેલાં અશ્વિને એને પત્નીના હોઠ પરથી ચૂમી લીધો, ને એ 'આવજો'માંના સ્નેહમય ઉત્સુકતાભર્યા નિમન્ત્રણની મધુરતાને એણે પોતાની રગેરગમાં પ્રસરવા દીધી.

ઓફિસમાં એણે હંમેશની જેમ પગ મૂક્યો, પણ પગ મૂકતાંની સાથે જ એના મનમાં કશુંક ખૂંચ્યું. એ વિશાળ મકાન, એમાં દુ:ખી માણસની ઊંઘમાં ફરી ફરી આંટા મારતા દુ:સ્વપ્નના જેવું 'લિફ્ટ', કશું બોલ્યાચાલ્યા, વિના આવજા કર્યે જતા, મૂગી કીડીના હાર જેવા, માણસો – આ બધું જોઈને એનો પગ સહેજ અચકાયો, પણ એના કારણનો વિચાર કરે તે પહેલાં તો એ અંદર દાખલ થઈ ચૂક્યો હતો. ત્યાં એકસરખો 'ટાઇપરાઇટર'નો અવાજ એને કાને પડ્યો. એ બધાંમાં એના હૃદયના ધબકારનો તાલ એને બસૂરો લાગ્યો, ને એ બદલ પોતે ગુનેગાર હોય તેમ પોતાને સ્થાને એ જવા વળ્યો. ત્યાં એની પાસેના પાટિર્શનનું 'ફ્લૅપ ડોર' ચપરાશીએ ખોલ્યું ને કશું બોલ્યા વિના, પણ સૂચક દષ્ટિએ, એની તરફ તાકી રહ્યો. આથી પોતાને સ્થાનેથી જ એ પાછો વળ્યો ને ચપરાશી તરફ ખુલાસો માગતી દષ્ટિએ જોઈ રહ્યો. પણ ચપરાશી કશું બોલ્યા વિના બારણું ખુલ્લું રાખીને ઊભો જ રહ્યો. આખરે એ બારણામાં થઈને અશ્વિને પાટિર્શનની બીજી બાજુની દુનિયામાં પ્રવેશ કર્યો. એ આખી દુનિયા જ જુદી હતી. એક મોટા ઓરડામાં એક છેડેથી તે બીજા છેડા સુધી એક સળંગ કાઉન્ટર હતું. એમાં વચ્ચે વચ્ચે હાથબારી હતી. કાઉન્ટરની પાછળની દુનિયા બહુ સ્પષ્ટ દેખાતી નહોતી. અંદર દાખલ થઈને એ સહેજ ખંચકાઈને ઊભો રહી ગયો. ત્યાં કાઉન્ટરમાંની એક બારી ખૂલી ને

એમાંથી એક હાથ બહાર આવ્યો. એના પંજા પરની નસો બધી ફૂલી આવેલી હતી, ને એની આંગળીઓ ગાંઠા ગાંઠાવાળી હતી. શરીર વિનાના આ એકલા હાથને જોઈને એને એક વિચિત્ર લાગણી થઈ – એ ભયની હતી કે જુગુપ્સાની તે એ નક્કી કરવા જતો હતો ત્યાં જ પેલો હાથ અસ્થિર બનીને સળવળ્યો ને કાઉન્ટરના પાટિયા સાથે પછડાઈને એણે અવાજ કર્યો. એ હાથ અધીરો બન્યો હતો, ને એ અધીરાઈમાં રોષની પણ માત્રા ભળી હતી. આથી વળી એ ગુનેગારની જેમ એ હાથ પાસે ગયો, ને ક્ષમાયાચના માટે એ હાથના માલિકની શોધ કરી, પણ કાઉન્ટર ઉપરની લાકડાની પટી ઊંચી હતી ને હાથબારી સાંકડી હતી. આ હાથ પાસેથી કેવી રીતે ક્ષમા યાચવી? ત્યાં એ હાથની આંગળીઓ આગળ વધી. ને એમાંથી એક કાપલી સરીને એની હથેળીમાં પડી, પેલી હાથબારી ફરી વસાઈ ગઈ. એણે પોતાના હાથમાંની કાપલી તરફ નજર કરી. એમાં માત્ર લખ્યું હતું: કાઉન્ટર નં. ૨૫. એ ફરી ફરી ૨૫ના આંકડાને તાકી રહ્યો, પણ પેલા ચપરાશી અને પેલા હાથની જેમ એ આંકડાના ચહેરા પર કશો ફેરફાર થયો નહીં. એ કાપલી હાથમાં લઈને એ ઘડીભર ત્યાં એમ ને એમ ઊભો જ રહી ગયો. આ દરમિયાન બે ચાર માણસો એને અથડાઈને ચાલ્યા ગયા. એમાંના કોઈને ઊભા રાખીને એ કશુંક પૂછવા વિચાર કરતો હતો, ત્યાં ઉપરના લાઉડસ્પીકરમાંથી ઘોઘરા અવાજે સૂચના અપાઈ: આવવા જવાના રસ્તા પરથી દૂર ખસો, કામમાં ખલેલ ન પાડો. ને વળી એ ગુનેગારની જેમ પેલા ૨૫ના આંકડાનું રહસ્ય શોધવાને આગળ વધ્યો. એ દરમિયાન આખો વખત ટાઇપરાઇટરના અવાજ એને કાને અથડાયા કર્યા – એને લાગ્યું કે આ જાણે જુદા જ પ્રાણીઓનો દેશ હતો, ને આ ટાઇપરાઇટરનો અવાજ તે એ પ્રાણીના શ્વાસોચ્છ્વાસનો અવાજ હતો. એ આગળ વધ્યે જતો હતો ત્યાં એના પગ નીચે કશું દબાતાં એકાએક ઘંટડી વાગી ને એની સામેની દીવાલ પર વીજળીનો એક મોટો લાલ દીવો એકદમ ઝળકવા લાગ્યો, એની સાથે જ થોડી થોડીવારે એક કર્કશ ઘંટડીનો અવાજ સંભળાવા લાગ્યો. શું કરવું તે એને સમજાયું નહીં, એણે મદદ માટે આજુબાજુ જોયું તો બધી હાથબારીઓ એક સાથે ખૂલી ગઈ હતી ને એમાંથી હાથોની એક લાંબી કતાર બહાર નીકળીને હાલતી હતી. આ વખતે એ ભયથી ધ્રૂજી ઊઠ્યો. એક સાથે હાલતી પેલી હાથોની કતાર જોઈને પૃથ્વીના આદિકાળના ભયંકર પ્રાણીઓ પૈકીનું કોઈ પ્રાણી એનાં વિશાળ જડબાંને ખોલીને એને કોળિયો બનાવી દેવાને એના તરફ ધીમેધીમે આવી રહ્યું હોય એવું એને લાગ્યું. એ આ ભયની સ્થિતિમાંથી મુક્ત થયો નહોતો ત્યાં પાછળથી એક

હાથે આવીને એના હાથને ખેંચ્યો, એને લાગ્યું કે એ પેલા વિકરાળ પ્રાણીનાં જડબાંમાં જ ફસાયો છેઃ એને અંધારાં આવ્યાં. એ પેલા હાથનો દોરવાયો ચાલવા લાગ્યો. આ સ્થિતિમાં એ ચાલ્યે જ ગયો, જાણે કેટલાંય જોજનો એણે વટાવી ન નાખ્યાં હોય! આખરે પેલા હાથે એના હાથને પકડમાંથી મુક્ત કર્યો. એ અટક્યો. થોડી વાર રહીને એણે આંખો ખોલી. જોયું તો પોતે એક નાના સરખા અત્યન્ત સાંકડા ઓરડામાં ઊભો હતો. અંદર બીજું કોઈ નહોતું. ઉપરની છત અત્યન્ત નીચી હતી; ને પ્રત્યેક પળે જાણે નીચે ને નીચે ધસી આવીને એને કચડી નાખતી ન હોય એવું લાગતું હતું. ઓરડાની બરાબર વચમાં એક નીચું ટેબલ હતું, એના પર મોટો કાળા રંગનો કાચ હતો, એક ખૂણામાં ભડક લાલ રંગની ગાદીવાળી એક ખુરશી હતી. દીવાલ ઉપર એક ઘડિયાળ હતું. એનું યન્ત્ર પારદર્શી કાચમાંથી દેખી શકાતું હતું. એની આ નગ્નતામાં કશુંક અશ્લીલ હતું. એ આ જોઈ રહ્યો હતો એ દરમિયાન જ દોઢનો ટકોરો પડ્યો. ટકોરાની કરામત વળી અજબ તરેહની હતી. ફ્રાન્સમાં દેહાન્તદણ્ડ આપવાને માટે ગિલોટિનની વ્યવસ્થા હતી. તેવું ગિલોટિન ઘડિયાળની અંદર ગોઠવ્યું હતું. એની નીચે માથાના આકારનો ધાતુનો ભાગ એક આંચકા સાથે ધસી આવતો ને તેની ઉપર ધારદાર છરાના આકારનો બીજો ધાતુનો ભાગ, એમ જ, આંચકા સાથે આવીને અથડાતો, ને ટકોરા પડતા. અશ્વિન ક્યાં સુધી એ ઘડિયાળ સામે જોઈ જ રહ્યો. એટલામાં એકાએક એક સાથે ઘણા પગોની ત્વરિત ગતિનો એકસામટો અવાજ એને કાને અથડાયો. એ પગોની ગતિમાં આગમાંથી બચવાને નાસી છૂટતા પગોમાં હોય છે તેવો ગભરાટ હતો. આ અવાજ પાંચેક મિનિટ સુધી એક સરખો ચાલુ રહ્યો. અશ્વિન એ અવાજ સાંભળતો જ બેઠો હતો. ત્યાં ઘડિયાળની નીચેની દીવાલમાંથી એક પાટિયું ખસ્યું, દીવાલની બીજી બાજુથી એક કાપલી સરીને આવી. એ કાપલી એણે લીધી ને વાંચ્યું: મુલાકાતનો સમય: બપોરના બે વાગ્યે ને એની નજર ઘડિયાળ તરફ ગઈ. હજુ વીસેક મિનિટ બાકી હતી. એણે ફરી ઓરડા તરફ નજર કરી. એને ક્યાંય બહાર નીકળવાનું કે અંદર દાખલ થવાનું બારણું દેખાયું નહીં. ટેબલ અને ખુરશી ઓરડીના આકારને એવે ખૂણે કાપતાં હતાં કે આંખને ત્રાસ થતો હતો. એણે એટલી નાની ઓરડીમાં આંટા મારવાનો પ્રયત્ન કર્યો. ત્યાં એક જગ્યાએ એકદમ નીચી થઈ ગયેલી છત સાથે એનું માથું ભટકાયું, ને એના માથામાંથી જાણે વિદ્યુતનો પ્રવાહ પસાર થઈ ગયો. એણે આંખોને સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો, પણ બધું એને ડોલતું લાગ્યું. એણે ટેબલ પરના ગ્લાસમાંથી પાણી પીધું, ને ખુરશી પર જઈને બેઠો.

ત્યાં છત ઉપરની દીવાલમાંથી કે કોણ જાણે ક્યાંથી અવાજ આવ્યો: એક ને પિસ્તાળીસ, મુલાકાત માટે પંદર મિનિટ બાકી. ને ફરી એની નજર ઘડિયાળ અને એની અંદરના ગિલોટિન પર પડી. ત્યાં ઘડિયાળની નીચેનું પાટિયું ફરી ખસ્યું ને એમાંથી એક કાગળ સરીને નીચે પડ્યો, એણે એ કાગળ ઉપાડીને જોયો. એની ઉપર મોટા લાલ અક્ષરે લખેલું હતું: 'બચાવનામું.' એની નીચે નાના નાના અક્ષરોનું કીડિયારું ઊભરાયું હતું. એની આંખો આગળ એ અક્ષરો ઊભરાતા જ ગયા, ઊભરાતા જ ગયા, ને જાણે એને ચટકા ભરવા લાગ્યા. એણે પાનું ફેરવ્યું ને છેક નીચેની બે લીટીઓ વાંચી: મારા ગુનાનો હું એકરાર કરું છું, ને એને માટેની શિક્ષા સહન કરવાને તત્પર છું. એ કાગળ એ પાછો ટેબલ પર મૂકી દેવા જતો હતો ત્યાં વળી પેલો અવાજ સંભળાયો: એક ને પંચાવન, અશ્વિન દેસાઈ, બચાવનામું તૈયાર રાખો. સમયનો ગાળો હવે બહુ સાંકડો થઈને જાણે એના ગળામાં ભેરવાયો હોય એવું એને લાગ્યું. એ પાંચ મિનિટના નાનકડા છિદ્રમાંથી બહાર સરી જવાને એણે હવે તરત જ પ્રયત્ન કરવો જોઈએ. એ ધૂંધવાયો. અપરાધ? શિક્ષા? શાનો અપરાધ? ત્યાં એક કર્કશ અવાજવાળી ઘંટડી વાગી, થોડે થોડે અન્તરે એ વાગતી જ રહી, તેની સાથે દીવાલમાંનો એક લાલ દીવો થોડે થોડે અન્તરે ઝબકવા લાગ્યો. ઘંટડીનો કર્કશ અવાજ અને દીવાનો લાલ ઝબકારો – એ બેના સાણસામાં એ જાણે ધીમેધીમે ઝલાતો ગયો, એનાથી હવે રહેવાયું નહીં. એણે દીવાલ પરના લાલ દીવાના પર મૂઠી ઉગામી ને એના ચૂરેચૂરા કરી નાખ્યા. ઓરડામાં અંધારું થઈ ગયું. પેલી ઘંટડીનો અવાજ બંધ થઈ ગયો. કેવળ ઘડિયાળનો ટક ટક અવાજ એ ઓરડામાં અન્ધકારને જાણે કોદાળીની જેમ ખોદતો ગયો, ને એના ખાડામાં એ દટાતો ગયો. એને લાગ્યું કે ગળાબૂડ દટાઈ ચૂક્યો હતો. આથી એણે ચીસ પાડી, ને મૂઠી વાળીને નાસવા જતાં ટેબલ સાથે અથડાઈને ઢળી પડ્યો; ને તરત જ પેલો અવાજ એને કંઈક કહેવા લાગ્યો, પણ એના શબ્દોને એ પારખી શક્યો નહીં. એક સરખા ભાર સાથે એકધારી ગતિથી એ અવાજ કાંઈક બોલ્યે જ ગયો, એનો ક્યારેય અન્ત આવશે નહીં એવું એને લાગ્યું. ને એ સ્થિતિમાં શૂન્યવત્ પડી રહ્યો. એમ ને એમ એ ક્યાં સુધી પડી રહ્યો તે એને સમજાયું નહીં. પછી એને લાગ્યું કે કોઈક એને દોરીને લઈ જઈ રહ્યું છે – નજીક નજીકની દીવાલવાળી સાંકડી પણ લાંબી પરસાળમાંથી એ જતો હતો, એ પરસાળનો છેડો દેખાતો નહોતો. વચ્ચે વચ્ચે વળાંક આવતા હતા, ને ત્યાં મોટા લાલ અક્ષરે આંકડા લખેલા હતા. એ ચાલ્યે ગયો, ચાલ્યે જ ગયો; ને વળી બધું ભુંસાઈ ગયું. પછી એણે

આંખો ખોલીને જોયું તો ઓફિસમાં એ પોતાના ટેબલ આગળ બેઠો હતો. આખી ઓફિસ ખાલી હતી. કેવળ વચમાંનો મોટો દીવો નીરવ પ્રકાશ ફેલાવી રહ્યો હતો. એ ઊઠ્યો ને દરવાજા આગળ આવ્યો. ચપરાશીએ બારણું ખોલ્યું. અશ્વિન ઘડીવાર ઊભો રહ્યો. એ દરવાજાની બહાર શું હશે તેની એની ખાતરી નહોતી. આથી એ ઘડીક ખંચકાયો. પછી હિંમત કરીને એ બહાર આવ્યો, પગથિયાં ઊતર્યો. કોટના ખિસ્સામાંના એના હાથની આંગળીને કશીક પરિચિત વસ્તુનો સ્પર્શ થયો. એ વસ્તુને એણે બહાર કાઢી. વિદાય આપતી પત્નીના અંબોડામાંથી ખરી ગયેલું એ ફૂલ હતું. એને હાથમાં રમાડતો રમાડતો એ ઘર તરફ વળ્યો. સાંજના પ્રકાશે એના મોઢા પર હાસ્ય છવાયું હોય એવી આભા ફેલાવી દીધી.

# ઉપેક્ષિતા

રવિવારે 'ઓવર ટાઇમ' કામ કર્યા બદલની પાંચ રૂપિયાની નોટને એ પોતાના ખિસ્સાની અંદર એની પાંચ આંગળીઓ વચ્ચે રમાડી રહ્યો હતો. એ નોટ એના મનના તરંગ પ્રમાણે જુદાજુદા આકાર ધારણ કર્યે જતી હતીઃ એની પત્નીની સાડી, એના વૃદ્ધ પિતાને માટેના ગરમ કોટનું કપડું, એની જર્જરિત માને માટેનું ગિરધરકૃત રામાયણ, એની બહેનને માટેનું સ્કર્ટનું કપડું, એના ભાઈને માટેનું કાંડાઘડિયાળ, એના નાના દીકરાને માટેનું રમકડું. એનું ખિસ્સું જાણે પેન્ડોરાની પેટી હતી. એની આંગળીઓ જાણે કલ્પવૃક્ષની શાખાઓ હતી. એ આંખે જોતો નહોતો છતાં આંગળીના સ્પર્શે ખિસ્સામાંના આ કામરૂપ વૈભવને માણી રહ્યો હતો. સાંજની ધૂસરતાના પટ પર એની મનોકામનાના અશ્વો પૂરપાટ દોડી રહ્યા હતા. ને મુખ પર આછા સ્મિતના મલકાટ સાથે, આંખમાં તરવરતી ઉલ્લાસની આભા સાથે, એ ઘર તરફ જઈ રહ્યો હતો.

ઘર પાસે આવીને એણે જોયું તો અંધારુ થયા છતાં ઘરમાં દીવા કર્યા નહોતા. ઘરમાંથી કોઈનોય અવાજ આવતો નહોતો. એ પગથિયાં ચઢતો હતો ત્યાં અંધારામાંથી અંધારાના પિણ્ડના જેવી એની મા એને રોકીને ઊભી રહી ગઈ. એ કશું બોલી નહિ. ઘરમાં વ્યાપેલી નિસ્તબ્ધતાનો ભંગ કરવાની એની હિંમત ચાલી નહિ. ખિસ્સામાંના કલ્પવૃક્ષની શાખાઓ શિથિલ થઈ ગઈ; એ શાખામાંથી માળો તૂટી પડતાં ઢગલો થઈને પંખીનાં ઊડવાનું નહિ શીખેલાં બચ્ચાં નીચે ફેંકાય તેમ પાંચ રૂપિયાની નોટ ડૂચો થઈને ખિસ્સાને એક ખૂણે પડી રહી. છતાં એના હાથને ખિસ્સામાંથી બહાર કાઢવાની એની હિંમત ચાલી નહિ. ઘડીભર એ પગથિયા પર ઊભો જ રહી ગયો. પછી માને લગભગ હડસેલી દઈને

એ પગથિયાં ચડી ગયો. માએ ફરી એને વારવાનો પ્રયત્ન કર્યો. ગંઠાયેલી નસવાળો માનો ચીમળાયલો હાથ ગીધના પંજાની જેમ એના ખભા પર ફરી આધાર શોધતો આવ્યો. એને ભયની ધ્રૂજારી આવી. ઘરના અન્ધકારમાંથી એક ચામાચીડિયું એને ઘસાઈને બહાર ઊડી ગયું.

એ અંદર ગયો. પરસાળને એક ખૂણે એનો નાનો ભાઈ બેઠો હતો, બીજે ખૂણે એના વૃદ્ધ પિતા મોં ફેરવીને બેઠા હતા. જેને બાળપણમાં લાડથી ગૂંગળાવી નાખતા હતા તે જ પુત્રને એના પિતા દૃષ્ટિ માંડીને જોવા પણ તૈયાર નહોતા, અન્ધકારમાં બે મરી ચૂકેલા વૃક્ષનાં ઠૂંઠાં જેવા બાપદીકરો બેઠા હતા. એ બે વચ્ચે મૌનના ઘોડાપૂર ઊછળતાં હતાં. એ ભડકીને દૂર ખસી ગયો. એક જ ડગલું આગળ ભરે તો કદાચ એ પણ આ મૌનના વમળમાં ખેંચાઈ જાય.

એનો નાનો ભાઈ – બાળપણનું એનું નિર્દોષ હાસ્ય, ચમકતી આંખો, કાલી કાલી બોલી, કોઈ એને ખોળામાંથી નીચે મૂકતું નહિ. આજે એમાંનું કશું નથી. આંખ નીચે કાળાં ચકામાં છે, આંખ ફિક્કી છે, ગાલની ચામડી બરછટ છે, વાળ અકાળે ધોળા થયેલા છે, હોઠ અતિશય સિગારેટ પીવાથી કાળા પડી ગયા છે, હાથમાં કુમાશ નથી, બોલે છે ત્યારે સૂકાં પાંદડાંના ખખડવાનો અવાજ આવે છે, એને જોતાં જ મન સન્તાપ પામે છે. એ ઘરમાં કશું બોલતો નથી, મનમાં આવે છે ત્યારે આવે છે ને જાય છે, એકાદ દિવસ કોઈ અજાણ્યો માણસ પૈસાની ઉઘરાણી કરતો આવી ચઢે છે, ને ત્યારે બધું સમજાય છે! હજુ તો દસ જ દિવસ થયા છે. એણે પોતે જ એ ભાઈને ઢોરમાર માર્યો હતો. હજુ એના હાથની આંગળી સૂઝેલી છે. પણ કાંઈ વળતું નથી. એનો પડછાયો પડતાંની સાથે જ જાણે બધું બદલાઈ જાય છે. બધાં એને ટાળે છે, ને છતાં એ, મારી મારીને કાઢી મૂકવા છતાં ફરી નફફટ બનીને અંદર પેસવાનો લાગ મળતાં ઘરમાં ભરાઈ જતા કૂતરાની જેમ, અંદર દાખલ થઈને સંતાઈ રહે છે. એક મા હજુ એને પંપાળે છે, એનો ખોળો હજુ એને આવકારે છે. પણ પિતા? એ તો સળગીને ભડકો થઈ જાય છે. બધાને ડારનાર એ પ્રતાપી વૃદ્ધથી લાચારી જીરવાતી નથી, હવે એ માળા ફેરવતા નથી, મન્દિરે જતા નથી. ભગવાનના ભારે ભક્ત હવે ભગવાનની સામે યુદ્ધ પોકારી બેઠા છે. એ બેની વચ્ચે અમળાતા મૌનથી એ દૂર સરી ગયો.

અંદરના ઓરડામાં અન્ધકાર વધારે ગાઢો હતો. પગ મૂકતાં જ એને કશાકની ઠોકર વાગી. એ ઊભો રહી ગયો. અન્ધકારની છાયા જેવી એની પત્ની દબાયેલો નિ:શ્વાસ નાખતી ઊભી થઈ. એણે પોતાની આંગળીઓને ફરી એકઠી કરી ને પેલી નોટને પકડવાનો પ્રયત્ન કર્યો. પત્ની થોડી વાર સુધી કશું બોલ્યા વિના ઊભી રહી. અંધારામાં એનું મોઢું દેખાતું નહોતું, આ ઘરમાં જાણે બધાં જીવતા છતાં કબરમાં દટાઈ ગયાં હતાં. બધાં હાલતાં ચાલતાં હતાં, પણ તે કબરની અંદરના કીડાની જેમ. ખૂણે ખૂણે દુ:ખની નાગણ કુંડાળું વળીને જાણે પડી હતી, અથડાતો કૂટાતો પવન કોઈક વાર ઘરમાં થઈને વાતો ત્યારે જાણે ચારે બાજુથી કોઈકનાં હીબકાં સંભળાતાં.

આ ઘરમાં એની કોડીલી વહુ આવીને કરમાઈ ગઈ છે. હવે ઝાઝું બોલતી નથી, ને બોલે છે તો હજુ બોલવા નહિ શીખેલા એના નાના દીકરા જોડે. એ અને એનો દીકરો બંને પોતાના આગવી દુનિયા રચીને જાણે બેઠાં છે. પણ અત્યારે દીકરો સૂઈ ગયો હતો. એ દુનિયાનું બારણું વસાઈ ગયું હતું. મૌન અને અન્ધકારના ઢાંકણ નીચે બધું ઢંકાઈ ગયું હતું. અન્ધકારના આચ્છાદન પાછળ ઢંકાઈ ગયેલી એની પત્નીને શોધવા એણે આંખને સ્થિર કરી, દૂર ખૂણામાં બેચાર ઉંદરો કશીક મસલત ચલાવી રહ્યા હતા. થોડી વાર પછી ઓરડાની હવા હાલી. એના પરથી અનુમાન કર્યું કે એની પત્ની અહીં જ ક્યાંક બાજુમાં હોવી જોઈએ. પોતે જે ઘરમાં ઊછરીને મોટો થયો છે તે ઘરમાં પોતાનાં માણસોની વચ્ચે, એ જાણે ભૂલો પડી ગયો! કોલસાની ખાણમાં માટી ધસી પડતાં ઉપર જવાનો રસ્તો બંધ થઈ જતાં જેવી રૂંધામણ થાય તેવી રૂંધામણ એને થવા લાગી. એ બીજી બાજુ વળ્યો. એક બાજુની બારીમાંથી આવતા પાતળા અન્ધકારમાં એણે જોયું તો એની બહેન ભોંય પર જ સૂઈ ગઈ હતી. અન્ધકારમાં આછા આભાસરૂપે જ દેખાતા એ આકારમાં એને એવી તો લાચારી દેખાઈ કે એની છાતીએ ડૂમો આવ્યો, કાલે સવારે એને હસાવવાની હામ ભીડી શકાશે?

એ આવા વિચારમાં સૂનમૂન થઈને ઊભો હતો ત્યાં એના દીકરાનો રડવાનો અવાજ સંભળાયો. એ શિશુના અવાજથી ઘરની અંદરનો અન્ધકાર હાલી ઊઠ્યો, અંદરના ઓરડામાં દીવો થયો. અન્ધકારની વચ્ચે થરકતો એ પ્રકાશનો લિસોટો લંબાઈને છેક બીજા ઓરડા સુધી પહોંચ્યો. મા બહારથી અંદર આવી, એણે પાણીનો લોટો ભર્યો, એ

લઈને બહાર પરસાળમાં ગઈ. એણે નાના દીકરાને ઊભો કર્યો. એને અંદર લઈ આવીને પાણી પાયું. ડોસા ઊઠ્યા. ઓટલા પર જઈને એમણે ગળું સાફ કર્યું. થોડી વાર શેરીના દીવાને અજવાળે ઊભા રહ્યા. શિયાળાની સાંજના ઠંડીનો ચમકારો એમને ધ્રૂજાવતો હતો કે પછી હૃદયના વલોવાટથી એ ધ્રૂજતા હતા તે કાંઈ સમજાયું નહિ.

એ અંદર ગયો ને પોતાના દીકરાને ઊંચકીને બહાર લાવ્યો. બાળક એની તોતડી બોલીમાં અર્થ વગરનું કશુંક બોલ્યે જ ગયું: ને એને થયું કે ઘરનાં બધાં જ માણસો જો આવી અર્થ વગરની ભાષા બોલતાં શીખી જાય તો કેવું સારું! પછી કશો ઝઘડો જ નહીં! ને કેમ જાણે એ પોતાના જ બાળક પાસેથી એ ભાષા શીખવા ઇચ્છતો હોય તેમ એની ભાષાને ધ્યાનથી સાંભળી રહ્યો.

એની મા અંદરના ઓરડામાં આવી. દેવની છબિ આગળ ઘીનો દીવો કર્યો, ને પછી હાથ જોડીને ક્યાં સુધી કશુંક અસ્પષ્ટ બોલતી ઊભી રહી. પછી એ રસોડામાં ગઈ. એની પત્ની પણ રસોડામાં, માની પાછળ પાછળ, ગઈ. ડોસા આવીને એના હાથમાંથી કીકાને લઈ ગયા. ઓટલે બેઠા બેઠા એ બંને જણ વાતે ચઢ્યા. ધીમે ધીમે નિસ્તબ્ધતાની વજ્રની કિલ્લેબંદી તૂટી. અવાજોની અવરજવર દબાયલે પગલે શરૂ થઈ.

એ પોતાના ઓરડામાં ગયો. કોટ ઉતારતાં ખિસ્સામાંથી પેલી પાંચ રૂપિયાની નોટ કાઢીને એણે એક ચોપડી નીચે દબાવીને મૂકી. એની પત્ની બેચાર વાર ઓરડામાં આવી ગઈ, પણ કશું બોલી નહિ. ખાવાને હજુ ઘણી વાર હતી. એ બાજુમાંની પેટીને અઢેલીને સહેજ બેઠો. એની આંખો ઘેરાવા લાગી; એ એક જુદી જ દુનિયામાં પ્રવેશ્યો: રોશનીથી ઝાકઝમાળ રાજમહેલ છે, ચારે બાજુ દર્પણોથી મઢેલી ભીંત છે, સુગંધી જળના ફુવારા ઊડે છે. પણ આજુબાજુ કોઈ નથી. સિંહાસન ખાલી છે, દરબારીઓનાં આસનો ખાલી છે. એ બધાના આવવાની રાહ જોતો ઊભો છે. સામે મોટો લીલા કિનખાબનો પડદો છે. એની ઉપર મોટે અક્ષરે પાંચનો આંકડો લખ્યો છે. એ આંકડા તરફ એની નજર મંડાય છે ને તરત જ એ આંકડો તોફાની દરિયામાં ડોલતી નાવડી બની જાય છે. પિતા, ભાઈ, બહેન, પત્ની, મા, દીકરો – બધાં એને બાઝી રહ્યાં છે, પણ પાણી – કાળાંભમ્મર પાણી ખૂબ ઊછળે છે. હોડી ડૂબું ડૂબું થાય છે. ત્યાં એ એકદમ 'બચાવો, બચાવો'ની ચીસ પાડીને સફાળો જાગી ઊઠે છે. જુએ છે તો એની બાજુમાં એના દીકરાએ ચોપડીનાં

ચારેક પાનાં તો ફાડી નાખ્યાં છે, ને એની નીચે દબાવેલી પાંચ રૂપિયાની નોટને હાથમાં લઈને ફાડી રહ્યો છે. એ નોટના ફાટવાના ચર્ર્ અવાજને સાંભળી રહ્યો.

# વસ્ત્રાહરણ

નમતા સૂરજનાં કિરણો પશ્ચિમ તરફની બારીમાંથી કિશોરીદેવીની આંખ પર પડવા માંડ્યાં. એણે આંખો ખોલી. ધાર્યા કરતાં વધારે વાર પોતે ઊંઘી રહી એવા ખ્યાલથી એ સફાળી બેઠી થવા ગઈ, પણ એનાં અસ્તવ્યસ્ત અંગ એકદમ એકઠાં થયાં નહીં; ને વળી થોડી વાર એને પડી રહેવાનું મન થયું. આમ ને આમ એ થોડી વાર પડી રહી, પણ પાંચના ટકોરા પડતાં જ એણે બેઠા થવાનો બીજો પ્રયત્ન કર્યો ને આખરે એ બેઠી થઈ. સાડા પાંચે તો રમણલાલ શેઠ આવી પહોંચશે. એના શરીરમાંથી હજુ આળસનો ભાર ઊતર્યો નહોતો. એ મોઢું ધોવા 'વૉશ બેસિન' તરફ વળી. એના આયનામાં પોતાનું મોઢું જોઈને એ સહેજ ઊભી રહી ગઈ. આગળ છડેચોક ધસી આવેલી છસાત ધોળા વાળની લટ, આંખનાં સૂઝેલાં પોપચાં, એક સમયની એની નાજુક કાયાની આજુબાજુ ખડકાયેલા ચરબીના લોચા....

'માજી, યે આપકે લિયે શેઠજીને ભેજા હૈ.'

'માજી' શબ્દની શૂળ એને વાગી, એના અવાજમાં રોષ આવી ગયો: 'રક્ખો વહાં.'

પછી એ ટોયલેટ ટેબલ તરફ વળી. આજુબાજુનાં પ્રસાધનની મદદથી એણે ચહેરાને આકર્ષક બનાવવાનો પ્રયત્ન આરંભ્યો. તીરની કમાન જેવી આંખની ભમર બની ગઈ. ડાબા ગાલ પર નાના તલનું કાળું ટપકું કર્યું. તલ પર સમરકન્દબુખારા ન્યોચ્છાવર કરવાની વાત કિશોરીદેવી કે રમણલાલ શેઠે કદાચ સાંભળી નહોતી. હોઠ પરની વાળની રુવાંટીને પાવડરના માફકસરના ઉપયોગથી ઢાંકી. હોઠને લિપસ્ટીકથી રંગ્યા. લબડી

પડેલા ગાલનો તો કશો ઉપાય નહોતો, શરીરને શણગારવાના શ્રમથી કંટાળીને એણે બહાર રસ્તા પર નજર કરી. લુંગી પહેરેલા કેટલાક મુસલમાન ખાટકીઓ તાજા જ હલાલ કરેલાં ઘેટાંબકરાંના માંસના લોચા લોહીનીતરતી કોથળીમાં ભરીને રસ્તા પર થઈને ચાલ્યા જતા હતા. એક બાજુ તાજાં ફૂલોની મઘમઘતી વેણી વેચનારો બેઠો હતો. એણે ઉપરથી બૂમ પાડીને વેણીવાળાને બોલાવ્યો ને વેણી લીધી. વળી ટોયલેટ ટેબલ આગળ આવીને માથામાંના ધોળા વાળને સિફતથી ઢાંકવા માંડ્યા. વેણી પહેરી. એના પ્રૌઢ શરીર પર મહાપ્રયત્ને આકર્ષક બનાવેલો ચહેરો એને પોતાને જ એવો તો જુગુપ્સાજનક લાગ્યો કે એ એને મોહક સાડીમાં લપેટીને ઢાંકવા માટે 'વોર્ડરોબ' તરફ વળી.

'વોર્ડરોબ'ના હેન્ગર પર રમણલાલ શેઠે આપેલી ઘણી સાડીઓ ઝૂલતી હતી. એમાંની ઘણી અર્ધપારદર્શક હતી. એમાંથી એણે આસમાની રંગની નાયલોનની સાડી લીધી, ને શરીર પર લપેટવા માંડી. એ સાડીએ પ્રૌઢ શરીરના કદરૂપાપણાને ઢાંકવામાં મદદ કરી નહીં. કમર આગળની ચરબીના લબડતા લોચાને કેવી રીતે સંભાળીને ઢાંકવા તેના વિચારમાં એ પડી, ને રોષમાં ને રોષમાં એ સાડી ઉતારીને મસળી નાખીને ફેંકી દીધી. સાડીના બન્ધનથી મુક્ત બનેલું શરીર એના ચાલવાની સાથે ચારે બાજુથી હાલી ઊઠ્યું. માંસના લોચાની શિથિલતા જોઈને એ અકળાઈ. પણ ઘડિયાળમાં સવાપાંચ તો થઈ ચૂક્યા હતા. એ ફરી 'વોર્ડરોબ' તરફ વળી. આ વખતે એણે સફેદ રંગની રેશમી મુલાયમ સાડી પસંદ કરી. માથામાં ધોળાં મોગરાનાં ફૂલની વેણી હતી. ગળામાં ધોળાં મોતીનો હાર હતો. એને લાગ્યું કે ધોળી સાડી જ ઠીક થઈ પડશે. શરીર તરફ ઝાઝી નજર કર્યા વિના એણે જલદી જલદી સાડી પહેરવા માંડી. ગાલ પરથી રતાશ અને લિપસ્ટીકની કાળાશ પડતી રતાશ આ ધોળા રંગની વચ્ચે વધારે ઉગ્ર બનીને ધ્યાન ખેંચવા લાગી. પણ એનો કોઈ ઉપાય નહોતો. વળી એ આયના આગળ આવીને ઊભી રહી. સામે જોતાં એને લાગ્યું કે શરીરને એણે વધારે પડતું ઢાંકી દીધું હતું. એણે ધીમે ધીમે જાળવીને થોડી થોડી જગ્યાએથી વસ્ત્રને અળગું કરવા માંડ્યું. વાંસાને લગભગ ખુલ્લો રાખતી ચોળી એણે પહેરી જોઈ, ને આયનામાં જોતાં રસ્તા પરથી જતા પેલા ખાટકીઓની માંસના લોચાથી ભરેલી થેલી એની આંખ સામે તરતરવા લાગી. પણ ચોળી નહીં પહેરે તો શું પહેરે? રેશમી સાડી રહીરહીને ખભા પરથી સરી પડતી હતી.

ત્યાં ડાયમન્ડ પીન લગાડે? પણ એય એને ગમ્યું નહીં. ધીમે ધીમે એણે હિંમત કરીને શરીરનો વધારે ને વધારે ભાગ ખુલ્લો કરવા માંડ્યો. સાંજના આછા પ્રકાશમાં એનું કદરૂપાપણું ઝાઝું ખૂંચતું નહોતું. પણ રાતના વીજળીના દીવાના નિષ્ઠુર પ્રકાશમાં ને રમણલાલ શેઠની તરસી નજર આગળ તો એ કદરૂપાપણું એટલું ઢંકાયેલું રહેશે નહીં. આ ખ્યાલથી એને પોતા પ્રત્યે રોષ પ્રકટ્યો. આ રોષ, અણગમો, થાક – આ બધાંએ એના ચહેરા પર જે કરચલી પાડી તેનાથી એ વધારે કદરૂપો બની ગયો. ત્યાં કમર આગળના દરાજના ચાઠા તરફ એની નજર પડી. એને પાવડરના લપેડાથી ઢાંક્યું. દાદર પર પગલાંનો અવાજ સંભળાતાં એ પોતાનાં લબડી પડતાં અંગોને સંભાળી લઈને બારણાં આગળ, કમરમાંથી શરીરને સહેજ વંકાવીને, બંને હાથ ઊંચા કરીને બારસાખે ટેકવીને લાંબા વખતથી રાહ જોતી હોય તેવા ભાવ સાથે ઊભી રહી ગઈ. ત્યાં બહાર રસ્તા પર કશુંક એકાએક પડી ગયાનો અવાજ થયો. રમણલાલ શેઠ આવીને સીધા જ, આ અવાજ સાંભળતાં, બાલ્કનીમાં ધસી ગયા. શેઠના આ ધસી જવાના વેગથી એ સહેજ હડસેલાઈ ગઈ. એના ખભા પરથી સાડી સરી પડી. તે એણે સરખી કરી નહીં, ને શેઠના આવવાની રાહ જોતી એ સોફાને એક છેડે બેસી પડી. પણ શેઠ તો અંદર આવ્યા નહીં, એટલે કુતૂહલથી એ પણ બાલ્કનીમાં ગઈ. જોયું તો યુવાન વયની એક મજૂરણ બાઈ મુશ્કેલીમાં આવી પડી હતી. પાતળી કાથાની દોરીથી બાંધેલા 'ડાલડા'ના ત્રીસેક ડબ્બા દોરી તૂટી જતાં નીચે પડીને રસ્તા પર વેરાઈ ગયા હતા. એ ડબ્બાને એકઠા કરીને હવે શું કરવું તેના વિચારમાં બાઈ સહેજ ઊભી રહી ગઈ હતી. એનું શરીર ઘાટીલું હતું. સાંજની રતાશ પડતી ઝાંયમાં રસાઈને એ વધારે મોહક લાગતું હતું, અંગેઅંગેમાં સ્વાસ્થ્યની ખુમારી હતી. રમણલાલ શેઠની નજર એના પર ચોંટી ગઈ હતી. ત્યાં એ બાઈએ ઓચિંતાનો પોતાની મુશ્કેલીનો નિકાલ લાવી નાખ્યો. જાણે કશું જ ન બન્યું હોય તેમ એણે સાવ સ્વાભાવિકતાથી પોતાના શરીર પરનું લૂગડું ખેંચી કાઢ્યું. એને જમીન પર પાથરીને એમાં બધા ડબ્બા ભરી લીધા ને એનું પોટકું બાંધીને માથે મૂકીને એણે ચાલવા માંડ્યું. શેઠના મોંઢામાંથી બીભત્સ સિસકાર નીકળી ગયો. કિશોરીદેવી રોષથી ધૂંઆફૂંઆ થતી અંદર આવીને પલંગ પર ફસડાઈ પડી. એણે પોતાના અંગ પરની સાડી ઉતારીને દૂર ફગાવી દીધી.

# થીગડું

પશ્ચિમમાં ક્ષિતિજ પર વાદળાં છવાયેલાં હતાં તેથી આથમવા આવેલા સૂરજની રતૂમડી આભા દેખાતી નહોતી; સહેજ વાદળ આછાં હતાં ત્યાંથી રતાશની નાની શી લકીર ઘડીભર દેખાઈ ન દેખાઈ ને છવાતા જતા અંધારામાં અલોપ થઈ ગઈ; જાણે કોઈ નાગણે બટકું ભરી અંધારના ઝેરની કોથળી ઠાલવી દીધી. એ ઠલવાયેલો અન્ધકાર પ્રભાશંકરને પણ ચારે બાજુથી ઘેરી વળ્યો.

પ્રભાશંકરે ગોખલામાંથી પાનની ચમચી લીધી. એ ખોલીને આંખો ઝીણી કરીને જોયું તો અંદર ચીમળાઈ ગયેલું અર્ધું જ પાન હતું. બે દિવસથી હસમુખને પાન લાવવાનું યાદ કરાવવા છતાં એ ભૂલી જ જતો હતો! પ્રભાશંકરે ખૂબ કાળજીથી અર્ધા પાનના બે ભાગ કર્યા, એમાંનો એક ભાગ સાચવીને ચમચીમાં મૂકી દીધો ને બીજા ટુકડા પર ચૂનોકાથો ચોપડવા લાગ્યા. પાન મોઢામાં મૂક્યું, સાથે તમાકુની ચપટી ભરીને મોઢામાં મૂકી.

બહાર શેરીના દીવાના પ્રકાશનો એક લિસોટો આગલા ઓરડામાં પડતો હતો તેને અજવાળે ખીંટીએ ભેરવેલો કોટ લઈને પહેર્યો, ટોપી માથે મૂકી. ઘૂંટડો પાણી પીને જ બહાર નીકળવાની એમને ટેવ હતી. પારવતી ડોશી જીવતાં હતાં ત્યાં સુધી તો બહાર જવાનો વખત થાય કે તરત પાણીનો પ્યાલો લઈને હાજર રહેતાં. એવી નાનીનાની ઘણી વસ્તુ આ છેલ્લા એક વરસથી એમને જાતે જ કરી લેવી પડતી.

પાણી માટે પ્રભાશંકર પાણિયારા પાસે ગયા ને ઘૂંટડો ગળે ઉતારીને પાછા વળતા

હતા ત્યાં એકાએક જાણે કોઈએ પાછળથી એમની કોટની બાંય ઝાલીને એમને રોક્યા. એમનાથી એકાએક પુછાઈ ગયું: શું છે, હસમુખની મા?

નિસ્તબ્ધ અન્ધકારમાં એ પ્રશ્ન રઝળતો થઈ ગયો. પ્રભાશંકર આંખ ઝીણી કરીને અન્ધકારમાં તાકી રહ્યા. તપખીરનો સડાકો લઈને, સહેજ ખોંખારો ખાઈને, ‘મકુ જે’ કહીને, પારવતી ડોશીને વાત કરવાની ટેવ હતી. મોટા દીકરા મણિશંકરના મૃત્યુ પછી પ્રભાશંકર ઘણી વાર અન્યમનસ્ક બની જતા. ત્યારે ઘણુંખરું એમની બાંય ખેંચીને બોલાવવાની પારવતી ડોશીને ટેવ પડી ગઈ હતી. પ્રભાશંકરને યાદ આવ્યું: પરણ્યાને બેએક વરસ થયાં હશે. ત્યારે તો એમનાં ડોસાડોસી ઘરમાં હતાં. જમીને પ્રભાશંકર નોકરીએ જવાની તૈયારીમાં જ હતા. એમની ટેવ મુજબ ઘૂંટડો પાણી પીને રસોડાની બહાર નીકળવા જતા હતા ત્યાં આમ જ કોટની બાંય ખેંચીને એમને ઊભા રાખીને પારવતીએ પોતે માતા થવાની છે તેના શુભ સમાચાર આપ્યા હતા. સંયુક્ત કુટુમ્બમાં મર્યાદા જાળવીને રહેવાનું, બે ઘડી એકાન્ત મેળવીને એકબે શબ્દ બોલવાનું પણ ભાગ્યે જ બનતું, રાતે માબાપને ભાગવત સંભળાવીને પ્રભાશંકર સૂવા જાય ત્યારે પારવતી પથારીને એક ખૂણે, આખા દિવસના કામથી થાકેલી, ઊંઘે ઘેરાતી આંખે, માંડ જાગતી બેઠી હોય. આમેય તે પ્રભાશંકર ચાર શબ્દ બોલવાના હોય ત્યાં એક જ બોલીને કામ ચલાવી લે એવા માણસ.

મરણ આવ્યું તે દિવસે પારવતીએ પણ આમ જ હાથ પકડીને રોકતાં કહેલું: આજે ન જાઓ તો ન ચાલે? પણ પછી તરત જ, પ્રભાશંકર નિત્યનિયમમાં કશો ભંગ પડે તે સાંખી લેતા નહિ તે જાણીને, વાત બદલી નાખીને કહેલું: ના ના, એ તો મને અમથું જ જરા મનમાં એમ થયું ... લો, એક ઘૂંટડો પાણી પીને પછી જાઓ.

આથી, બારણાના આગળામાં કોણી આગળથી ફાટેલો કોટ ભેરવાતાં, ઊભા રહી જઈને એકદમ એમનાથી પુછાઈ ગયું: શું છે હસમુખની મા? પણ પેલો તપખીરનો સડાકો ને ‘મકુ જે’નો ટહુકો સંભળાયા નહિ એટલે પ્રભાશંકર એકલા જ બોલવા લાગ્યા: શું છે? કોટ ફાટ્યો છે એમ કહેવું છે ને? તે શું થીગડું મારું? પણ સોયદોરો ક્યાં છે?

પછી થોડી વાર અકળાતા હાથ મસળતા પ્રભાશંકર એમ ને એમ ઊભા જ રહી ગયા.

પછી જાણે પારવતીનો નાખુશ થયેલો ચહેરો જોયો હોય તેમ બોલ્યા: પણ તું જ કહે ને, હું શું કરું? વહુને મારાથી વારે વારે કહેવાતું નથી. વારુ, થીગડું મારું છું, પછી છે કાંઈ? 'થીગડું' શબ્દ ચારેક વાર ફરી ફરીને બોલ્યા, ને એમને વળી યાદ આવ્યું: એક સાથે ત્રણચાર વરસ નબળાં ગયાં, ઘરખોરડાં આગમાં બળી ગયાં, જમીન તો તસુ સરખીય હતી નહીં. બાપ ઘામોટું કરતા. બહેનોને પરણાવવાની. આથી પંદર વરસની વયથી જ પ્રભાશંકર એક વેપારીની દુકાને તમાકુનાં પડીકાં વાળવા બેસી ગયા. વર્નાક્યુલર ફાઇનલ તો પાસ કરેલી, એટલે પાંચેક વરસ રાહ જોયા પછી આખરે બહુ દૂરના અજાણ્યા ગામમાં પંદર રૂપિયાની, પ્રાથમિક શાળાના શિક્ષકની, નોકરી મળી ગઈ. ઘરખરચ, બહેનોનાં લગ્ન – આ બધું ઉપાડતાં પાંત્રીસ તો થઈ ગયાં. આખરે પ્રભાશંકરને પરણવાની અનુકૂળતા થઈ. પરણ્યા પછી આણું કરવા સાસરે ગયા ત્યારે પારવતી જોડે જે વાત થઈ તે એમને યાદ આવી. એમણે કહેલું: મારી તો ઉંમર મોટી થઈ, સંસારનો ઢસરડો કરતાં મારો રસ તો બધો સુકાઈ ગયો. તને મારી જોડે ફાવશે?

પારવતીએ એની સખીએ શીખવેલો જવાબ આપ્યો હતો: તમે જ મારે મન બધું છો, પછી મારે બીજા કશાંની શી જરૂર?

પ્રભાશંકરે ઉમેરેલું: પણ અમારા ઘરમાં તો એક સાંધીએ ત્યાં તેર તૂટે એવો ઘાટ છે. સંસાર ભોગવવા કરતાં થીગડાં મારવાનું જ કામ તારે કરવું પડશે!

પારવતીએ ઊલટભેર કહેલું: વારુ, તમે કહેશો તેટલાં થીગડાં મારી આપીશ. થીગડાં મારતાં હું નહિ થાકું.

પણ આજે એ ક્યાં છે? એય આખરે થાકી જ ને!

દેવ આગળ દીવો કરવા ને ફાનસ સળગાવવા પ્રભાશંકરે દીવાસળી શોધી, પણ જડી નહીં, પણ દીવાસળી શોધતાં એક દાબડામાંથી સોયદોરો જડ્યાં. એ લઈને પ્રભાશંકર ઓટલે ગયા. શેરીના દીવાને અજવાળે એમણે કેટલં◌ુ થીગડું મારવું પડશે તેનો અંદાજ કાઢી લીધો. પોતાની બેસવાની ગાદી નીચે સંઘરેલાં ગાભાચીંથરાંમાંથી માપસરનો એક ટુકડો કાઢ્યો. એનો રંગ કોટના રંગને મળતો નહોતો આવતો. પણ એવું કપડું ક્યાંથી

લાવવું? આ કોટનેય હસમુખ જેટલાં વરસ થયાં. મિલિટરીના સસ્તે ભાવે કાઢી નાખેલાં કપડાંમાંથી મણિશંકર એ લઈ આવેલો.

દીવાને અજવાળે પ્રભાશંકરે, આંખ ઠેરવીને, સોયમાં દોરો પરોવવાનો પ્રયત્ન કર્યો. દોરીને થૂંકથી ભીની કરીને છેડે વળ ચઢાવ્યો, ઘણા પ્રયત્નો કર્યા પણ સોયનું નાકું દેખાય તો ને!

એટલામાં શેરીના દીવા આગળ રમતા એક કિશોરની એ તરફ નજર ગઈ. થોડી વાર સુધી તો એણે પ્રભાશંકરના નિષ્ફળ પ્રયત્નોને કુતૂહલથી જોયા કર્યા. પછી એ પાસે આવીને બેઠો અને ભીંતના પોપડા ઊખેડતો પ્રભાશંકરના પ્રયત્નોને જોઈ રહ્યો.

પ્રભાશંકરનું એના તરફ ધ્યાન ગયું એટલે એમણે કહ્યું: ‘કોણ છો બેટા? દયાશંકરનો મનુ કે?’ પેલા કિશોરે કહ્યું: ‘હા, દાદા.’

કિશોરના માનવાચક સમ્બોધનથી પ્રોત્સાહન પામીને પ્રભાશંકરે કહ્યું: ‘ભાઈ, મને જરા આ સોયમાં દોરો પરોવી આપ ને!’

મનુએ કહ્યું: ‘દાદા, એક શરત. તમારે વાર્તા કહેવી પડશે.’

પ્રભાશંકર હસીને બોલ્યા: ‘વાતો તો તારાં દાદીને કહેતાં આવડતી, હું તો ...’

એમને વચ્ચેથી જ અટકાવીને મનુ બોલ્યો: ‘ના દાદા, એમ બહાનું કાઢો તે નહિ ચાલે, દાદીએ તમને તો ઘણી બધી વાતો સંભળાવી હશે. એમાંથી એક તો કહો.’

પ્રભાશંકર હાર્યા. એમણે કહ્યું: વારુ, તું દોરો પરોવી આપ, એટલે વાર્તા કહું.

મનુએ ઝટ દોરો પરોવી આપ્યો. પ્રભાશંકરે પેલા કપડાનો ટુકડો જોડીને જેવા સૂઝે તેવા બખિયા ભરવા માંડ્યા. મનુ પાસે સરીને કુતૂહલથી વિસ્ફારિત નેત્રે એમની પાસે બેઠો.

પ્રભાશંકરે વાર્તા શરૂ કરી: ઘણાં ઘણાં વરસ પહેલાંની વાત છે...

મનુએ પૂછ્યું: ' કેટલાં? સો, બસો...'

પ્રભાશંકરે કહ્યું: 'ના, હજારેક વરસ પહેલાંની વાત છે. ત્યારે એક રાજા હતો. એને એક રાજકુમાર. એનું નામ ચિરાયુ. બાળપણથી જ એ ભારે ફૂટડો. જે એને જુએ તે એના પર વારી જાય. એ મોટો થતો ગયો તેમ વધારે ને વધારે દેખાવડો થતો ગયો. એને જોઈજોઈને રાજા અને રાણીની આંખમાંથી આંસુ વહી જાય ...

મનુએ પૂછ્યું: ' એ તે કેવી નવાઈની વાત? આવા રૂપાળા કુંવરને જોઈને ખુશ થવાને બદલે રાજારાણી આંસુ પાડે!'

પ્રભાશંકરે કહ્યું: 'હા ભાઈ, એ આવો રૂપાળો હતો તેથી જ એને જોઈને રાજારાણીને એમ થાય કે આવી કંચન સરખી કાયા એક દિવસ તો કરમાઈ જ જશે ને! આથી એમને દુ:ખ થાય ને આંસુ આવે...'

મનુએ હોંકારો પૂરતા કહ્યું: 'હં, પછી?'

પ્રભાશકરે વાત આગળ ચલાવી: 'આમ મહિના વીતતા જાય છે, વરસ વીતતાં જાય છે. રાજકુમાર સોળ વરસનો થયો. વરસગાંઠ આખા રાજમાં ધામધૂમથી ઉજવાઈ. એ જ વખતે રાજાને કાને વાત પહોંચી કે રાજધાનીમાં કોઈ મોટા ચમત્કારી સિદ્ધ પુરુષ આવ્યા છે. નગરની બહાર, મોટા વડની છાયામાં, એઓ ધૂણી ધખાવીને બેઠા હતા. રાજા અને રાણી તો એમની પાસે ગયાં. સોનાના થાળમાં ફળ ધરીને કહ્યું: 'મહારાજ, અમારી એક ઇચ્છા પૂરી કરશો?'

સિદ્ધ પુરુષે પૂછ્યું: 'શી ઇચ્છા છે, બોલો?'

રાણી બોલી: 'અમારો એકનો એક રાજકુમાર સદા છે તેવો ને તેવો ફૂટડો ને જુવાન રહે એવી અમારી ઇચ્છા છે.'

સિદ્ધ પુરુષે કહ્યું: 'વારુ, એક વાર બરાબર વિચાર કરી લો.'

રાજાએ કહ્યું: 'મહારાજ, અમે તો રાતદિવસ આ જ વાતનું રટણ કરીએ છીએ. અમારે હવે ઝાઝો વિચાર કરવાનો છે જ નહિ.'

સિદ્ધ પુરુષે કહ્યું: 'વારુ, હું એને માટે એક ચમત્કારી રેશમી વસ્ત્ર આપું છું. તે એણે શરીરથી કદી અળગું નહિ કરવું. એ વસ્ત્ર જ્યાં સુધી એના અંગ પર રહેશે ત્યાં સુધી કાળની એના પર કશી અસર થશે નહિ. એની કાયા સહેજ પણ કરમાશે નહિ.'

રાજા અને રાણી આ સાંભળીને હરખથી ઘેલાં ઘેલાં થઈ ગયાં. એમણે લળીને સિદ્ધ પુરુષની ચરણરજ માથે ચઢાવી.

સિદ્ધ પુરુષે પછી કહ્યું: 'પણ એક વાત છે. જો તમારા બેમાંથી કોઈને એને વિશે સહેજ સરખો પણ ખરાબ વિચાર આવશે તો એ વસ્ત્રમાં કાણું પડશે. પછી એ મોટું ને મોટું થતું જશે.'

આ સાંભળીને રાજા અને રાણીનાં મોઢાં પર ચિન્તાની છાયા પથરાઈ ગઈ. પછી રાજા બોલ્યા: ' અમારા વહાલા દીકરાને માટે અમારા મનમાં ખરાબ વિચાર તો નહિ જ આવે, પણ ન કરે નારાયણ –'

રાણીએ વાત ઉપાડી લઈને કહ્યું: 'હા, એવું કશું બને તો એ વસ્ત્ર સાંધી નહિ શકાય?'

સિદ્ધ પુરુષે કહ્યું: 'સાંધી તો શકાશે, પણ તે ભારે વિકટ કામ છે.'

રાજારાણી એકીસાથે પૂછી ઊઠ્યાં: 'કેમ?'

સિદ્ધ પુરુષ બોલ્યા: ' એ સાંધવાને જેટલા ટાંકા ભરવા પડે તેટલાં વરસ કોઈ આપી દેવા તૈયાર થાય તો તે એને સાંધી શકે. પણ એમાં વળી એક બીજી શરત છે. એ બધાં વરસો આપનારે એ વરસો દરમિયાન કશું પાપ ન કર્યું હોવું જોઈએ. એ વરસો કશાય કલંક વગરનાં હોવાં જોઈએ.'

આ સાંભળીને રાજારાણી ઘડીભર તો વિચારમાં પડી ગયા. પણ પછી તરત કહ્યું: 'ભલે મહારાજ, અમને બધી શરત મંજૂર છે.'

સિદ્ધ પુરુષે કહ્યું: ‘હજુ એક વાર વિચાર કરી લો. જો એના વસ્ત્રમાં છિદ્ર પડશે તો એકસાથે બધાં વીતેલાં વરસોની અસર એની કાયા પર થશે; અને જ્યાં સુધી એને સાંધી નહિ લેવાય ત્યાં સુધી એ ધીમે ધીમે ગળાતો જ જશે. પણ જ્યાં સુધી એ વસ્ત્ર એના શરીર પર હશે ત્યાં સુધી એ મરશે નહીં.’

રાજારાણીને હવે કશું સાંભળવું જ નથી, એમણે તો આતુરતાપૂર્વક એ રેશમી વસ્ત્ર માંગ્યું . સિદ્ધ પુરુષે એ વસ્ત્ર એની બરાબર મધ્યમાં સ્વસ્તિક દોરીને આપ્યું. પછી રાજારાણી તો રાજમહેલમાં આવ્યાં. મોટો દરબાર ભર્યો. એ દરબારમાં ભારે દમામથી રાજપુરોહિતોને હાથે રાજકુમારને એ રેશમી વસ્ત્ર પહેરાવવાનો વિધિ થયો.

મનુએ પૂછયું: ‘પછી?’

પ્રભાશંકર બખિયા ભરતા ભરતા બોલ્યા: ‘પછી તો વરસ પછી વરસ વીતતાં જાય છે, રાજા વૃદ્ધ થયા, રાણી વૃદ્ધ થયાં, પણ ચિરાયુ તો એવો ને એવો ફૂટડો સોળ વરસનો રાજકુમાર જ રહ્યો. ચિરાયુ તો ભારે મોજશોખમાં પડી ગયો. એક રાજકુંવરીને પરણે, ને એ મોટી ઉંમરની થાય એટલે એને છોડી દે ને બીજી રાજકુંવરીને પરણે. આનો કાંઈ પાર જ ન રહ્યો. એક દિવસ રાજા અને રાણી ઝરૂખામાં બેઠાં હતાં. ત્યાં પાસેથી કોઈનું હૈયાફાટ રડવું સંભળાયું. એમણે જોયું તો રાજકુમારે તરછોડેલી રાણી જ રડતી હતી. રાજા એને સમજાવીને છાની રાખવા ગયા ત્યાં એ જીભ કરડીને મરી ગઈ. રાજારાણી આથી બહુ ઉદાસ થઈ ગયાં. આથી એમનાથી બોલાઈ ગયું: ‘આના કરતાં તો જુવાની નહિ હોય તે સારું.’ ને તરત જ પેલા સિદ્ધ પુરુષના કહેવા પ્રમાણે થયું. ચિરાયુના રેશમી વસ્ત્રમાં કાણું પડ્યું, ને કાણું પડતાંની સાથે જ રાજકુમાર એકાએક ફેરવાઈ ગયો. એના શરીર પરની ચામડી ઝૂલી પડી, અને શરીરે પરુ દૂઝતાં ઘારાં ઊભરાઈ ઊઠ્યાં. એને જોઈને લોકો મોં ફેરવી લઈને નાસવા લાગ્યાં. ચિરાયુ તો પડતોઆથડતો રાજારાણી પાસે આવ્યો ને કરગરી પડ્યો: ‘મને બચાવો, મને બચાવો.’

રાણીની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. એણે એને ખોળે લીધો ને ફાટેલા રેશમી વસ્ત્રને થીગડું દેવા બેઠી. એ બખિયા ભરે, પણ વસ્ત્ર તો સંધાય જ નહિ. પછી રાજાએ

સાંધવાનો પ્રયત્ન કર્યો, પણ વસ્ત્ર સંધાય જ નહિ. રાજારાણી પાપમુક્ત થોડા જ હતાં! પછી તો રાજાના દરબારીઓએ પ્રયત્ન કર્યો, પણ ફોકટ!

આમ દિવસે દિવસે કાણું તો મોટું થતું ચાલ્યું. એને સાંધવા જેટલાં કલંક વગરનાં વરસ કોની પાસે હોય? રાજા અને રાણી તો કુંવરની આ દશા જોઈ ને મરણશરણ થયાં. પછી ચિરાયુ તો નીકળી પડ્યો…

મનુએ પૂછ્યું: 'પણ એણે એ વસ્ત્ર ઉતારીને ફેંકી કેમ ન દીધું?'

પ્રભાશંકર બોલ્યા: 'એને મનમાં એવો લોભ ખરો ને કે કદાચ કોઈ સાંધનાર મળી જાય તો જુવાની પાછી મળી જાય. લોકો કહે છે કે કોઈક વાર રાતના અંધારામાં લથડતે પગલે કોઈ સાવ ખખડી ગયેલો ડોસો ચીંથરેહાલ દશામાં આવીને આંગણે ઊભો રહે ને બોલે છે: થીગડં◌ુ મારી આપશો. પછી સહેજ રાહ જોઈને ઊભો રહે છે. જવાબ ન મળતાં આખરે ચાલ્યો જાય છે.'

મનુ વિચારમાં પડી ગયો. થોડી વાર સુધી એ કશું બોલ્યો નહિ. પછી કશોક વિચાર આવતાં એની આંખ ચમકી ઊઠી ને એ બોલી ઊઠ્યો: 'દાદા, તમે તો મોડે સુધી જાગતા ઓટલે બેસી રહો છો. તમને જો એ કોઈ વાર દેખાય તો મને બોલાવજો. આપણે બે મળીને એનું રેશમી વસ્ત્ર ઉતારીને ફેંકી દઈશું. પછી એને રખડવાનું તો મટશે, ખરું ને?'

પ્રભાશંકરે કહ્યું: 'હા.'

મનુ સન્તોષ પામીને ઊભો થઈ ચાલ્યો ગયો. એના તરફ જોઈ રહેલા પ્રભાશંકરે ઘડીભર સ્થિર થઈને બેસી જ રહ્યા. પછી બખિયો ભરતાં સોય આંગળીના ટેરવામાં ખૂંપી ગઈ, એટલે સોયદોરો કાઢી લઈને ઊભા થયા ને ઘરની અંદરના અન્ધકારમાં અલોપ થઈ ગયા.

—

મારો જે સાચો ભાવક છે તે તો કૃતિમાં મેં જે કર્યું તેને સૂક્ષ્મતાથી પામી શકશે, એ જો ન પામી શકે તો એની દયા ખાઈને એ સૂક્ષ્મતાને કાઢી નાખું અને એની કક્ષાએ નીચો ઊતરીને લોકપ્રિય થવા મથું તો મને લાગે છે કે હું બન્નેને અન્યાય કરું છું. એ રીતે મારી પ્રજા કોઈ દિવસ સંસ્કારિતાની દિશામાં આગળ વધવાની નથી. લોકપ્રિયતા, સમાજાભિમુખતા કે વાચકાભિમુખતા જેવા પ્રશ્નો મારી દષ્ટિએ તો અપ્રસ્તુત છે. નહિ તો ભવભૂતિને કેમ કહેવું પડત કે કાલોઅયં નિરવધિ વિપુલા ચ પૃથિવી? હું શા માટે એવો આગ્રહ રાખું કે મારો જમાનો મને તરત જ ઓળખે. પાંચ વરસમાં જ મારો પ્રભાવ એવો પડે કે બધા મને તરત ખભે બેસાડી દે, ચન્દ્રકો મળી જાય, મારી કૃતિઓ પાઠ્યપુસ્તક તરીકે આવી જાય.

**સુરેશ જોષી**